
પૂજ્ય પંન્યાસજી મહારાજના


# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥ ૪૯ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય


ॐ પંચપરમેષ્ઠિ વાચક
અર્હં પ્રધાન પરમેષ્ઠિ વાચક
નમઃ સમાપત્તિ વાચક

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# ધ્યાન એટલે શું ?

સઘળી ઇંદ્રિયોને મધ્ય આદિ સ્થાનોમાં કેન્દ્રિત કરીને પછી જે ચિન્તન થાય, તેને 'ધ્યાન' કહે છે.


## ૪ પ્રકારે ધ્યાનનું સ્વરૂપ

(૧) પિંડસ્થ: પિંડમાં રહેલા આત્માનું ચિંતવન.

(૨) પદસ્થ: નમસ્કારમંત્ર આદિનું જે ધ્યાન છે, તે.

(3) રૂપસ્થ: સર્વ ચિદ્રૂપ - સકલ પરમાત્મા અરિહંતનું ધ્યાન.

(૪) રૂપાતીત: નિરંજન સિદ્ધ ભગવાનનું ધ્યાન.



## પિંડસ્થ ધ્યાનની ૫ ધારણા

(૧) પાર્થિવી
(૨) આગ્નેયી
(3) વાયવી
(૪) વારુણી
(૫) તત્ત્વભૂ

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૪૯ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.


## ☐ VOLUME - 49

October 2021
300 Copies / 224 Pages
For Private Circulation only.

## ☐ PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




જમવામાં ક્યારેક વિશિષ્ટ-સ્વાદિષ્ટ વસ્તુ આવી જાય, એટલે મનને આહ્લાદ આવેઃ 'વાહ, શું વાનગી છે!' પણ તે તો પુદ્ગલ હોવાથી ફક્ત શરીરને આનંદ આપે છે, આત્માને નહીં. જ્યારે કોઈ સદ્સાહિત્યમાં વિશિષ્ટ ચિંતન આવે, ત્યારે મનને આનંદ આવે કેઃ 'વાહ, શું ચિંતન છે!' તે આનંદ આત્મિક ગુણરૂપ પણ થાય. હમણાં કેટલાંય પૂજ્યોનાં હાથમાં 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' આવતાં એક-એક ચિંતન વંચાતું જાય અને અખૂટ આનંદના ભાવોથી આત્મા હિલ્લોળાં લેવા લાગે, ત્યારે એમની આંતરભાવપૂર્વકના ઉદ્ગારોની અભિવ્યક્તિ વાંચતા રોમાંચિત થઈ જવાય છે.

એક સાધક મહાત્માના પત્રમાં આલેખાયેલા એવા જ ભાવો તેમના શબ્દોમાં જોઈએઃ

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' હાથ-આંખોમાંથી પસાર થઈ જ્યારે અંતરને સ્પર્શે છે, ત્યારે અલૌકિક અર્થસંન્નિધિ અનુભવાય છે. શાસ્ત્રો અને અનુભવના આ મહાસાગરમાં ડૂબ્યા પછી બહાર નીકળવાનું ગમતું નથી. એમનાં શબ્દોના નાદ - અર્થનો ધ્વનિ હૃદયમાં સતત ગુંજ્યા કરે છે. અનુભવ સુધી પહોંચાય એવો તેમનો અનુગ્રહ પણ થશે તો ખરો ને? તેવી અપેક્ષા પણ રહે છે. અમારા જેવા પામર સાધુઓ, જેને પૂજ્યશ્રીનું સાંન્નિધ્ય-સાયુજ્ય સાધવાનું સૌભાગ્ય નથી સાંપડ્યું, એનો વસવસો આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' શ્રેણીરૂપ ગ્રંથગુરૂઓથી દૂર થઈ રહ્યો છે. આ ગ્રંથોના દરેક પાનાનાં એક - એક અક્ષરમાંથી વરસતું હિતામૃત અ-ક્ષય છે, છે અને છે જ. અધ્યાત્મ, ભક્તિ અને યોગની ત્રિવેણીનું શબ્દતીર્થ આજે શાસનને તથા ખાસ કરીને તો આ યુગના યુવાવર્ગ માટે પાઠ્યક્રમ-અભ્યાસક્રમ અને આત્માનંદરૂપ પુરવાર થશે.

પૂજ્ય પંન્યાસજી ભગવંતની ભાવનાઓ સકલ શ્રી સંઘમાં જીવંત થઈ અવિરતપણે વહેતી રહે, એમાં આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથો નિમિત્ત બનશે, એમાં કોઈ જ શંકા નથી. આ ગ્રંથો એક-બે નહીં કિન્તુ પૂરા પાંચ વર્ષ સુધી વાંચીએ, ત્યારે તો જીવનમાં કંઈક પ્રાપ્ત થશે! પ્રભુના પ્રસાદ અને ગુરૂકૃપા થકી આપને આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ને પાત્ર બનાવ્યા, તેનો પણ આનંદ છે.'

આવા અહોભાવથી ભરેલાં પત્રો વાંચતાં પૂજ્ય સાહેબજી માટે એ જ વિચાર આવે કેઃ આપે આપના માટે શાસ્ત્રોનો નીચોડ લાવી અદ્‌ભૂત આત્મચિંતન કર્યું અને એ જ પદાર્થો, ભાવો હવે અમારા જેવા હજારોને ય ઉપકારક બની રહેશે. ગુરૂમહારાજ આજે ય અક્ષરદેહે સાક્ષાત્ છે! આ ગ્રંથોમાં કયા વિષયની સ્પર્શના નથી? જીવનની ઊંડાઈ અને ઊંચાઈ, નિસ્બત અને નિરાસક્તિ, દાર્શનિકતા અને દક્ષતા, તેજસ્વીતા અને પ્રજ્વલિતતા. અરે... બધું જ પ્રાપ્ત થાય, તેવો મબલખ તત્ત્વખજાનો છે આ!

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની અવિરત ચાલતી શ્રેણીમાં ૪૯માં ભાગમાં પ્રવેશ કરી રહ્યા છીએ. હજી ૧૧ જેટલાં ભાગો પ્રકાશિત થશે. જેમ જેમ વાંચીએ છીએ, તેમ તેમ નવું નવું અમૃત ઝરતું અનુભવાય છે. આ અમૃતનું ઝરણું ઝીલવાનું જે સદ્‌ભાગ્ય મળ્યું છે, તે પણ અમારા ઉપર પૂજ્યશ્રીનો અમાપ - અકલ્પનીય - અગાધ ઉપકાર છે.

આ ગ્રંથશ્રેણીનાં આર્થિક સહયોગ માટે હૃદયથી અને ગુરૂભક્તિના ભાવપૂર્વક મુંબઈ-વડોદરાના સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**એ પ્રારંભથી જ જે ઉદાત્ત ભાવના વ્યકત કરી, તે અત્યંત સરાહનીય છે. સાથોસાથ અમારા નમસ્કાર મહામંત્રનાં ચિંતક-અનુપ્રેક્ષક-પરમ આરાધક એવા રાજકોટના સુશ્રાવક શશીકાંતભાઈના પુત્રવધૂ પરમ ગુરૂભક્તિમગ્ના સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** અને તેમનું ૩૦ જેટલાં પુણ્યાત્માઓનું - કમ્પ્યુટર વિશેષજ્ઞોનું જૂથ, જે આ કઠિન કાર્યને સરળતમ અને સુવાચ્ય બનાવીને આપણા સૌના હાથ, આંખ અને હૃદય સુધી પહોંચાડવામાં નિમિત્ત બન્યાં છે... બની રહ્યા છે, તેનો પણ આનંદ છે.

ઑક્ટોબર, ૨૦૨૧

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





કલમરાલવિહઙ્ગમવાહના, સિતદુકૂલવિભૂષણલેપના ।
પ્રણતભૂમિરુહામૃતસારિણી, પ્રવરદેહવિભાભરધારિણી ॥
અમૃતપૂર્ણકમણ્ડલુહારિણી, ત્રિદશદાનવમાનવસેવિતા ।
ભગવતી પરમૈવ સરસ્વતી, મમ પુનાતુ સદા નયનામ્બુજમ્ ॥

# શ્રી નવકાર મહામંત્રનો અદ્ભુત મહિમા

માનવભવમાં એક નવકાર મંત્ર પણ જેને મળ્યો છે,
તેના ભાગ્યને કોણ પહોંચે? કેમકે તે સર્વ મંત્રોમાં
મુકુટમણિ સમાન છે. સર્વ કામનાઓને પૂર્ણ કરવા માટે
અચિન્ત્ય ચિન્તામણિ, અપૂર્વ કલ્પતરૂ,
કામકુંભ અને કામધેનુથી પણ અધિક મહિમાવાળો છે.
આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક -
ત્રણે પ્રકારની આપત્તિઓને દૂર કરવા અમોઘ મંત્ર છે.
તેના સ્મરણથી પાપ નષ્ટ થાય છે, બુદ્ધિ શુદ્ધ થાય છે,
નવનિધિ અને અષ્ટસિદ્ધિ હાથમાં આવે છે,
આરોગ્ય, બોધિ અને શ્રેષ્ઠ સમાધિ ઉપલબ્ધ થાય છે,
લૌકિક - લોકોત્તર બધા જાતનાં સુખ સુલભ બને છે,
મલિનથી પણ મલિન આત્મા નિર્મળ બને છે અને
પતિતથી પણ પતિત આત્માનો ઉદ્ધાર થાય છે.
એના એક એક અક્ષરનું પણ ધ્યાન સાત-સાત સાગરોપમ
સુધી ભોગવાય, તેટલાં પાપના કર્મોનો નાશ કરે છે.
નિષ્કામ ભાવથી એક લાખ નવકારનો જાપ થાય,
તે સાક્ષાત તીર્થંકર પદને પમાડે છે. આઠ ક્રોડ, આઠ
હજાર, આઠસો અને આઠ વાર તેનો જાપ કરનાર
ત્રીજા ભવમાં મોક્ષ મેળવે છે.

# નમસ્કાર મહામંત્રનું વ્યાકરણવિશે

(૧) અધ્યયન = ચિત્તને જે સારી રીતે અધ્યાત્મવાળું બનાવે, સારી રીતે અધ્યાત્મ તરફ ખેંચી જાય, બોધ-સંયમ અને મોક્ષનો અધિક લાભ કરાવે, તે અધ્યયન.

(૨) પદ = અંતે વિભક્તિ હોય અથવા જે અર્થનું વાચક યા દ્યોતક હોય, વળી શબ્દોનો સમૂહ હોય, પદનો ચોથો ભાગ અને અર્થની પરિસમાપ્તિવાળું વાક્ય હોય તે.

(૩) પદચ્છેદ = સામાસિક પદોનું વિશ્લેષણ અથવા વિગ્રહ, તેને પદચ્છેદ યા પદવિચ્છેદ પણ કહે છે.

(૪) આલાપક = એક સંબંધવાળા વાક્યોનો સમૂહ.

(૫) અક્ષર = જે માત્રાદિ ક્ષરે અર્થાત્ ખરે નહિ તે અથવા વર્ણ અથવા લિપિ-ચિહ્ન વગેરે.

(૬) માત્રા = વર્ણના ઉચ્ચારણનો કાળ - સમય.

(૭) બિંદુ = અનુનાસિક ઉચ્ચારણ દર્શાવતો અનુસ્વાર, જે વાક્યના કોઈપણ અક્ષરની ઉપર મૂકાતો હોય છે.

(૮) ચૂલા = અલંકાર અથવા શિખર. શ્રુતનું વિભૂષણ અથવા તો શ્રુતપર્વત ઉપર શિખરની માફક શોભે તે. મૂલસૂત્રમાં ન બતાવેલી હકીકત બતાવે અથવા ગ્રન્થનું પરિશિષ્ટ તે ચૂલિકા.

## ‘अरिहंत’ના શબ્દાર્થમાં રહેલ ૧૨ ગૂઢનું રહસ્ય

(૧) अरिहंत = કર્મ-કષાયાદિને હણનારા.

(૨) अरहंत = બાહ્યાંતર લક્ષ્મીથી શોભતા.

(3) अरुहंत = જન્મ-મરણ જરા વ્યાધિ જન્માંકુર નહિ.

(૪) अरहांत = પૂજ્યોમાં ઉત્કૃષ્ટપણે પૂજનીય છે તે.

(૫) अरहोन्त = ગુપ્ત દેશ કે અંતર જેમને નહિ તે.

(૬) अरथान्त = જેમને પરિગ્રહ અને વિનાશ નહિ તે.

(૭) अरुन्धद्भ्यो + अरहद्भ्यः = જે ઉગ્ર આત્માઓ કર્મના આવરણના અભાવે અવરોધ વિનાના છે તે.

(૮) अरि + हंत = જેઓ ધર્મચક્ર વડે શોભતા રહે છે અથવા સર્વ વિનાશ શસ્ત્રોનો ત્યાગ કરનારા છે તે.

(૯) अरि + हंत + अत्यजद्भ्यः (आत्मस्वभावं) = આત્મસ્વભાવનો ત્યાગ ન કરનારા જેઓ છે તે.

(૧૦) अगच्छद्भ्यः (आसक्तिं) = ક્યાંય આસક્ત ન થનારા.

(૧૧) अतिष्ठद्भ्यः (भव मध्ये) = સંસારમાં નહીં રહેનારા.

(૧૨) अरहन्ता = સર્વ જીવોના તારણહાર કે રક્ષણહાર.

°

अरिहंत = चत्वारि अक्षराणि मंत्राण् ।
देवाधीनं जगत्सर्वं मंत्राधीना हि देवता ।

અર્થાત્: જગત દેવાધિન છે અને દેવો મંત્રાધિન છે.

‘અરિહંત’ એટલે ત્રણ દંડથી રહિત

‘તિવિહેણ તિદંડ વિરયાણં ।’

અર્થાત્ ત્રણ દંડથી રહિતને ત્રણ યોગથી નમું છું.

અરિહંતો જીવ સમૂહરૂપ ગાયોને મરણ વગેરે ભયથી બચાવી નિર્વાણસ્વરૂપ વનમાં લઈ જાય છે.

अरहंत, अरिहंत, अरुहंत, अर्हन्त, अरहोन्तः,
अरहद्भ्यः, अत्यजद्भ्यः, अगच्छद्भ्यः, अतिष्ठद्भ्यः ।
अरथान्तेभ्यः, अरमाणेभ्यः ।
अरिणामान्तेभ्यः धर्मं च श्रेणोत्दृशः ।

ઇંદ્રિય, વિષય, કષાય, પરિષહ, વેદના, ઉપસર્ગ, રાગ, દ્વેષ તથા કર્મરૂપી શત્રુઓને હણનારા છે, માટે ‘અરિહંત’.

अरिहा जुग्गा उचियत्ति सुगुणापुण्णत्तणा वंदणाईणं ।
तेसु वि अणन्ता पगरिसपत्ता जणिहेरिसा वण्णे ॥१॥

अर्हन्तेभ्यः, स्तवनादि - योग्यानां सर्वेषामपि
मध्ये प्रधानेभ्यः सर्वगुणसंपूर्णतया सर्वोत्तमत्वात् ॥२॥

અર્થાત્ : સર્વ ગુણોથી પૂર્ણપણાને લીધે જે પુરુષો સ્તુતિ આદિને યોગ્ય હોય, તેથી ‘अर्ह’ ઇત્યાદ અને તેમાં અંત એટલે પ્રકર્ષને પામેલા માટે ‘अर्हन्त’ ઇત્યાદ છે, કેમકે તેમના જેવા બીજા કોઈ શ્રેષ્ઠ હોતા નથી.

तथाभव्यत्व - परिपाकादिना परमार्हन्त्य -
महिमोपयोगपूर्वं सिद्धिगमनार्हास्तेभ्योऽर्हद्भ्यः नमः।
नमस्कारो द्रव्यतो भावतश्च मदीयो भवतु।
बहुवचनं सर्वकालिकार्हत् - प्रतिपत्त्यर्थम्। गुर्जरि:
તથાભવ્યત્વાદિના પરિપાક દ્વારા પરમ આર્હન્ત્યના મહિમાના
ઉપયોગપૂર્વક મોક્ષે જનારા અરિહંતોને નમસ્કાર થાઓ.
મારો નમસ્કાર દ્રવ્યથી અને ભાવથી બંને પ્રકારે હો.
અહીં અર્હદ્ભ્યઃ એમ બહુવચનનો પ્રયોગ છે,
તે સર્વ કાળના અરિહંતોનો સમાવેશ કરવા માટે છે.

સંકોચના બે પ્રકાર

દ્રવ્યસંકોચ = હાથ, પગાદિ અવયવોનો સંકોચ,
ભાવસંકોચ = મનનું પ્રણિધાન.

ભ્રાન્ત - શ્રાન્ત - ક્રાન્ત - શાન્ત

ભ્રાન્ત = રજોગુણ, શ્રાન્ત = તમોગુણ, ક્રાન્ત = સત્ત્વગુણ.
ઇંદ્રિયોથી થતું જ્ઞાન ભ્રાન્ત અથવા તો ભાસ હોય છે.
કવિની દૃષ્ટિ ક્રાન્ત કહેવાતી હોય છે.
શાસ્ત્રોમાં રહસ્યવાદીની દૃષ્ટિ શ્રાન્ત કહેવાતી હોય છે.
ત્રિગુણાતીત મુનિની દૃષ્ટિ શાન્ત હોય છે.

o

Average man sees through senses.

## નવકારમાં કોની ઉપાસના ?

વિષને અમૃત, શત્રુને મિત્ર, અગ્નિને જળ, પ્રતિકૂળને અનુકૂળ બનાવવાનું અદ્ભુત સામર્થ્ય નમસ્કારમંત્રમાં છે. તે મંત્રની આદિ કે અંતને કોઈ જાણતું નથી, કેમકે શાશ્વત છે, તેમાં માત્ર ગુણીની ઉપાસના છે. આત્માનો સંપૂર્ણ વિકાસ કરી ગયેલા - કરી રહેલાઓને નમસ્કાર છે.

## નવકારમાં પંચપરમેષ્ઠિ - પરમ તત્ત્વને નમસ્કાર

(૧) તલમાં તેલ, કમલમાં મકરંદ અને લોકમાં પંચાસ્તિકાયની જેમ પંચમંગલમહાશ્રુતસ્કંધ અને નવકાર સકલ આગમોમાં વ્યાપીને રહેલો છે. તે યથાર્થ ક્રિયાનુગત સદ્ભૂત ગુણીના કીર્તનસ્વરૂપ છે અને યથેપ્સિત ફલને સિદ્ધ કરનાર પરમ સ્તુતિવાદ છે.

(૨) પરમ સ્તુતિ કોની કરવી જોઈએ?

સર્વ જગતમાં જે ઉત્તમોત્તમ હોય તેમની.

સર્વ જગતમાં જે કોઈ ઉત્તમોત્તમ થયા, થાય છે અને જે કોઈ ઉત્તમોત્તમ થશે, તે અરિહંતાદિ પાંચ જ છે.

(3) (અ) 'अरहंत' એટલે વંદન, નમન, પૂજન, સત્કાર, સન્માન અને સિદ્ધિગમનને યોગ્ય હોય તે.

(બ) અષ્ટ મહાપ્રાતિહાર્યોની પૂજાથી ઉપલક્ષિત, અનન્ય

સદૈવ, અચિન્ત્ય અને અપ્રમેય માહાત્મ્યથી યુક્ત તથા કેવળજ્ઞાનથી અધિષ્ઠિત પ્રવર ઉત્તમતાને યોગ્ય તે 'અર્હંત'.

(c) અતીત કેવલજ્ઞાની આદિ, વર્તમાન ઋષભાદિ, અનાગત પદ્મનાભાદિ અને હાલમાં વિચરતા સીમંધરાદિ તીર્થંકરો. 'અર્હન્ત' અર્થાત્ સદ્ગુણસંપૂર્ણ લૌકિક સ્તવનાદિ પૂજાને યોગ્ય જે કોઈ છે, તેમાં પ્રકર્ષને પામેલા તે.

(d) મહાગોપ, મહાનિર્યામક, મહાસાર્થવાહ, મહામાહણ પદવી: ભવવન - ભવઅરણ્યમાં છકાયનું રક્ષણ કરનારા 'મહાગોપ', ભવસમુદ્રમાં 'મહાનિર્યામક,' ભવાટવીમાં 'મહાસાર્થવાહ' તથા અહિંસાનો ઉપદેશ દેનારા માટે 'મહામાહણ' પદવી છે.

(e) અરિહંતોના ઉપદેશથી જ સિદ્ધોનું જ્ઞાન થાય છે,
પાંચ પરમેષ્ઠિમાં પ્રધાન છે માટે 'અર્હંત'.

કર્મ રૂપી શત્રુઓને હણ્યા - પીલી નાખ્યા, દળી નાંખ્યા છે, દૂર કરી દીધા છે, અભિભૂત કર્યા છે, માટે 'અરિહંત'.

કર્મબીજને બાળી નાંખવાથી જેમને
જન્મ રૂપી અંકુર પ્રકટતો નથી, માટે 'અરૂહંત'.

(f) જેમને કશું છાનું નથી - કશું આંતરું નથી, સદા સર્વજ્ઞ - સર્વદર્શી છે, માટે 'અરહોન્ત'. રહ એટલે ગુપ્ત અને અન્ત = આંતરું. જેના જ્ઞાનને આંતરું નથી તે.

(g) अरहन्ता = अत्यर्थं राजन्ते समवसरणादि बहिर्लक्ष्म्या, सज्ज्ञानादि आन्तर्लक्ष्म्या वा।
रान्ति सद्दर्शनादि, घ्नन्ति मोहादीन्,
गच्छन्ति तदुपकृत्यै ग्रामानुग्रामं,
तन्वन्ति धर्मदेशनां, तारयन्ते तारयन्ति वा सर्वजीवान्।

સમજૂતિ : સમવસરણાદિ બાહ્યલક્ષ્મી કે સમ્યગ્જ્ઞાનાદિ આંતરલક્ષ્મી વડે અત્યંત શોભે છે, સમ્યગ્દર્શનાદિ પામે છે, મોહાદિને હણે છે, ભવ્યજીવોને ઉપકાર કરવા એક ગામથી બીજે ગામ જાય છે, ધર્મદેશના આપે છે, સર્વ જીવોને તારે અથવા રક્ષણ કરે છે, તે અરિહંતો છે.

(h) अरहन्तृभ्यः = अत्यजद्भ्यः, अगच्छद्भ्यः,
अतिष्ठद्भ्यः आत्मस्वभावमत्यजद्भ्यः,
क्वचिदप्यासक्तिमगच्छद्भ्यः, भवमध्ये अतिष्ठद्भ्यः।

(i) अरथान्तेभ्यः = 'રથ' શબ્દથી સર્વ પ્રકારનો પરિગ્રહ અને 'અંત' શબ્દથી જરા - મરણાદિ વિનાશ, તે બન્ને જેને નથી, તે 'અરથાન્ત'.

(j) ઇંદ્રિય, વિષય, કષાય, પરિષહ, વેદના, ઉપસર્ગ, રાગદ્વેષ અને કર્મરૂપી શત્રુને હણનારા માટે 'અરિહંત'.

(k) 'અર' એટલે આરા જેમાં હોય, તે 'અરિહંત'.

અરિહંત = ધર્મચક્ર વડે શોભતા તે અરિહંત.
અરિ = સર્વ વિનાશક શસ્ત્રોના સમૂહનો ત્યાગ કરનારા.
(૨) અરુહ્ ઉપલક્ષિત પાડારોગાદિ અને તેના કારણભૂત કર્માદિ, તેને હણનારા અથવા તો આવરણોના અભાવે અરુન્ધ્દ્રુષ્ટિ - સંસારમાં અવરોધ વિનાના તે અરૂહંત.

(૪) સિદ્ધ ભગવંતો કોણ નમસ્કરણીય ?

(a) નિષ્પ્રકંપ શુક્લધ્યાનાદિના અચિન્ત્ય સામર્થ્યથી સ્વજીવ વીર્યરૂપ 'યોગનિરોધ' નામના મહાસામર્થ્ય વડે પરમઆનંદરૂપ, મહાઉત્સવરૂપ અને મહાકલ્યાણરૂપ નિરૂપમ સુખો જેમને સિદ્ધ થયાં છે, તે સિદ્ધ.
(b) ધ્યાનરૂપી અગ્નિથી દીર્ઘ સ્થિતિવાળું ૮ પ્રકારનું બાંધેલું કર્મ ભસ્મીભૂત કર્યું છે, તે સિદ્ધ ભગવંતોને વંદન હો.
(c) સકલ પ્રયોજન અર્થાત્ કાર્યો જેમનાં સિદ્ધ થયા છે, તે તીર્થ-અતીર્થ, જિન-અજિન, ગૃહીલિંગ, અન્યલિંગ અને સ્વલિંગ સિદ્ધ, સ્ત્રી, પુરુષ અને નપુંસકલિંગ સિદ્ધ, સ્વયંસંબુદ્ધ, બુદ્ધબોધિત અને પ્રત્યેકબુદ્ધ સિદ્ધ, એક અને અનેક સિદ્ધ - એમ પંદર ભેદે સિદ્ધ થયેલા.
(d) મોક્ષનગરમાં ગયેલા, કૃતાર્થ થયેલા, શાસકપણાને - માંગલ્યપણાને, નિત્યસ્થિતિ-પરમ પ્રસિદ્ધિને પામેલા સિદ્ધો.

(૫) આચાર્ય ભગવંતો કેમ નમસ્કરણીય ?

પંચાચારનું આચરણ કરનારા તથા ઉપદેશ દેનારા,
સ્વપરના અને શિષ્યના સમુદાયના હિતને આચરનારા,
પ્રાણાન્તે પણ પૃથ્વીકાયાદિ જીવોનો વધ નહિ કરનારા,
નહિ કરાવનારા અને ન અનુમોદન આપનારા,
અપરાધી ઉપર પણ કોપ ન કરનારા,
ઉપદેશના અર્થી આત્માઓ વિનય અને
મર્યાદાપૂર્વક જેમની સેવા કરે છે, તેથી અને
આચારાદિનો ઉપદેશ કરનારા હોવાથી ઉપકારી એવા
આચાર્ય ભગવંતો નમસ્કરણીય છે.

(૬) ઉપાધ્યાય ભગવંતો કેમ નમસ્કરણીય ?

દ્વાદશાંગ શ્રુતનું સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ, પદ
અને અક્ષરથી વિશુદ્ધ એવા અધ્યયન - અધ્યાપન વડે
સ્વપરના મોક્ષના ઉપાયનું ધ્યાન કરનારા,
મન - વચન - કાયાના ત્રણે યોગોમાં ઉપયોગપૂર્વક
પ્રવૃત્તિ કરવા વડે આશ્રવના દ્વારોને રૂંધનારા.
ઉ = ઉપયોગ વડે, વ = પાપનું પરિવર્જન કરવા વડે
અને ઝ = ધ્યાન વડે કર્મોને દૂર કરનારા, ઉપયોગપૂર્વક
પાપને છોડતાં ધ્યાનારૂઢ થઈને કર્મનો નાશ કરનારા.

ગુપ્ત = ઉપયોગ[૪]પૂર્વક, ધ્યાતા = ધ્યાન કરનારા.
જેમની પાસે જઈને સૂત્રોનું અધ્યયન, અર્થગ્રહણ
ધાર[૫]ણ અને સ્મરણ કરવામાં આવે છે, તે ઉપાધ્યાયો.
જેમની ઉપાધિસંનિધિમાં રહેવાથી શ્રુત[૬]જ્ઞાનનો આય =
લાભ થાય તે અથવા ઉપાધિ = સુંદર વિશેષણો યા
પદવી[૭]ઓનો જેમની સંનિધિમાં લાભ થાય તે.

આધિ = માનસિક પીડા, અધિ = કુબુદ્ધિ.
એ બંને જેમણે ઉપહત કર્યાં છે, તે ઉપાધ્યાયો છે.
સુસંપ્રદાય-પ્રતિષ્ઠિત પરંપરાથી પ્રાપ્ત જિનવચનનું ભવ્ય
જીવોને અધ્યાપન દ્વારા વિનીત બનાવવાનો ઉપકાર કરનારા
એવા ઉપાધ્યાય ભગવંતો નમસ્કરણીય છે.

(૭) સાધુ ભગવંતો કેમ નમસ્કરણીય?

વ્રત, નિયમ, પરિષહ, ઉપસર્ગ આદિ સહીને મોક્ષ[૧]ને
સાધે કે મોક્ષ[૨]સાધક જ્ઞાનાદિ શક્તિઓને સાધે, તે સાધુ.
સાર્વ = સર્વને હિત કરનારા, સર્વ શુભયોગોને સાધનારા.
સવ્વ = સર્વજ્ઞ ભગવંતના સાધુ-શ્રમણો,
શ્રવણ કરવા યોગ્ય જીવાદિ તત્ત્વોને વિષે સાધુ.
સર્વને વિષે સમાન ભાવ ધારણ કરનાર સાધુ-શ્રમણો.
સર્વ પ્રાણીઓ પ્રત્યે સમ[3]ભાવને ધારણ કરે,

જે સંયમપાલન[૪] કરનારાઓને સહાય કરે,
સર્વ ક્ષેત્રે, સર્વ કાળ[૫], સર્વ કલ્પમાં રહેલા જ્ઞાન - દર્શન
- તપ - સંયમ સાધનારા સર્વ લોકમાં રહેલા સાધુઓ.
સર્વ પદાર્થોનું યથાવસ્થિત સ્વરૂપ[૬] જાણીને નિરૂપણ
કરવા દ્વારા સર્વને હિતકારી તથા જીવ - અજીવ સર્વ
પદાર્થોનું યથાર્થ નિરૂપણ[૭] કરવા દ્વારા ન્યાય કરનારા,
'સાર્વ' સર્વહિતના સાધુ, સંપૂર્ણ આજ્ઞાપાલન દ્વારા
અરિહંતોનું આરાધન કરનારા, દુર્નયને દૂર કરવા દ્વારા
સર્વ જિનેશ્વરોના સિદ્ધાંતનું પ્રતિષ્ઠાપન કરનારા તે
સાર્વ સાધુ, સવ્ય સાધુ, શ્રવ્ય સાધુ આદિ
સર્વ શુભયોગોને સાધનારા[૨૦] <u>સર્વ સાધુ</u>,
સર્વજ્ઞભગવંતના વચનને[૨૨] આરાધનારા તે <u>સાર્વ સાધુ</u>,
અનુકૂળ કાર્યોમાં નિપુણ[૨૨] તે <u>સવ્ય સાધુ</u> અને
શ્રવણ કરવા યોગ્ય વાક્યોમાં નિપુણ તે <u>શ્રવ્ય સાધુ</u>
મોક્ષના માર્ગમાં ઉપકાર કરનાર હોવાથી વંદનીય છે.
દ્રવ્ય ઉપરાંત ભાવમંગળોમાં પ્રધાનહિત કરવામાં અને
અહિત હરવામાં સમર્થ અથવા
અરિહંતાદિની સ્તુતિ તેથી એકાંત - આત્યંતિક હિતકર છે,
આ લોક તથા પરલોકમાં ઉત્તમ ફળદાયક છે.

થોડું પુનરાવર્તન...

## આચાર્ય ભગવંતો કેમ ઉપકારી છે?

(૧) આચારને પાળનાર તથા પળાવનાર છે. (૨) જ્ઞાનને ભણનાર તથા ભણાવનાર છે. (૩) જ્ઞાનક્રિયા વડે મોક્ષને સાધનાર - સધાવનાર છે. (૪) પંચાચારનું પાલન તથા ઉપદેશ કરનાર છે. (૫) સ્વપર - શિષ્યસમુદાયના હિતને આચરનાર છે. (૬) પ્રાણાન્તે પણ પૃથ્વીકાયાદિ જીવોના વધને ત્રણ કરણ - ત્રણ યોગ વડે નહિ આચરનારા છે. (૭) અપરાધી ઉપર પણ અકોપિત છે. (૮) ઉપદેશના અર્થીઓ જેમની વિનય - મર્યાદાપૂર્વક સેવા કરનારા છે.

## ઉપાધ્યાય ભગવંતો કેમ ઉપકારી છે?

(૧) ઉપેયનું ધ્યાન : સ્વર - વ્યંજન, માત્રા - બિંદુ, પદ - અક્ષર વડે શુદ્ધ એવા અધ્યયન - અધ્યાપન વડે સ્વપરના મોક્ષના ઉપાયનું - ઉપેયનું ધ્યાન કરનારા છે.
(૨) ઉપયોગપૂર્વક વર્તન : ત્રિકરણ યોગે ઉપયોગ વડે પ્રવૃત્તિ કરવાથી દરેક પ્રકારના આશ્રવોને રોકનારા છે.
(૩) પાપનું વર્જન : ઉપયોગપૂર્વક પ્રત્યેક પાપનું વર્જન કરવાપૂર્વક દોષનાશક થઈને કર્મનો ક્ષય કરનારા છે.
(૪) તેમજ જીવનમાં આધિ અને ઉપાધિને ટાળનારા છે (આધિ એટલે માનસિક પીડા તથા ઉપાધિ એટલે કુબુદ્ધિ).

(૫) જેમની સંનિધિમાં શ્રુતજ્ઞાનનો લાભ થાય છે.
(૬) સુસંપ્રદાય = પ્રતિષ્ઠિત પરંપરા | ઉપાધિ + આય એટલે જેમની સંનિધિમાં ઇષ્ટફળોનો આય થાય, તે ઉપાધ્યાય.
સુસંપ્રદાયથી પ્રાપ્ત જિનવચનનું અધ્યાપન કરવા તથા કરાવવા દ્વારા મોક્ષમાર્ગે રહેલાને વિનીત બનાવીને સર્વ ઉપાધ્યાય ભગવંતો પરમ ઉપકાર કરનારા છે.

उप इत्य अधीयते अधीयते वा येभ्यो उपाध्यायाः |
नमस्कार्यतायैषां सुसंप्रदायात जिनवचनाध्यापनतो
विनयविनयेन भव्यानामुपकारित्वात् |

સાર્વ સાધુ ભગવંતો કેમ ઉપકારી છે?

સર્વને હિત કરનારા, સર્વજ્ઞ ભગવંતના વચન અને શ્રવણમાં, સર્વ કાળ - ક્રિયા - અવસ્થાવાળા બાળ, વૃદ્ધ, મધ્યમ, મોક્ષમાર્ગમાં સહાયક, જ્ઞાનાદિને સાધનારા સાધુ છે.
મોક્ષસાધક જ્ઞાન વગેરે શક્તિઓને સાધે તથા સર્વ પ્રાણીઓ પ્રત્યે સમભાવનું ધ્યાન કરે, તે સાધુ.
સાર્વ = અરિહંતોની આજ્ઞાનું આરાધન કરે તે અથવા જિનમતનું સ્થાપન કરે તે અથવા સર્વનું હિત કરનાર.
સવ્ય = અનુકૂળ કાર્યો કરવામાં સાધુ અર્થાત્ નિપુણ.
શ્રવ્ય = શ્રવણ કરવા યોગ્ય વાક્યો, તેમાં નિપુણ.

## (૮) 'ધર્મ' - ઉત્કૃષ્ટ મંગલ કઈ રીતે?

સવ્વ પાવપ્પણાસણો = આઠ કર્મોને અને
તેના ફલરૂપ દુર્ગતિનાં દુઃખોને સંપૂર્ણપણે નષ્ટ કરનાર,
મંગલ નિર્વાણના સુખને સિદ્ધ કરવામાં સમર્થ એવો
અહિંસાલક્ષણ, અરિહંતોએ પ્રરૂપેલ સમ્યગ્ ધર્મ અને
આ પ્રકારનો ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે.

'મંગ' તેને લાવ આપે તે મંગલ.

સંસારથી ગાળે - તારે તે મંગલ.

આઠ પ્રકારના કર્મની રાશિને ગાળે - શમાવે તે મંગલ.

જે હિત કરવામાં સમર્થ, તેનું નામ મંગલ.

અરિહંતાદિની સ્તુતિ ભાવમંગલપણાથી એકાંતે અત્યંત
હિત કરનાર છે. મંગં ધર્મં લાતિ ઇતિ મંગલં । પાતિ
ભવાત્ પિબતિ હિતં ઇતિ પાપં । પાપયતિ મલિનયતિ
આત્માનં ઇત્યપિ અર્થઃ । પાપનાશ, કર્મક્ષય - ધર્મલાભ,
હિત, સુખ, ભદ્ર, કલ્યાણ, પાવિત્ર્યને લાવે, તે મંગલ.

### મંગલોમાં પ્રધાન મંગલ શું?

મંગ્યતે હિતાદિ અનેન = હિતાદિવિધાનસમર્થભાવ -
મંગલતયા ઐકાન્તિકત્વાત્, આત્યન્તિકત્વાચ્ચ,
દ્રવ્યભાવભેદભિન્નં દધિદૂર્વાદિ - તપોવિધાનાદિવં

મંગલાણં પઢમં આઈંઉ, અરિહંતાણં હુઇ ચેવ હવઇ મંગલં-
હિતાદિવિધાનસમર્થ મિતિ ॥ - નિર્યુક્તિવચનેનસિદ્ધ ।
વ્યુત્પત્તિ: હિતાદિ જેના વડે પ્રાપ્ત કરાય તે (મંગલ). હિત
કરવા સમર્થ હોવાથી મંગલરૂપ, એકાંતિક, આત્યન્તિક છે.

## તે મંગલ બે પ્રકારે છે:

દ્રવ્યથી દહીં - દુર્વા વિગેરે તથા ભાવથી તપ વિગેરે.
પાપને, કર્મને, દુર્ગતિને, દુઃખને નાશ કરનાર, સંપૂર્ણવિશુદ્ધિ
ક્ષેમ કરનાર, નિર્વાણ સુખને સાધનાર ધર્મને લાવે,
જે હિતરૂપપથ્યાદિને કરવા સમર્થ હોય, ઉપરાંત જે
એકાન્તિક - આત્યન્તિક ભાવમંગલ, જે ભવથી ગાળે,
ભવના કારણભૂત અષ્ટ પ્રકારની કર્મરાશિને ગાળે, તે
આ લૌકિક - પરલોકમાં હિતકર તથા દ્રવ્ય અને ભાવ-
મંગળોમાં પ્રધાન મંગલ તે અરિહંત આદિની સ્તુતિ છે.
યથાર્થ ક્રિયાયુક્ત સત્ય ગુણોનું ઉત્કીર્તન અને યથેચ્છ
ફલપ્રસાધક પરમ સ્તુતિ નમસ્કારમંત્ર વડે સધાય છે,
તેથી તે ઉત્કૃષ્ટ મંગળોમાં પણ ઉત્કૃષ્ટ હિતકારી છે.
સર્વ મંગલોમાં ઉત્તમ મંગલ જ્ઞાન છે અને જ્ઞાનમાં
ઉત્તમ જ્ઞાન આત્મસમદર્શિત્વ છે, કેમકે તે વડે પ્રગટતા
દયાદિ ગુણોનું જ્ઞાન જેમાં છે, તે આત્મા મંગલ છે.

## સર્વ શ્રેષ્ઠ સ્વાધ્યાય

નવકાર મંત્ર વડે સર્વોત્તમ સ્વાધ્યાય થાય છે અને
તે વડે પાપકર્મના લેપ રૂપ મળનું પ્રક્ષાલન થાય છે.
સર્વ શાસ્ત્રોમાં પ્રથમ જ્ઞાન અને પછી દયાને કહેલ છે.
દયા એ આત્મસમદર્શિત્વના લાભનું પરમ ફલ છે.

જે સ્વાધ્યાય વડે સર્વ જીવોની સાથે
V.V. Imp. આત્મોપમ્યભાવની વૃદ્ધિ થાય,
તે સ્વાધ્યાયને શાસ્ત્રોમાં સર્વોત્તમ કહેલ છે.

સ્વાધ્યાયનું અંતિમ ફલ આત્મલાભ છે.
આત્મલાભનું ફલ દયા - ક્ષમાદિ ધર્મોની વૃદ્ધિ છે.
નવકારમાં જે પરમેષ્ઠિઓને નમન છે, તેઓ સર્વભૂત-
પ્રાણી - સત્ત્વ - જીવોને આત્મતુલ્ય માનનારા અને
તદનુરૂપ વર્તન કરી પરમ પદે પહોંચેલા હોવાથી તેમનું
સ્મરણ, ધ્યાન, જપ, સ્વાધ્યાય આદિ આત્મલાભના
પરિપોષક છે, તેથી મોક્ષમાર્ગમાં સદા ઉપકારક છે.

o

Divine love doing its work perfectly
in and through me, here and now.
Ask and receive, seek and find,
knock and the doors will be opened.

સં. ૨૦૨૮, માગસર સુદી ૭, શુક્રવાર, બોડા

ૐકારનો અર્થ ૐ ૐ હ્રીં અર્હં નમઃ ।

અ = જ્ઞાન, Cognition, knowledge, thought.
ઉ = કર્મ, Conation, action, will.
મ = ભાવના, effect, motion.

સૌ પહેલાં ઓંકારનું ઉચ્ચારણ નિત્ય આવશ્યક છે.
મંત્ર = જેના પર મનન થાય, તેના ઉપર સમસ્ત જ્ઞાન કેન્દ્રિત થવું જોઈએ, તે કાર્યના રૂપમાં પરિણત અને આપણી ભાવનાથી પરિપોષિત - પરિપાલિત થવું જોઈએ.
જ્ઞાનની કેન્દ્રિતતાથી નિશ્ચય ઉપર આવાય છે.
અભ્યાસ દ્વારા કુશળતા આવે એ માટે ભાવનાઓને વિકેન્દ્રિત નહીં, કિન્તુ તે સર્વને સંકેન્દ્રિત કરવી જોઈએ.

अमृतं चैव मृत्युश्च द्वयं देहे प्रतिष्ठितम् ।
मोहादापद्यते मृत्युः सत्येनाऽपद्यतेऽमृतम् ॥१॥

અર્થાત્: દેહમાં અમૃત અને મૃત્યુ - બંને રહેલ છે.
'अहं' એ મોહ છે અને 'अर्हं' એ અમૃત છે.
'अहं' એ મૃત્યુ છે, 'अर्हं' એ અમૃત છે.
સિદ્ધિનો માર્ગ 'अर्हं' છે.
'अर्हं'ને છોડીને બાકી કોઈ માર્ગે સિદ્ધિ અશક્ય છે.

## અંત્યે ૐનો માનસિક જાપ કરી ઉપરાંત નીચેના સૂત્રોનું માનસિક રટણ કરો:

એકમાં અનેક છે અને અનેકમાં એક છે.

સર્વમાં હું છું અને મારામાં સર્વ છે.

વિશ્વમાં એક જ જાતિ છે અને તે જીવાત્મા જાતિ.

વિશ્વમાં એક જ ધર્મ છે અને તે પ્રેમ ધર્મ.

વિશ્વમાં એક જ આત્મા છે અને તે સત્ય આચરણની.

વિશ્વમાં એક જ કાયદો છે અને તે કાર્યકારણનો નિયમ.

વિશ્વમાં એક જ ભાષા છે અને તે મૌનની (હૃદયની).

વિશ્વમાં એક જ ઘર છે અને બધા જ જીવો એક કુટુંબના સભ્યો છે. જુદાઈ એ જ મૃત્યુ અને એકતા એ જ અમરતા છે. વિચાર, લાગણી અને ગતિને સાત્વિક બનાવી અને તે સર્વેને યોગમાં રૂપાંતર કરો.

## 'ૐ હ્રીં અર્હં નમઃ' મંત્ર શું કરે?

ૐ = Depressed state કે આર્તધ્યાનને ટાળે છે.

હ્રીં = Violent state કે રૌદ્રધ્યાનને ભાગે છે.

અર્હં = Religious stateમાં ધર્મધ્યાન કરાવે છે.

નમઃ = White pure Serene stateમાં સહિત મોક્ષમાર્ગી સાધકોને શુક્લધ્યાનમાં તરબોળ કરાવે છે.

## ૐ હ્રીં અર્હં નમઃ । મંત્રનું માહાત્મ્ય

ૐ આર્તધ્યાન નિવારક છે, હ્રીં રૌદ્રધ્યાન નિવારક છે,
અર્હં ધર્મધ્યાન પ્રવર્તક છે, નમઃ શુક્લધ્યાન પ્રસાધક છે.
અથવા ૐ વડે આર્ત - રૌદ્રધ્યાન નિવારણ થાય છે,
અર્હં વડે ધર્મ - શુક્લધ્યાનનું પ્રવર્તન થાય છે,
નમઃ વડે સમાપત્તિની પ્રાપ્તિ થાય છે.
'અર્હં' શબ્દ વડે 'અહં'નું કોચલું છૂટે છે અને
આત્મદર્શનનું અમૃતપાન થાય છે, માટે તે મહામંત્ર છે.

## કીલ મંત્ર તથા ઉત્તર મંત્ર

નવકાર અને ઉવસગ્ગહરં સૂત્ર એ કીલ મંત્ર છે, તેથી
આ કાળમાં અવશ્ય ફળે છે,
ઉત્તર મંત્ર માટે તે નિયમ ન સમજવો.

## નવકારનો સંબંધ આંતરજગત સાથે છે.

તેનાથી હૃદયના અશુભભાવો ક્ષય પામે છે અને
અધિક મંગળમય શુભભાવો પ્રકટ થાય છે.
અરિહંતને નમસ્કારથી ભાવમાર્ગની પ્રાપ્તિ થાય છે.
અરિહંત નમસ્કાર વડે અરિહંત પદ સાથે ધારણા,
ધ્યાન અને તન્મયતા થાય છે. સાધકના લક્ષ્યપૂર્વક થતી
ક્રિયા એ રસપૂર્વક થતી ક્રિયા છે. મન, વચન, કાયા

- ઋદ્ધિ વાસિત નમસ્કાર 'ભાવ' નમસ્કાર છે. ૧૦૮ પ્રકારના આચારોના જ્ઞાનમાં તથા પાલનમાં કુશળ હોય, તે ભાવ આચાર્ય છે. આ આચાર્ય ગુણનું પ્રણિધાન આચાર્ય નમસ્કારમાં, સાધુ નમસ્કારમાં હોવું જોઈએ.
અરિહંતોની મેઘગંભીર ધ્વનિ, સિદ્ધોનું અતીન્દ્રિય - અવિનાશી રૂપ, આચાર્ય (ઉપાધ્યાય - સાધુ)ના સદાચારની સુવાસ, ઉપા૦નો સ્વાધ્યાયરસ અને સાધુની સંયમ ક્રિયાનો સ્પર્શ અનુક્રમે સ્પર્શાદિના આકર્ષણને શમાવે છે.
મોક્ષ મધ્યે ગયેલા અનંતાનંત પુણ્યાત્માઓના આત્મબળના વાઈબ્રેશનથી શ્રી નમસ્કાર મહામંત્રના અસરકારક બન્યો છે.
તે પ્રત્યેક વર્ણ દિવ્યશક્તિવાહક છે, અનાદિસિદ્ધ છે.

પરમેષ્ઠિ સ્મરણ = આત્મશુદ્ધિનું સ્મરણ.

આત્મશુદ્ધિનું સ્મરણ = મોક્ષ કે નિર્વાણનું સ્મરણ.
શ્રી નમસ્કાર મહામંત્ર એ રીતે જીવનના અંત પ્રત્યે લઈ જાય છે, માટે તેને પરમ કે પ્રવર મંત્ર માન્યો છે.
ભગવાનને હૃદયમાં લાવવા તેમની આજ્ઞા માનવી પડે.
આજ્ઞા દ્વારા જ ભગવાન હૃદયમાં આવી વસે છે.

સાચું ભજન ભગવાનની અખંડ સ્મૃતિ અને
તેઓની આજ્ઞાના આરાધનથી શક્ય છે.

## નવકાર મહામંત્રમાંથી ઉદ્ભવેલ મંત્રરત્નો

નમો = 'નાહં' 'ન મમ' = દયા - ક્ષમા = ધર્મરાજાનો મંત્ર.
અહં અને મમ - એ તંગ વસ્ત્રો છે.
તેને ઢીલા કરનારા દયા અને ક્ષમા છે.
દયા વડે 'અહં' અને ક્ષમા વડે 'મમ' શિથિલ થાય છે.

અરિહંતાણં = શુદ્ધાત્મ દ્રવ્યોઽહં - શુદ્ધ જ્ઞાનાદિ ગુણાઃ.
'હું શરીર નહિ અને શરીરના ધર્મો મારા નહિ,
પરન્તુ હું શુદ્ધ આત્મા છું અને
આત્માના જ્ઞાનાદિ ગુણો તે મારા છે.'
એ મોહના પ્રતિપક્ષી ધર્મમહારાજાનો પ્રબળ મંત્ર છે.
એનું જ નામ 'નમો અરિહંતાણં।' મંત્ર છે. એમાંથી જ
'ૐ અર્હં' ઇત્યાદિ મંત્રો - મંત્રરત્નો ઉત્પન્ન થએલાં છે.

'ત્રયમેકત્ર સંયમઃ।' એટલે...
એક વિષયમાં ધારણા - ધ્યાન - સમાધિ અથવા
દર્શન - જ્ઞાન - ચારિત્ર તે 'સંયમ' છે.
પંચ પરમેષ્ઠિઓના ૧૦૮ ગુણો અને
આધ્યાત્મિક વિભૂતિ નિજના શુદ્ધાત્મદ્રવ્યનો પ્રભાવ છે.
તેમનું નામ ગ્રહણ કરનાર ભવ્યજીવની ભવ્યતા પણ
આત્મદ્રવ્યનો સહજ ગુણ છે. એ રીતે શુદ્ધાત્મામાં ઘણું

આત્મદ્રવ્યનું મિલન એ સહજ સમાધિ છે અને
પરમાત્મ સમાપત્તિ પણ તે જ છે.
'त्रयमेकत्र |' સંયમ પણ સત્ય - તે જ છે.

નવકારનું કયું પદ શું આપે ?

(૧) નમો અરિહંતાણં | માર્ગ
(૨) નમો સિદ્ધાણં | અવિપ્રણાશ
(૩) નમો આયરિયાણં | આચાર
(૪) નમો ઉવજ્ઝાયાણં | વિનય
(૫) નમો લોએ સવ્વસાહૂણં | સહાય
(૬) એસો પંચ નમુક્કારો | ઉન્નતિ
(૭) સવ્વ પાવપ્પણાસણો | ભવનાશ - પાપનાશ ટાળે
(૮) મંગલાણં ચ સવ્વેસિં | પરાર્થવૃત્તિ
(૯) પઢમં હવઇ મંગલં | પ્રભુભક્તિ - ભગવદ્ગુણગાન.

જીતે તે જૈન તથા બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ.

જૈનધર્મનું તત્ત્વ ઇંદ્રિયો - મનોવિકારોને જીતવામાં અને બ્રાહ્મણધર્મનું વિશ્વની વિશાળતા આત્મામાં ઉતારવામાં છે, માટે સાચા જૈન થયા વિના બ્રાહ્મણ થવાતું નથી તથા સાચા બ્રાહ્મણ થયા વિના જૈન થવાતું નથી.

જૈન અને બ્રાહ્મણ - એ બન્ને પર્યાય શબ્દો છે.

## 'યોગ' એટલે...

પૂર્ણતાપ્રાપ્તિ માટેનો સભાન અને સતત પ્રયત્ન કરવો.
યોગનું લક્ષ્ય મનને શાંત કરવાનું છે કે જેથી
મનઃ પર એવા આત્માનું શુદ્ધસ્વરૂપે દર્શન કરી શકાય.
ઇંદ્રિયદમન - મનનું નિયંત્રણ કરવા નિયમિત ધ્યાન કરો.
જીવો ધારણા અને ધ્યાન ભૂલી ગયા છે,
તેથી જ અજ્ઞાન રૂપી અંધકારમાં ભટકી રહ્યા છે.

## મહાપાપ કયું ? એનો પ્રતિકાર કઈ રીતે ?

નમસ્કાર કરવાની સામગ્રી મળી છે, તેનો આભાર ન માનવો એ મહાપાપ છે. તેનો પ્રતિકાર ભાવનમસ્કાર વડે જ શક્ય છે. માનવમન કે જે વડે ભાવનમસ્કાર શક્ય છે, તેની પ્રાપ્તિ થવી, એ જ મોટામાં મોટું ભાગ્ય છે.

'પાપ' એ મૃગલું છે, 'આત્મશક્તિ' એ સિંહ છે.
સાધ્ય અને સાધક - ઉભયદશાનું સ્મરણ કરાવનાર શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ છે. ઇંદ્રિયો ભોગાભ્યાસ માટે નહિ પણ રૂપરસાદિ પુદ્ગલ ધર્મોનું જ્ઞાન મેળવવા માટે મળી છે. તેનાથી તું જ્ઞાન મેળવી જ્ઞાની બનજે અને એ જ્ઞાનનો ઉપયોગ વૈરાગ્ય પ્રગટાવવા કરજે. અધિક ગુણવાનને નમવાની વૃત્તિ પાત્રતા પ્રગટાવે છે અને પાપરાશિને ખપાવે છે.

નમસ્કારમાં પરસ્પરોપગ્રાહકતાનો સ્વીકાર છે, તેથી તે તત્ત્વને અનુસરે છે. અહંકારમાં બીજા સૌ જીવો પ્રત્યે તિરસ્કાર છે, તેથી અહંકાર તત્ત્વથી પરાઙ્મુખ બને છે. નમસ્કારથી મોક્ષ, અહંકારથી નિગોદ. નમસ્કાર કરનાર પરસ્પરોપગ્રહને માને છે, તેથી તે તત્ત્વને અનુસરે છે. અહંકાર કરનારો બીજાનો તિરસ્કાર કરીને અનંતાનંત તરફથી જ્યાં જ્યાં તિરસ્કાર છે, ત્યાં પહોંચી જાય છે.

## નમવાની ક્રિયા મહત્ત્વની કેમ?

V.V. Imp. (૧) નમવું એટલે પાપથી ખાલી થવું.

(૨) નમવું એટલે પુણ્યથી ભરપૂર બનવું.

(3) નમવું = ભક્તિ વડે પરમાત્મશક્તિ સાથે એક થવું.

નમનની ક્રિયા આત્મઘટને પાપથી ખાલી કરવાની ક્રિયા છે, જે ધર્મને પોતામાં પ્રવેશ કરાવવાની તત્પરતાસૂચક છે. નમવાથી જીવભક્તિ અને પરમાત્માની અચિન્ત્યશક્તિનો સુમેળ થવાથી આત્મામાં ભાવધર્મનો પ્રવેશ સુલભ બને. કોઠારનું ધાન્ય છે, તેથી વધતું નથી પણ ભૂમિનું બીજ વૃક્ષરૂપ બની પત્ર, પુષ્પ અને ફળ અગણિત આપે છે. તે ન્યાયે નમસ્કાર કરનાર જીવને પણ લાગુ પડે છે. જે ચેતના અંતરમાં છે, તેને વિકસાવનાર નમસ્કાર છે.

મનની મલિનતાનું કારણ સ્વાર્થભાવ છે અને
ચંચળતાનું કારણ પરપદાર્થો પ્રત્યે આસક્તિ ભાવ છે.
સ્વાર્થભાવ એ પરાર્થભાવ વડે જાય છે અને
આસક્તિભાવ એ વૈરાગ્યભાવ વડે જાય છે.
પંચ પરમેષ્ઠિ ઉપરના નમસ્કારભાવથી
પરાર્થભાવ અને વૈરાગ્યભાવ બંને સ્થિર થાય છે.
મનની પ્રસન્નતા અને સ્થિરતાને વિકસાવનાર
પરમેષ્ઠિ ભગવંતોમાં રહેલ
મૈત્રી અને વૈરાગ્યને વારંવાર વંદન છે.
શ્વેત વર્ણ એ શુક્લધ્યાનનું પ્રતીક છે અને
શાંતિ કર્મો માટે શ્વેત વર્ણનું વિશિષ્ટ વિધાન છે.
માનસ જાપ એટલે મનોમન જાપ.
ધનમાં જ સુખ છે પણ તે આંતરધન.
ચિત્તની પ્રસન્નતા એજ મોટું ધન છે, તે વિનાનું
બાહ્યધન ક્લેશનું અને અશાંતિનું કારણ છે,
જેમકે સાકરની માખી અને ગોળનો મંકોડો.
પરમેષ્ઠિ સ્વરૂપ એ વિશુદ્ધ આત્મદશાનું સ્મરણ છે.
વિશુદ્ધ આત્માવસ્થાનું સ્મરણ એ ભાવજીવન-સંપત્તિ છે
અને એનું વિસ્મરણ એ ભાવમૃત્યુ - પરમ વિપત્તિ છે.

## વીતરાગ - નિર્ગ્રન્થ - ધર્મ

(૧) વીતરાગ = ઇચ્છારહિત - પ્રકૃતિરૂપ છે.
વીતરાગ એટલે પ્રકૃતિની ઉપલબ્ધિ - સિદ્ધિ.
(૨) નિર્ગ્રન્થ = મૂર્છારહિત - પ્રકૃતિની સાધના.
નિર્ગ્રન્થ - નૈર્ગ્રન્થ્ય એટલે ઇચ્છારહિત થવાની
ઇચ્છા વડે મૂર્છારહિત થયેલી પરિણતિ.
(3) ધર્મ = પ્રકૃતિ, પ્રકૃતિસાધક અને પ્રકૃતિસિદ્ધ -
એ ત્રણેની ઉપાસના. ઇચ્છાદિ રહિત થવાની ઇચ્છા,
દુઃખિતના દુઃખપ્રહાણની ઇચ્છા, મૂર્છારહિત થવાની મૂર્છા,
આત્મતત્ત્વ પ્રાપ્ત કરવાની ઇચ્છા અને મૂર્છા.

### ધર્મનું મૂળ, ફળ તથા સ્વરૂપ

મૂર્છારહિત થવા દુઃખીના દુઃખને દૂર કરવાની ઇચ્છારૂપ દયા
વડે મૂર્છારહિત થવાય છે અને મૂર્છારહિત થયા બાદ
ઇચ્છાદિ રહિત થવાની ઇચ્છાથી વીતરાગ થવાય છે.
ધર્મનું મૂળ તથા હેતુ દયા છે, ધર્મનું ફળ અહિંસા છે.
ધર્મનું સ્વરૂપ સ્નેહપૂર્વકની ભાવવિશુદ્ધિ છે.
ભાવવિશુદ્ધિ જીવમૈત્રી અને પુદ્ગલવૈરાગ્યરૂપ છે.
દાન - શીલ - તપ અને ભાવ એ મૂર્છા ઉતારવા માટે છે,
જ્ઞાન - દર્શન - ચારિત્ર એ જીવમૈત્રી કેળવવા માટે છે.

## તત્ત્વત્રયી દ્વારા 'નમો'ની ઉપાસના

(૧) ધર્મ = પ્રકૃતિના સાધક અને સિદ્ધની ઉપાસના.
(૨) ગુરુ = પ્રકૃતિના સાધક. (3) દેવ = પ્રકૃતિસિદ્ધ.

'નમો' એ આજ્ઞાપાલન સ્વરૂપ છે.

નમો પદ વડે દાસત્વ દર્શાવાય છે. દાસની બધી ક્રિયાનું કર્તૃત્વ તથા તેના ફળનું ભોક્તૃત્વ સ્વામીનું - માલિકનું છે. પુણ્ય અને શુભતત્ત્વના સાચા સ્વામી અથવા માલિક અરિહંત પરમાત્મા છે. દર્શન - જ્ઞાન - ચારિત્રની ક્રિયાની ઉત્પત્તિ અરિહંતોથી છે. જે કાંઈ શુભ ક્રિયા થાય છે, તેમાં સાક્ષાત્ યા આડકતરી પ્રેરણા તેઓની રહેલી છે, તેથી તે ક્રિયા અને તેનું ફળ તેમને અર્પણ કરવાનું રહે છે, કેમકે તેમાં મુખ્ય હેતુ અરિહંતો જ છે.

નમો = મસ્તક નમાવવું એટલે મનને નમાવવું, મનના રાગ-દ્વેષને નમાવવા, મનને અરિહંતને સોંપી દેવું, મનની ઇચ્છાઓ, વાસનાઓ અને તૃષ્ણાઓને નમાવવા, અરિહંત સન્મુખ મનને ખાલી કરવું, મનને એક અરિહંત સિવાય અન્ય વિકલ્પોથી રહિત કરવું. અરિહંત એટલે શુદ્ધાત્મા. તેના જ્ઞાનાદિ શુદ્ધ ગુણોને નમવું અને મનને ન નમવું, મનઃકલ્પિત જગતને મિથ્યા માનવું.

દ્રવ્યનમસ્કાર એટલે જે નમસ્કાર
વચન અને કાયાથી થાય પણ મનથી ન થાય તે.

ભાવનમસ્કાર એટલે...

મનની ઉપર રહેલ આત્માને સર્વસ્વ તરીકે સ્વીકારવો. મનથી થાય તે ભાવનમસ્કાર - મનમાં જગતની અન્ય વસ્તુઓ કરતાં શુદ્ધાત્માનું અધિક મૂલ્યાંકન કરવું તે. બુદ્ધિરૂપી ત્રાજવામાં એક બાજુ જગત અને બીજી બાજુ જ્યાં અરિહંત પરમાત્મા છે, તે પલ્લું નીચું નમાવવું.

મણસા ગુણપરિણામો, વાયા ગુણભાસણં ચેવ ।
કાએણ સંપણામો એસ પયત્થો નમુક્કારો ॥૧॥

મન વડે બુદ્ધિમાં આત્મતત્ત્વની અધિકતા અર્થાત્ સર્વોત્કૃષ્ટતાનો સ્વીકાર કરવો, તે નમસ્કાર પદાર્થ છે. નમસ્કાર પદનો અર્થ નિર્યુક્તિકાર મહર્ષિની દૃષ્ટિએ એમ છે કે મનથી આત્માના ગુણોમાં પરિણમવું, તદ્રૂપ થવું, તન્મય થવું, તેને જ સર્વસ્વ માનવું અને મનથી જેને અધિક માન્યું, તેને વચન અને કાયાથી પણ ગુણસ્તુતિ અને સમ્યક્ પ્રણામ વડે બહુમાન કરવું. મન - વચન - કાયાસંયોગે કરી આત્માના જ્ઞાનદર્શનાદિ ગુણોના મહિમાને સ્થાપન કરવો, તે જ ભાવનમસ્કાર છે.

## તાત્ત્વિક નમસ્કારમાં શું વિશિષ્ટ છે?

તેમાં આત્મા અને પરમાત્માની એકતાનું લક્ષ્ય છે. 'તત્ત્વથી અરિહંત પરમાત્માનો અને જગતમાત્રનો શુદ્ધાત્મા અભિન્ન છે, બંનેનું સ્વરૂપ એક જ છે, તેમાં લવલેશ ભેદ નથી' એ શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક એકત્વનું લક્ષ્ય કરવું, તે તાત્ત્વિક નમસ્કાર છે. 'અહં' એ દેહ છે, જ્યારે 'અર્હ' એ આત્મા છે. દેહની સતત પૂજામાંથી છોડાવી આત્મપૂજામાં જોડનાર પદ તે 'નમો અરિહંતાણં' છે.

## રત્નત્રયની પ્રાપ્તિનો ઉપાય

ગુણોની પ્રાપ્તિ માટે ગુણીના નમસ્કાર અનિવાર્ય કહ્યા છે. સંસારસાગર તરવાનું એકમાત્ર સાધન રત્નત્રય છે. રત્નત્રયગુણને - તેને ધારણ કરનાર પંચપરમેષ્ઠિઓને નમસ્કાર કરવા, તે રત્નત્રયની પ્રાપ્તિનો ઉપાય છે. પંચપરમેષ્ઠિઓ ગુણમય હોવાથી મૂર્તિમાન ગુણ જેવા છે, તેથી ગુણાર્થી ભવ્ય જીવોને પૂજવા યોગ્ય છે. રત્નત્રય જેમ મોક્ષમાં હેતુ છે, તેમ અરિહંતાદિ પરમેષ્ઠિઓ પણ મોક્ષાર્થીઓને મોક્ષના પરમહેતુ છે. મોક્ષમાર્ગ તેમને આધીન છે, કારણમાં કાર્યના ઉપચારથી તેઓ મોક્ષના હેતુ છે.

રત્નત્રય મોક્ષમાર્ગ છે, તેને આપનારા અરિહંતો છે. વળી સ્વયં મોક્ષ પામેલા હોવાથી મોક્ષાર્થીઓને પરમ પૂજ્ય છે. સિદ્ધો કૃતાર્થ હોવાથી અને અરિહંતોની જેમ જ્ઞાનાદિ ગુણમય હોવાથી પૂજ્ય છે. 'સિદ્ધોના અભાવે મોક્ષમાં અવિનાશીપણાની બુદ્ધિ ન થાય તથા અભિષ્ટ એવા મોક્ષનગરનો આ જ્ઞાનાદિ રત્નત્રય એ સન્માર્ગ છે' એવો વિશ્વાસ પણ સિદ્ધોને કારણે જ થાય છે.

સિદ્ધો અવિનાશીપણાનો પ્રત્યય ઉત્પન્ન કરતાં હોવાથી માર્ગોપકારી છે અને તેથી તેઓ પણ પૂજ્ય છે.

વ્યવહારનયના મતે જેમ અરિહંતો માર્ગોપકારી છે, તેમ સિદ્ધો પણ અવિનાશીભાવનાં કારણે માર્ગોપકારી છે.

સિદ્ધોના અવિનાશી - અનુપમ સુખરૂપ ફળને જાણવાથી મોક્ષમાર્ગમાં વિશિષ્ટ પ્રીતિ ઉત્પન્ન થાય છે, તેથી સિદ્ધ પરમાત્માઓ વિશિષ્ટ ઉપકારી છે.

અરિહંતો ભવાટવીમાં માર્ગદેશક, ભવસમુદ્રમાં મહાનિર્યામક અને છ જીવનિકાયના રક્ષક હોવાથી મહાગોપ કહેવાય છે.

મિથ્યાત્વ અને અજ્ઞાનથી મોહિત - આચ્છાદિત બનેલા પંથવાળી ભવાટવીમાં ઉપદેશકપણું જેમણે કર્યું છે, તે અરિહંત પરમાત્માઓ જ છે.

જિનેશ્વર ભગવંતોએ કેવળદર્શન વડે જોયેલો,
કેવળજ્ઞાનાદિ સારી રીતે જાણેલો અને
મહાપુરુષો વડે સેવેલો મોક્ષમાર્ગ - નિર્વાણમાર્ગ છે.
સિદ્ધોનું સુખ શાશ્વત અને અવ્યાબાધ છે.
સિદ્ધો શાશ્વત છે, માટે સંસારમાં ફરીવાર આવતા નથી,
પીડારહિત છે, એટલે જરા - મરણની વેદનારહિત છે.
મિથ્યાત્વ રૂપી કાલિકાવાતરહિત અને સમ્યક્ત્વ રૂપી
ગર્જભવાતની અનુકૂળતાદિ એક જ સમયમાં
સિદ્ધિવસતીરૂપ નગરમાં ભવ્યજીવો રૂપી પોતો પહોંચે છે.
આત્માની સિદ્ધિ માટે નિર્યામકો પૂજ્ય છે.
સર્પ - સિંહ વગેરેના કષ્ટાદિ ગાયોનું રક્ષણ ગોવાળિયો કરે છે
અને ઘાસ - પાણાદિ ભરેલાં જંગલમાં લઈ જાય છે, તેમ
જિનેશ્વરો કષ્ટ અને ભયાદિ ભવ્યજીવોનું રક્ષણ કરી
જીવરૂપી ગાયોને નિર્વાણ રૂપી વનમાં લઈ જાય છે.
માર્ગાચ્યવન - નિર્જરાર્થં પરીષોઢવ્યાઃ પરીષહાઃ ।
સ્વીકારેલ ધર્મમાર્ગમાં ટકી રહેવા અને કર્મબંધનોને
તોડી નાંખવા માટે જે સ્થિતિ સમભાવપૂર્વક સહન
કરવામાં આવે, તેને 'પરિષહ' કહે છે. રાગ-દ્વેષ, કષાય-
વિષય, પરિષહ - ઉપસર્ગોને નમાવે, તે નમસ્કારાર્હ છે.

ઉપસર્ગ = જેનાથી પીડા થાય તે, તેને નમાવે તે નમનીય.
અરિહંતો = ઇંદ્રિય-કષાયાદિ ભાવશત્રુઓનો નાશ કરે તે.
તેઓ શરીર - મનસંબંધી વેદનાઓને પણ નમાવે છે.

જ્ઞાન - દર્શન - ચારિત્ર એ ત્રણેનું ધન છે,

તે ધનને લૂંટવો ગમાય છે.

'નવકારમંત્ર મહાન અર્થવાળો છે' આને થોડા અક્ષરોનો હોવા છતાં તેમાં બારે અંગના અર્થનો સમાવેશ છે. ભાવથી નમસ્કાર કરનાર જીવને તે જ ભવે મોક્ષ મળતો નથી, તો પણ ભાવનાવિશેષ થઈ તે બોધિલાભની પ્રાપ્તિ માટે થાય છે અને જેને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, તેને નજીકના સમયમાં અવિનાશપણે મોક્ષપ્રાપ્તિ થાય છે.

આ નમસ્કાર મહામંત્ર નામાદિ મંગળોમાં ઉત્કૃષ્ટ અર્થકારી હોવાથી તે પ્રથમ મંગળ કહેવાય છે અથવા પાંચે પરમેષ્ઠિઓ ભાવમંગળ સ્વરૂપ છે, તેમાં આ અરિહંત પ્રથમ મંગળ સ્વરૂપ છે.

ઉપાધ્યાયોને નમસ્કાર તે ચતુર્થ મંગળ

ઉપયોગપૂર્વક ધ્યાન કરનાર તે ઉપાધ્યાય અથવા ઉપયોગપૂર્વક પાપોનું વર્જન કરી ધ્યાનારૂઢ થઈને કર્મોને દૂર કરે, તે ઉપાધ્યાય ભગવંતો - ચતુર્થ મંગળ છે.

અક્ષરાર્થના અભાવે પદાર્થના અભાવનો પ્રસંગ આવે.
પદ એ સમુદાયરૂપ હોવાથી અહીં અક્ષરાર્થ સમજવો.

ઉપાધ્યાયને નમસ્કાર મહાન અર્થવાળો છે અને
દરેકનું મરણ નજીકમાં હોય, ત્યારે
નિરંતર અને ઘણીવાર ગણવામાં આવે છે.
તે નમસ્કાર બધાં જ પાપોનો નાશ કરનારો છે, તેમ
બધાં જ મંગળોમાં ઉપાધ્યાયનમસ્કાર એ ચોથું મંગળ છે.

### સાધુને નમસ્કાર તે પંચમ મંગળ

સાધુઓ નિર્વાણને સાધનારા સમ્યગ્દર્શન આદિ યોગોને
સાધે છે તથા બધા પ્રાણીઓ પ્રત્યે સમભાવ હોય છે,
તેમ તે 'ભાવસાધુ' ઇત્યાદિ છે.

યોગનું પ્રધાન લક્ષણ સમત્વ - સમભાવ છે.

વિષયોથી દૂર રહેનારા, નિર્મળ ચારિત્ર પાળનારા,
તથ્યગુણોને સાધનારા તથા આત્મકાર્યમાં સદા ઉદ્યમશીલ
હોવાથી નવકારના પંચમ પદે સ્થિત સાધુઓ નમનીય છે.
પરમાર્થ સાધવાની પ્રવૃત્તિમાં જગત અસહાય છે, ત્યારે
સહાય વગરના એવા મને સંયમમાં સહાય કરે છે, માટે
સાધુઓને નમવું પણ અત્યંત જરૂરી - ફળદાયી છે.
સર્વ મંગળોમાં સાધુઓને નમસ્કાર પાંચમું મંગળ છે.

આ પાંચ નમસ્કારરૂપ મંગળમ્

અર્થ - કામની પ્રાપ્તિ પણ શુભ વિપાકવાળી બને છે,
તેથી આસક્તિ વિના અનુકૂળ આનંદ મળે છે.
શુભપુણ્યનું કારણ હોવાથી પરભવમાં પણ તે મળે છે.
સિદ્ધિ, સ્વર્ગ, સુકુળ વગેરે પરભવ સંબંધી ફળો છે,
ઋદ્ધિ અને મંગળનું આગમન - એ પ્રયોજન છે.

નવકારની સુંદર સરખામણી

અન્ય શાસ્ત્રોને સમુદ્ર કહીએ તો નવકાર તેમાંથી નીકળેલું
અમૃત છે, અન્ય શાસ્ત્રોને જો ક્ષીર કહીએ તો નવકાર
તેનું નવનીત છે, અન્ય શાસ્ત્રોને જો રોહણાચલ કહીએ
તો નવકાર તેમાંથી ઉત્પન્ન થયેલ વજ્રરત્ન છે
અને જો અન્ય શાસ્ત્રોને મલયાચલ કહીએ,
તો નવકાર તેમાંથી નીકળેલ અમૂલ્ય ભાવના ચંદન છે.
અહીં જગતના સર્વ મંગલો આ નવકારને આધીન છે.
તેમાં દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ છે. નવકારના પવિત્ર
અક્ષરો દ્રવ્યરૂપ છે. જ્યાં તેનો જાપ થાય, તે ક્ષેત્ર તથા
જ્યારે નવકારનું સ્મરણ થાય, તે કાળ પણ મંગળ છે.
નમસ્કારનો ભાવ - નમ્રતાનો ભાવ સ્વયં મંગળરૂપ છે.
જેનો ભાવ મંગળ - તેના નામાદિ સર્વ મંગળ છે.

મન વશ કરવા માટેનું સર્વોત્તમ સાધન નવકારમંત્ર છે. નવકારના ભાવરૂપ શુદ્ધપરિણામ બોધરૂપ, શ્રદ્ધારૂપ અને કથંચિત્ આસ્રવનિરોધરૂપ હોવાથી ચારિત્રરૂપ પણ છે. એમ ક્રિયા વિનાનું કોરું જ્ઞાન ભાવરૂપ બનતું નથી, તેમ જ્ઞાન વિનાની એકલી ક્રિયા પણ ભાવરૂપ બનતી નથી.

એકલાનું નવકારનું જ્ઞાન અને બોલવાનું નવકારની ક્રિયા મળીને ભાવનમસ્કાર થાય છે. ભાવનમસ્કાર એટલે આત્માની વિશુદ્ધ પરિણતિ.

## જાપવિધિમાં શ્રદ્ધા મુખ્ય

'મંત્રચૈતન્ય' એટલે મંત્રના શબ્દોમાં ધ્યાતાની એકાગ્રતા વડે ઉત્પન્ન થયેલ તન્મયતા. એ તન્મયતા વિધિપૂર્વક જાપ વડે જ આવી શકે છે. વિધિમાં શ્રદ્ધા મુખ્ય છે, જ્ઞાન વડે તે જગાડી શકાય છે. એ માટે ધ્યાતા, ધ્યાન, ધ્યેય અને ધ્યાનનું ફળ - એમ ચારે વસ્તુનું જ્ઞાન હોવું જોઈએ.

સંસારના સગા એ સ્વાર્થના સગા છે, જ્યારે પરમેષ્ઠિ ભગવંતો નિષ્કારણ, નિઃસ્વાર્થ, વાત્સલ્યપૂર્ણ સંબંધી છે. નવકારથી જીવનોપયોગી સામગ્રી ક્લેશ વિના મળે, વિઘ્ન વગર ભોગવાય, આસક્તિના અભાવે કર્મ નિરનુબંધ બને.

## નવકારના સ્મરણનો પ્રભાવ

મરણ વખતે સમાધિ રહે, પરલોકમાં સુગતિ ઉપરાંત
સુકુળ મળે, બોધિરત્ન મળે અને અંતે પરમપદ મળે,
તે બધો પ્રભાવ એક નવકારના સ્મરણમાં છે.
ઉત્તમ જન્મ, સુંદર જીવન અને સમાધિ મરણ -
એ નવકારનાં આ લોકનાં પ્રત્યક્ષ ફળ છે.

## મંગળપદથી વિવિધ કર્મનાશ

પ્રભુ 'નામ'ના અક્ષરોની સંયોજનાથી ઉપજતાં આંદોલનો
કર્મના પરમાણુઓને વિખેરી નાંખે છે.
અંતરાત્મા એ Bulb છે, નવકારના અક્ષરોનું સ્મરણ
એ wire છે અને આત્મશક્તિની ચરમસીમાએ
પહોંચેલ સર્વ પરમેષ્ઠિઓ power house છે.
નવકારની પ્રધાન અસર મોહકર્મ ઉપર પડે છે, તેથી
અંતરાયકર્મ તૂટતાં સત્કાર્ય કરવાનું બળ વધે છે તથા
અન્ય કર્મો પણ શિથિલ બની જતાં પાપનાશ થાય છે.
મોહનીયકર્મના નાશ માટે નવકાર અત્યંત ઉપકારી છે,
કેમકે પાંચે પરમેષ્ઠિ મોહના વિજેતા છે, અહં - મમને
જીતી નિર્મમ ઉપરાંત નિરહં બનેલા છે અને શુદ્ધ
આત્મદ્રવ્ય અને તેના ગુણોમાં સતત રમણ કરનારા છે.

મોહનીયકર્મનો પ્રબળ કિલ્લો નામશેષ કરવા માટે એકાગ્રતાપૂર્વક નવકાર મંત્રનો જાપ કરવો જરૂરી છે.

## મનરૂપી ધનને સાચવવા નવકાર

સાત્વિક જીવન જીવવા માટે તનરૂપી ધન કરતાં મન રૂપી ધનને સાચવવું વધુ જરૂરી છે, જે મંત્ર વડે રક્ષાય છે. પવિત્ર પદોના સ્મરણો વડે જ મન પવિત્ર બની શકે છે. જેનું મન સુરક્ષિત છે, તેના તન-ધન સુરક્ષિત છે. ચિત્તનું વિપરિતગમન રોકવા માટે નવકાર એ પરમ સાધન છે. નવકાર બુદ્ધિ સુધારે છે, વિઘ્ન અને સંકટોને વિદારે છે. મોટાં વિઘ્ન બે છે : મન અને મરણ - તે બંનેને સુધારનાર પ્રબળ સાધન નવકાર છે. નમસ્કાર વિષયક સતત ઉપયોગ એ કર્મક્ષયનું અસાધારણ કારણ છે.

મનનું રક્ષણ મંત્રથી જ થાય.

શ્રુતોપયોગ એ ભાવસંવર છે, વિપુલ નિર્જરાનો હેતુ છે.

મતિને શુદ્ધ અને સૂક્ષ્મ બનાવનાર તથા

સર્વ પુરુષાર્થનું મૂળ - બુદ્ધિયોગને આપનાર નવકાર છે.

બુદ્ધિયોગને 'આત્મહિત પરિણતિ' કહે છે.

આત્માનું હિત કરે તેવું વિશિષ્ટ જ્ઞાન નવકારના જ ઉપયોગપૂર્વકના સ્મરણ - ચિંતન વડે પ્રાપ્ત થાય છે.

## ઉત્કૃષ્ટ કોટિનું શ્રુતજ્ઞાન નવકાર છે.

પંચ પરમેષ્ઠિરૂપ સર્વોત્કૃષ્ટ મહાપુરુષોનો તેમાં નિર્દેશ છે. તેઓએ આત્મહિત પરિણામે ઉપજાવનાર શ્રુતજ્ઞાનને લબ્ધિ અને ઉપયોગ રૂપે જીવનમાં એકમેક કરેલું છે.

શ્રુતસ્વાધ્યાયનાં ફળો : આત્મહિતપરિજ્ઞા, ભાવસંવર, સંવેગ, નિષ્પ્રકંપતા, તપ, પરને ધર્મોપદેશ, નિર્જરાદિ છે.

## મનની એકાગ્રતા એ જ તપ

પંડિત ગણપતિ શાસ્ત્રીને મહર્ષિ રમણે તેમના એક પ્રશ્નનો જે ઉત્તર આપ્યો, તે 'તપ'ને સમજવા માટે મહત્વનો છે.

પ્રશ્ન : મેં ઘણા ગ્રન્થોનો અભ્યાસ કર્યો છે. ઈતિહાસ, પુરાણ, ઉપનિષદો, ગીતા વગેરેનું ઠીક ઠીક જ્ઞાન ધરાવું છું પણ તપ કોને કહેવાય, તેની મને સમજણ પડતી નથી.

ઉત્તર : તમે કહો છો કે 'મેં અભ્યાસ કર્યો છે' એમાં 'મેં' શબ્દ ક્યાંથી ઉઠે છે, તેની બરાબર શોધ કરી શકો, તો તમે તપ કર્યું છે, એમ કહેવાય. જ્યારે કોઈ મંત્રનો જપ કરતાં હોઈએ, ત્યારે તે અવાજ જ્યાંથી ઉદય થાય, ત્યાં મનને એકાગ્ર કરીએ, તો એ તપ છે.

- Bharat, Dt. 1-3-71

## અગિયાર દ્વારોથી નવકારની મહત્તા

છેદસૂત્રકાર ભદ્રબાહુસ્વામી ચૌદ પૂર્વધર હતાં, એ વિષે વિવાદ નથી પણ નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી નૈમિત્તિક અને વરાહમિહિરના ભાઈ હતાં, એમ કેટલાકનું કહેવું છે. તેમણે ૧૧ દ્વારોથી નમસ્કાર સૂત્રની મહત્તા બતાવી છે, એ એમની પ્રતિભાનો પરિચય કરાવે છે.

### ૧૧ દ્વારોનાં નામ

(૧) ઉત્પત્તિ દ્વાર = સમુત્થાન, વાચના, લબ્ધિ.
(૨) નિક્ષેપ દ્વાર = નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવ.
(૩) પદ દ્વાર = પ્રકૃતિ પ્રત્યયથી વિચાર.
(૪) પદાર્થ દ્વાર = દ્રવ્ય - ભાવસંકોચ.
(૫) પ્રરૂપણા દ્વાર = છ અને નવ દ્વારો વડે.
(૬) વસ્તુ દ્વાર = પાંચ પ્રકારની મહત્તા.
(૭) આક્ષેપ દ્વાર = સંક્ષેપ કે વિસ્તાર?
(૮) પ્રસિદ્ધિ દ્વાર = સંક્ષેપ.
(૯) ક્રમ દ્વાર = પૂર્વાનુપૂર્વી.
(૧૦) પ્રયોજન દ્વાર = કર્મક્ષય - મંગલ આગમન.
(૧૧) ફલ દ્વાર = આ લોક - પરલોકનાં સુખ.

o

'ૐ સોઽહં ૐ હંસઃ સોઽહં ૐ'

સુમુનિઓનું પરમ કર્તવ્ય શું? ૐ ચૈત્ર સુદ ૧૧

ધ્યાનયોગ વડે આત્મદર્શન એ સુમુનિઓનું પરમ કર્તવ્ય છે.

મનથી ધારણા, વચનથી ધ્યાન અને
કાયાથી સમાધિ સિદ્ધ થાય છે, ત્યારે તે ત્રણેની
એક વિષયમાં થતી એકાગ્રતા - એ મુખ્ય સંયમ છે.
એક જ વિષયમાં ધારણા - ધ્યાન - સમાધિ અર્થાત્
દર્શન - જ્ઞાન - ચારિત્ર ત્રણે ગુણોનું
એકત્ર સમવસ્થાન એ મોક્ષનો અનન્ય માર્ગ છે.
એ માર્ગનું આરાધન શિવસુખનો ધોરી ઉપાય છે.
નવકારનાં પદો વડે તે સહજ સુસાધ્ય છે,
તે માટે શાસ્ત્રોમાં તેનો મહામહિમા ગવાયો છે.

મોક્ષાભિલાષી - સર્વવિરતિ અભિલાષુક - અનુયાયી

(૧) જેઓ મોક્ષે ગયેલાઓને પૂજે છે અને બાવાઓને પૂજતા નથી જ, તેઓ મોક્ષાભિલાષી છે, એ નિશ્ચિત છે.

(૨) જેઓ નિર્ગ્રન્થ સાધુઓને વંદે છે, બાવાઓને નહિ જ, તેઓ સર્વવિરતિના અભિલાષુક છે, એમાં શંકા નથી.

(૩) જેઓ ધર્મ તરીકે દયાને જ માને છે અને હિંસાને નહિ જ, તેઓ જિનેશ્વરોના અનુયાયી છે જ, એમાં શંકાને સ્થાન નથી.

## જૈન ધર્મ 'પ્રધાનં સર્વ ધર્માણાં' શા માટે?

ધર્મ વિશ્વવત્સલ છે, ગુરુ સકલ સત્ત્વહિતાશય છે
તથા દેવ ષડ્જીવનિકાય હિતકારક છે.
સર્વ ધર્મોમાં પ્રધાન ધર્મ જૈન ધર્મ છે,
કેમકે જૈન ધર્મ ષટ્કાયવત્સલ છે.
સર્વ ગુરુઓમાં પ્રધાન ગુરુ સુસાધુઓ છે,
કેમકે તેઓ ષડ્જીવનિકાયના રક્ષક છે.
સર્વ દેવોમાં પ્રધાન દેવ વીતરાગ જિનેશ્વર દેવ છે,
કેમકે તેઓ વિશ્વહિતકર ઉપદેશના દાતા છે.
ધર્મનું લક્ષણ વાત્સલ્ય છે, જેમાંથી ક્ષમાદિ ધર્મો જન્મે છે.
ક્ષમાદિ ઉત્તમ ધર્મોને ધારણ કરનાર ગુરુઓ છે અને
ક્ષમાદિ ઉત્તમ ધર્મનું ફળ મુક્તિ છે.
મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિસાધક -
ત્રણે નવકાર મહામંત્રમાં ગૂંથાય છે.

જિનો દેવઃ કૃપાધર્મો ગુરવો યત્ર સાધવઃ ।
શ્રાવકત્વાય કસ્તસ્મૈ ન શ્લાઘેતાવિમૂઢધીઃ ॥

સમજૂતિ: જે શ્રાવકના દેવ વીતરાગ ભગવાન,
ગુરુ સાધુ ભગવંત અને ધર્મ દયામય છે,
એવા શ્રાવકપણાની પ્રશંસા કયો બુદ્ધિશાળી ન કરે?

Jambusar, dt. 10/2/72

પરમાત્માનું સામર્થ્ય કોણે ન ગાયે ?

મૂર્ત છતાં અમૂર્ત, નગ્ન છતાં અનગ્ન, દેહ છતાં દેહાતીત પરમગુરુ - પરમાત્માના ચરણારવિન્દમાં વારંવાર વંદના. નાનકડું સરોવર એ સાગરનું માપ કેવી રીતે કાઢી શકે? ટેકરી હિમાલયની ઊંચાઈ કેવી રીતે જાણી શકે ? છતાં ય અલ્પબુદ્ધિ આવડે તેવાં ગુણ ગાવામાં આનંદ રહે છે.

પરમાત્માનું આંતર - બાહ્ય વ્યક્તિત્વ વિરાટ છે,
વામનરૂપથી એ ન સમજાય.

દેવ-ગુરુ કે ગુરુ-દેવ આપવામાં પાછી પાની કરતા નથી. કલિકાળમાં પણ મુગ્ધ કરે તેવું આ અદ્ભુત આશ્ચર્ય છે. શિષ્યના જીવભાવને ટાળી, શિવભાવમાં સ્થિર કરનાર એવા અનુપમ અને જન્મોજન્મના અનંત ઉપકારી દેવ અને ગુરુઓને હૃદયપૂર્વક અનંત વન્દનાવલિ.

કવિ નાનાલાલ કહે છે કે:

જીવંત દેહમાંથી મૃતદેહને બાદ કરતાં
પછી જે બાકી રહે તે આત્મા.

વિવેકાનંદ કહે છે કે:

નિર્વિકલ્પ સમાધિ વડે બ્રહ્મનો સાક્ષાત્કાર કરવો શક્ય છે.

## પ્રેમ - કરુણા - સત્ય જ સાચી સંપત્તિ

બીજાનાં સુખે સુખી થવું તે પ્રેમ.
બીજાનાં દુઃખે દુઃખી થવું તે કરુણા.
મન, વચન અને કર્મથી એકરૂપ થવું તે સત્ય.
પ્રેમ અને કરુણા તે ગુણ - પ્રકૃતિ છે અને
સત્ય જે એનો આત્મા છે, તે દ્રવ્ય છે.
લૌકિક દ્રવ્ય છે, તે બાહ્યસંપત્તિ છે અને
લોકોત્તર દ્રવ્ય છે, તે આત્મદ્રવ્ય છે.
જેની પાસે દ્રવ્ય છે, તે સંપત્તિમાન છે.
આત્મદ્રવ્યની સાથે તાદાત્મ્ય સાધનારો સદા શ્રીમંત છે.
આત્મસ્મરણ તે સંપત્તિ છે અને આત્મવિસ્મરણ તે
વિપત્તિ છે, નિર્ધનતા છે, દરિદ્રતા છે.
આત્મદ્રવ્ય અખૂટ છે, તેથી
તેનો માલિક સદા સુખી છે, સંપત્તિમાન છે.
ધર્મનો પાયો ત્રણ જ શબ્દોમાં કહેવો હોય, તો તે છે:
સત્ય, પ્રેમ, કરુણા.
સત્ય એટલે મન, વચન અને કર્મથી એકરૂપ થવું,
પ્રેમનું તાત્પર્ય બીજાના સુખે સુખી થવું અને કરુણા
એટલે દુઃખીને મદદ કરવી, બીજાના દુઃખે દુઃખી થવું તે છે.

## અરિહંત નમસ્કાર શું કરે ?

જાતિસ્મરણજ્ઞાનીની અપેક્ષાએ
આઠે પ્રકારનાં કર્મ 'પાપ' કહેવાય છે.
પાતયતિ, હિતં પીબતિ ઇતિ પાપં ।
અરિહંતને કરેલો નમસ્કાર તે પાપોનો નાશ કરે છે.

## સ્વાધ્યાય એટલે...

સ્વનું અધ્યયન, આત્મસ્વરૂપનું દર્શન - મનન - ચિન્તન.
આપણને પોતાને જોવા પુસ્તકનું અધ્યયન કરવાનું છે.
દર્પણ બનાવનારની દૃષ્ટિ જુદી છે,
દર્પણમાં જોનારની દૃષ્ટિ સ્વદોષદર્શન અને
તેને દૂર કરવાની દૃષ્ટિએ હોવા જોઈએ.
સ્વદોષદર્શન અને તેનો પ્રતિકાર
નમ્યા વિના અર્થાત્ ગર્દન નીચી કર્યા વિના અશક્ય છે.

## એક ગેરસમજણ દૂર કરીએ

શાસ્ત્રોમાં આવતા 'શ્વાસોશ્વાસ' શબ્દથી
'ઊંચો શ્વાસ લઈને નીચે મૂકવો'
કોઈ તે અર્થ ન સમજે, તે માટે આર્ષવચન
'પાય સમા ઉસાસા' અર્થાત્
ગાથાનો પાદ 'ચતુર્થ ભાગ' સમાન શ્વાસોશ્વાસ સમજવા.

'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી'

વિરહની કૂંપળો જ પ્રેમની પોષક છે.
પ્રેમની ખરી મઝા જ વિરહમાં છે.
વિરહનો વિષાદ જ મિલનનો સાચો આનંદ આપે છે.
જેણે વિરહની વેદના અનુભવી નથી,
તેને મિલનનો આનંદ અસંભવિત છે.

જેનો ભવનિર્વેદ તીવ્ર બન્યો નથી, તેને ભગવદ્‌બહુમાન હજુ થયું નથી. ભવનિર્વેદ એ જ ભગવદ્‌બહુમાન છે.

પ્રશ્ન : બાબા, તમને સાક્ષાત્કાર થયો છે?

ઉત્તર : હમણાં પ્રભુનો સાક્ષાત્કાર કરી લઉં, તો પછી આ ભજનસુખ, દર્શનની ઉત્કટ ઝંખનાદિ ક્યાંથી લાઉં?

ખરો આસ્તિક કોણ?

પોતે જે કરે તેમાં માનતો હોય, તે પણ આસ્તિક છે. 'ઈશ્વર વગેરે પારલૌકિક બાબતોનું ભાન થઈ ન શકે' એવું પ્રામાણિકપણે માનનાર પણ આસ્તિક જ છે.

ઈશ્વરનું મન તે જ મારું મન છે. તેની શક્તિ એજ મારી શક્તિ છે. સહજ રીતે ભાર વહન કરવાની તેની વૃત્તિ એજ મારી વૃત્તિ છે. કોઈપણ વસ્તુ મારે માટે બોજરૂપ નથી, કોઈપણ તાકાત મને ભાંગી નહીં શકે,

ક્રમક્રમે તેમ સ્વાતંત્રવાદી પરમાત્મા સાથેની મારી એકતાની શ્રદ્ધા પાયાદીન બની જાય છે.

I and my Father are one.
All that the Father has is mine.
Son, thou art ever with me.
All that I have is Thine.

ૐમાં ચાર પ્રકારનું સામર્થ્ય

ૐની ઉપયુક્તતા સમજવા ભાષાશાસ્ત્ર અને માનસ-શાસ્ત્રના નિયમોનો અભ્યાસ કરવા સાથે તેના ધ્યાનનો વૈજ્ઞાનિક સંબંધ જાણવો અત્યંત જરૂરી થઈ પડશે:

(૧) Spiritual = સત્યનું (આધ્યાત્મિક) સામર્થ્ય.
(૨) Factual-vocal = વસ્તુસ્થિતિનું સામર્થ્ય.
(૩) Psychological = ભાવનું (માનસિક) સામર્થ્ય.
(૪) Linguistic = પ્રતીકનું સામર્થ્ય.

શબ્દ એક symbolical સંકેત છે.

શબ્દમાં સ્વાભાવિક સામર્થ્ય છે, શબ્દને વાચ્ય-વાચક સંબંધ છે. શબ્દ એ પરમેશ્વર - પરમનું જ નામ છે.

મનુષ્યનું જ્ઞાન અને વ્યવહાર -
બંને શબ્દશક્તિ ઉપર જ આધારિત છે.

## શબ્દ એટલે સંકેત એટલે પ્રતીક

સોની નોટ એ રૂપિયાનું પ્રતીક છે,
ચેકની ઉપર સહી એ તમારું પ્રતીક છે.
રાષ્ટ્રધ્વજ એ દેશનું પ્રતીક છે,
રાષ્ટ્રગીત એ દેશભક્તિનું પ્રતીક છે.
ગુલાબ શબ્દનો ઉચ્ચાર ગુલાબનું ભાન કરાવે છે.
આ રીતે જીવન કોઈને કોઈ પ્રતીકથી બંધાયેલ છે.
પ્રતીક જેટલું ઉત્કૃષ્ટ,
તેટલું તેનાથી મળનારું ફળ પણ ઉત્કૃષ્ટ હોય છે.

## પ્રમોદભાવનાનું માહાત્મ્ય

મૈત્રી - પ્રમોદ - કરુણા અને માધ્યસ્થ્ય ભાવનામાં
પ્રમોદભાવનાથી હૃદય વિશાળ, ઉદાર અને ઉદાત્ત બને છે.
સૂરજનો અરુણ ઉદય થતાં ચોરો પલાયન કરી જાય છે
અને કમળો વિકસ્વર બને છે,
તેમ મનુષ્યના મનમાં પ્રમોદભાવ ઉત્પન્ન થતાં જ
અઢાર જાતના પાપરૂપી ચોરો પલાયન કરી જાય છે,
મનુષ્યના હૃદયરૂપી કમળો વિકસવા લાગે છે,
વિષય - કષાયો રૂપી સર્વ અશુદ્ધિઓ દૂર થાય છે
અને દયા - ક્ષમાભાવ સાથે ચિત્તની વિશુદ્ધિ પ્રકટે છે.

## સમ્યક્ત્વ સરલ...

શમ = ઉપશમ, દમ, ઉપરતિ, તિતિક્ષા.

સંવેગ = મુમુક્ષુત્વ, મોક્ષની તીવ્ર અભિલાષા.

નિર્વેદ = વૈરાગ્ય, અનુકંપા = શ્રદ્ધા, સમાધાન.

આસ્તિક્ય = વિવેક, શ્રદ્ધા.

લાભાલાભ, જીવિત - મરણ, સુખ - દુઃખ,
નિંદા - પ્રશંસા, માનાપમાનમાં સમ રહેવું, તે શમ છે.

સૌથી મોટું સુખ મનની શાંતિ છે.

માનસિક આવેગો ઉપર વિજય તે સંવેગ છે.

શારીરિક વેગ રોકવાથી હાનિ છે,
માનસિક વેગ ન રોકવાથી હાનિ છે.

શારીરિક - માનસિક આવેગોથી મન તરંગિત થાય છે.

જ્યાં ભોગ છે, ત્યાં આરંભ છે.

નિર્વેદનું ફલ છે સર્વ ભોગોથી વિરક્તિ - આરંભનો ત્યાગ.

ધર્મ એ ત્રૈકાલિક, દેશકાલાબાધિત, અવિનાશી તત્ત્વ છે.

વૈરાગ્યના ત્રણ પ્રકાર છે: સંસાર, શરીર અને ભોગ.

એ ત્રણેયમાં દોષદર્શનથી વિરક્તિ જાગે છે.

આત્માની બે અવસ્થા છે: પ્રશાન્ત અને તરંગિત.

સુખના બે પ્રકાર છે: સાબાધ અને નિરાબાધ.

પૌદ્ગલિક સુખ સાબાધ, અનૈકાંતિક અને અનાત્યંતિક છે,
આત્મસુખ અનાબાધ, ઐકાન્તિક અને આત્યન્તિક છે.

સમર્પણ બે પ્રકારે : ગુરુ પ્રત્યે તથા માર્ગદર્શક પ્રત્યે.

ઇચ્છાનિરોધ એજ વાસ્તવિક સમર્પણ છે.

છંદં નિરોહેણ ઉવેઇ મોક્ખં |

અર્થાત્ : ઇચ્છાનિરોધ કરીને મોક્ષમાં જાય છે.

પોતાની ભિન્નતાનો ભાર ગુરુનો સોંપવો, તે સમર્પણ અને એજ નિશ્ચિંતતાને લાવનાર છે.

શાસ્ત્રાર્થં સર્વશાસ્ત્રાણિ વિહિતાનિ મનીષિભિ: |
સ એવ સર્વશાસ્ત્રજ્ઞ: યસ્ય શાન્તં સદા મન: ||૧||

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

ચંચળ મનને એકાગ્ર કર્યા વિના અચંચળ મન ક્રિયાશીલ ન બને. ચંચળ મનને એકાગ્ર કરવાથી અચંચળ મનને પોતાની શક્તિને પ્રદર્શિત કરવાનો અવસર મળે છે. પ્રવૃત્તિ - ગતિ એ જીવનનો નિયમ છે, તો સત્ય એ અસ્તિત્વનો નિયમ છે. નિવૃત્તિ દ્વારા જ સ્થિરતા પ્રાપ્ત થઈ શકે છે. પ્રવૃત્તિની વચ્ચે વિશ્રાંતિ માટે નિવૃત્તિ લેવી તે પલાયનવાદ નથી. શિથિલીકરણ એક ચિકિત્સા છે. શવાસન, કાયોત્સર્ગ કે આનાપાન સ્મૃતિ - એ અર્થમાં

શિથિલીકરણ પણ છે. શરીરચેષ્ટા વાણી - ભાષા અથવા મનની નિવૃત્તિ એજ પ્રવૃત્તિને પ્રબળ બનાવનાર છે.

કામ પછી આરામ અને આરામ પછી કામ.

જાગરણ બાદ નિદ્રા અને નિદ્રા બાદ જાગરણ,

એ પ્રવૃત્તિ - નિવૃત્તિનું સંતુલન છે.

નિવૃત્તિનો અર્થ સૌથી મોટી પ્રવૃત્તિ.

બાહ્યની પ્રવૃત્તિમાં પરભાવની નિવૃત્તિ = પ્રવૃત્તિનું રૂપાંતરણ.

આત્મસાધનાની નિવૃત્તિ તે વ્યવહારમાં પ્રવૃત્તિ છે,

વ્યવહારમાં પ્રવૃત્તિ તે આત્મસાધનાની નિવૃત્તિ છે.

આત્મામાં અનંત શક્તિ, જ્ઞાન અને આનંદ છે.

જે વસ્તુ માટે જગત ભટકે છે, તે વસ્તુ આત્મામાં નથી, પરંતુ તેની પાસે જે વસ્તુ છે, તે પ્રાપ્ત થયે બહાર ભટકવાનું મટી જાય છે. વાસનાઓથી મુક્ત બનો. ઇંદ્રિયો ઉપર કાબુ મેળવો. સમૃદ્ધિ આત્મામાં ભરેલી છે.

શારીરિક આવશ્યકતાઓનું સમાધાન બહાર છે,

કિન્તુ આંતરિક સમસ્યાઓનું સમાધાન અંદર જ છે, આત્મામાં છે. આત્મા અનન્ત શક્તિઓનો સ્રોત છે.

કોરી સ્મૃતિ કે કોરી વિસ્મૃતિ - એ દુર્ગુણ છે.

ક્વચિત્ સ્મૃતિ, ક્વચિત્ વિસ્મૃતિ - બંને વરદાન છે.

એ જરૂરી છે કે...
અસદ્વિચારને ભૂલવા અને સદ્વિચારને ન ભૂલવા.
સારા સંસ્કારોની સ્મૃતિ પ્રબળ બનાવવાથી
બુરા સંસ્કારની વિસ્મૃતિ આપોઆપ થવા પામે છે.
વર્તમાનનો પ્રયત્ન તે પુરૂષાર્થ છે, જ્યારે
ભૂતકાળનો પ્રયત્ન તે ભાગ્ય છે.
સ્થૂલશરીરનું મૂલ સૂક્ષ્મશરીર છે. પ્રતિક્રિયાનો મૂલ સ્રોત
સૂક્ષ્મશરીર, જ્યારે ક્રિયાનો મૂલ સ્રોત સ્થૂલશરીર છે.
મનના બે ટેકા છે: ઇંદ્રિયો અને શબ્દ.
ઇંદ્રિયોનો વિષય દૃશ્ય છે, શબ્દનો વિષય અદૃશ્ય પણ
દૃશ્યની અભિવ્યક્તિનું સાધન ટેલિવિઝન છે,
શબ્દની અભિવ્યક્તિનું સાધન રેડીઓ છે.
ક્રિયા કરવામાં જીવ સ્વતંત્ર છે, તેના ફલભોગમાં પરતંત્ર છે.
ભાગ્ય ઉપર ભરોસો ન રાખતાં
તે પુરૂષાર્થ ઉપર ભરોસો રાખો કે જે ભાગ્યને ઘડે છે.
પંચસૂત્ર - પ્રથમ સૂત્રનો સાર
સુકૃતાનુમોદનથી પુણ્યકર્મ સાનુબંધ બને છે,
દુષ્કૃતગર્હાથી પાપકર્મ નિરનુબંધ બને છે તથા
શરણાગમનથી આત્મા પરમાત્મા બને છે.

## સાચી સમાધિ માટે શું કરવું ?

ભાવિ પાસે ધર્મધ્યાન જ સમ્યગ્ ઉપાય છે.
ધર્મધ્યાનથી સમતાનો લાભ મેળવાય છે.
પૂર્વાચાર્યોએ સંઘસમાધિ માટે સર્વસ્વ કરેલ છે, તેથી
ભાવિકો પણ સચવાય - સાચા ધર્મની પ્રભાવના ય થાય.

Imp ભક્તામર સ્તોત્ર તથા 'અસિઆઉસા'નો જાપ
આપણા મનને સાચી સમાધિ આપે છે.
તેનાથી અભિમાનરૂપી પાપ પણ નાશ પામે છે.
સાચી સમાધિ માટે સંતિકરંનો જાપ પણ ઉપકારક છે.

## 'દીપ્ત', 'બુદ્ધ-જાગૃત' 'પાવન' મંત્રો એટલે શું ?

અભ્યંતર પરિકર નાદ - બિંદુ - કલા સહિત હોય છે.
એવા મંત્રને 'દીપ્ત' કહે છે.
નાદ - બિંદુ - કલા એ મંત્રના ઉદ્દીપક છે.
મૂલાધારથી ક્રમશઃ ઊર્ધ્વગમન કરનાર મંત્રચૈતન્યને
'બુદ્ધ - જાગૃત' કહેવાય છે. ધ્યાન વડે કર્મમલનો
નાશ કરનાર હોવાથી તેને 'પાવન' મંત્ર કહેવાય છે.

## મંત્રવીર્ય ક્યારે પ્રકટે ?

નાભિ - કંદ આદિ ચક્રોમાં મંત્ર અને આત્મશક્તિની
એકતા સિદ્ધ થાય, ત્યારે મંત્રનું વીર્ય પ્રકટ થાય છે.

મૂલાધારથી દ્વાદશાંત સુધીમાં ઉચ્ચારણની વિધિ મુજબ
જ્યારે કોઈ મંત્રનું આલંબન લેવામાં આવે, ત્યારે
મંત્ર દીપ્ત, શુદ્ધ, સુનિર્મળ થાય અને મોક્ષપ્રદ બને છે.
દીર્ઘકાળ સુધી નિરંતર ભાવપૂર્વક અભ્યાસ કરવાથી
મંત્રાક્ષરોમાં જે તાદાત્મ્ય ઉત્પન્ન થાય છે,
તેને 'અર્પણપ્રાણસ્પર્શ' પણ કહેવાય છે.

કર્મનો વિપાક ટાળી શકાતો નથી, પરન્તુ
કર્મનું ફળ ભોગવવાનું ધૈર્ય ભગવાન આપે છે.
બૂરું કામ કર્યું, એનું ફળ તો નહિ ટળે પણ ચિત્ત ઉપર
તેની અસર ન થાય, તેટલું ધૈર્ય ભક્તિ દ્વારા મળે.
પ્રભુભક્તિ કર્મફળથી નહિ પણ તેના ભયથી બચાવે છે.
'સુખ કે દુઃખ બંને દ્વારા આપણું ભલું જ થવાનું છે'
આવો દૃઢ વિશ્વાસ, એનું નામ ભક્તિ છે.

o 'તમે જે કમાઓ તે પ્રામાણિકતાથી કમાઓ અને જે
ખર્ચો, તે બીજાના ભલા માટે ખર્ચો. દુનિયામાં રહીને
ખુદાને ઓળખવાનો એ જ માર્ગ છે.' - અબુ હાતમ

o

The fruits of an effective japa
Peace of mind, Purity of heart and
Integrity of Soul.

માનવીની ખુમારી કરતાં પણ માનવતાની ખુમારી અગત્યની રહેલ છે. આપણી વાતો અને વાણી કરતાં વૃત્તિઓ અને કૃત્યોની અસર સ્થાયી રહેલ છે.

## આનંદ તો આત્માનો સ્વભાવ

હર્ષ - શોક એ દ્વન્દ્વ છે, આનંદની અવસ્થા જુદી છે. ઇન્દ્રિય સુખ પ્રાપ્ત થતાં હર્ષ થાય છે અને દુ:ખ મળતાં શોકની લાગણી થાય છે.

હર્ષ - શોક તો પ્રકૃતિ અથવા મનના પ્રદેશની બાબત છે, જ્યારે આનંદ તો આત્માનો સ્વભાવ છે.

જ્યારે વ્યક્તિ આત્મનિષ્ઠ બને અથવા આત્મતત્ત્વમાં સ્થિર થાય, ત્યારે તે આનંદમૂર્તિ જ બની જાય છે. હર્ષ - શોકના દ્વન્દ્વથી તે પર રહે છે.

આનંદમય બનવા માટે પ્રથમ પવિત્ર બનવાની જરૂર છે. જેમજેમ આંતરિક શુદ્ધિની માત્રા વધતી જાય, તેમતેમ આનંદની માત્રા પણ વધતી જાય છે.

આંતરિક જીવનને ઝડપથી રૂપાંતરિત કરવાનો [illegible] મનને સતત તથા સદા આત્માની અંદર ડૂબેલું રાખો. એક પળ પણ આત્માથી અળગા ન પડો. આત્મસ્મૃતિ જીવન છે તથા આત્મવિસ્મૃતિ દીર્ઘ - મૃત્યુસ્થિતિ છે.

આત્મતત્ત્વ જેવું કોઈ ટોનિક નથી.

તે અણમોલ દવા છે અને ઘર બેઠે પ્રાપ્ય છે.

આ ટોનિક તન અને મન - બંનેને આરોગ્ય બક્ષે છે.

આવા આદર્શની પ્રાપ્તિનો હેતુ પ્રભુપ્રાપ્તિ છે.

આધિ - વ્યાધિ - ઉપાધિના ત્રિવિધ તાપથી બચવા માટે

શાંતિનું સ્થાન માત્ર ભગવાનના શરણમાં પ્રાપ્ય છે.

જ્યાં શાંતિ છે, ત્યાં આનંદ છે. જીવનનો ત્યાગ નહિ

પણ સ્વીકાર અને દિવ્યીકરણ - એ જ આદર્શ છે.

ભારતીય સંસ્કૃતિ - અમર સંસ્કૃતિ કેમ?

દુનિયાનો ઈતિહાસ કહે છે કે:

મિસર (ઈજિપ્ત)ની સંસ્કૃતિ, ગ્રીક તથા રોમન સંસ્કૃતિ

એક કાળે ચમકી ગઈ, પછી તે સંસ્કૃતિ લુપ્ત થઈ ગઈ.

વિદેશીઓના અનેકવારના પ્રબળ ઘાતક આક્રમણો છતાં

સૈંકડો - હજારો વર્ષ પછી પણ

ભારત તથા ભારતીય સંસ્કૃતિ હજી જીવંત છે.

આ એક અજાયબ પમાડે એવી વાત છે.

પશ્ચિમના ઈતિહાસકારો અને નૃવંશના નિષ્ણાતો પણ

ઉપર્યુક્ત અજાયબ પાછળનું રહસ્ય શોધી શક્યા નથી,

કિન્તુ તે રહસ્ય સીધું, સાદું અને સ્પષ્ટ છે.

આત્મતત્ત્વ અમર છે, તો તે શાશ્વત તત્ત્વ ઉપર
રચાયેલી ભારતીય સંસ્કૃતિ પણ અમર જ હોઈ શકે.
આવી અમર સંસ્કૃતિ જે દેશની ગળથુથીમાં
પાવામાં આવી હોય, તેનો વિનાશ કોણ કરી શકે?
અધ્યાત્મના શાસ્ત્રાધાર ઉપર ભારત ઊભું હોય,
ત્યાં યુદ્ધ એને કોણ ગબડાવી શકે?

ચિંતાને શેનાથી જીતી શકાય?

ચિંતારૂપી વ્યાધિનું નિવારણ કરવાનું એક જ સર્વોત્તમ
ઔષધ છે અને તે બાહ્ય વસ્તુઓમાં આસક્તિનો ત્યાગ.
'આત્મા શિવાય અન્ય સર્વ પદાર્થો વિનાશી છે.'
એ પરમ સત્યને ચિત્તમાં સ્થિર કરવું અને
સતત આત્માનું અનુસંધાન રાખવું તથા
'હું દેહ છું - મન છું' એવા અજ્ઞાનજન્ય ભ્રમણાને
તિલાંજલિ આપવા અને પુરુષાર્થ કરી પ્રયત્ન કરવો.
આમ કરતાં કરતાં ચિંતાને જીતી શકાય છે.

મનને શેનાથી જીતી શકાય?

આપણા મનને વશ કરવાની ક્રિયામાં
શાસ્ત્રો અને સત્સંગ ઉપરાંત ભક્તિ, અનુભવવૃદ્ધ
અને સાત્ત્વિક મનુષ્યોનો સંગ સહાયક થઈ પડે છે.

મહાત્માઓના વર્તનની મન પર સચોટ અસર પડે છે.
ચિત્તભાવકને ભજન, ભક્તિ વગેરે ઉપાયોથી જીતી શકાય છે.
વિષયોની અનુરક્તિના કુસંગો સાથે તેમ ભટકતાં મનને
પ્રભુની ભાવના કરવાથી
ખાસ - વિશિષ્ટ પરિશ્રમ વિના જીતી શકાય છે.

ચિત્ત વિશુદ્ધિ અને વિકાસ બન્યા પછી
આત્મલાભ અને પ્રભુપ્રાપ્તિ અતિસરલ થાય છે, પછી
તો માત્ર સાત્ત્વિક અહંકારનો જ ત્યાગ કરવાનો રહે.
પરમ ચૈતન્યના અસલ સચ્ચિદાનંદ સ્વરૂપની ભાવના
કરવી તથા બુદ્ધિને તેમાં જોડવી, એ જ શાસ્ત્રોક્ત રીતે
અચલ શાંતિપદને પ્રાપ્ત કરવાની ચક્રવર્તી ચાવી છે.

મન ઉપર વિજય પ્રાપ્ત કર્યા વિના
શાંતિ સંપાદન કરવાની આશા વ્યર્થ છે, એ ઉપરાંત
તે ગહન વિચાર કરવાની શક્તિનો અભાવ સૂચવે છે.

नमः शान्तात्मने तुभ्यं नमो गुह्यतमाय च ।
अचिन्त्यायाप्रमेयाय अनादिनिधनाय च ॥ (પરિશિષ્ટ-૨)

ભગવાન સર્જક નથી, દર્શક છે.

વિશ્વકલ્યાણની ભાવનાને હૃદયમાં સ્થાપો, તો
જીવનનું રહસ્ય જે મુક્તિ, તે અવશ્ય મેળવી શકશો.

નીચેના શબ્દો સમાર્થક છે:

પરિણતિ, લેશ્યા, ભાવ, ચિત્તપરિણામ, મનના અધ્યવસાય.
ધર્મપરિણતિ = દોષત્યાગ અને સદ્ગુણ - સુકૃત પર મન.
ધર્મપરિણતિ એ જનમભરની પાપપરિણતિને નષ્ટ કરે છે,
પાપપરિણતિના કુસંસ્કાર તથા અશુભકર્મ નિર્મૂળ થાય છે,
દ્વેષપરિણતિને ટાળી શુભધ્યાનના સંસ્કાર મજબૂત કરે છે.
હૃદયનું પીગળવું એટલે અંતરના દોષ ઓછા થવા અને

સદ્ગુણ - સુકૃત આદિનો સ્વીકાર થવો.

દ્વેષ નીકળી જાય એટલે ઉપશમની પરિણતિ આવે
અને નવકારમંત્રના માત્ર અક્ષરનું ધ્યાન તેટલા જ
સુકૃતની પરિણતિ આવે, તો પણ દુર્ગતિ ટળે અને
સદ્ગતિ મળે. બધા પાપો કરતાં અજ્ઞાન વધુ દુઃખદ છે.

અજ્ઞાનદશાથી તે વાત સમજાય નહિ કે:

'પાપ અકર્તવ્ય છે અને ધર્મ એ જ એક કર્તવ્ય છે.'

અજ્ઞાનદશા એથી ઊલટું સમજાવે છે,

એથી પાપની ગર્હા અને સુકૃતની અનુમોદના થાય નહિ.

જ્ઞાનથી કેવી સમજણ મળે?

'અવિરતિ એ બંધન તથા વિરતિ એ બંધનથી મુક્તિ છે'

એવી સમજ જ્ઞાનથી મળે છે.

येन बोधप्रदीपेन निरस्याभ्यंतरं तमः ।
ममात्मा निर्मलीचक्रे तस्मै श्री गुरवे नमः ॥ અર્થ:

જેમણે જ્ઞાનરૂપી દિપક વડે આભ્યંતર અંધકાર એટલે કે અજ્ઞાનને દૂર કરીને મારી આત્મા નિર્મળ બનાવ્યો, તે ગુરૂ ભગવંતને નમસ્કાર થાઓ. ગુરૂ કહે છે કે: તમે નાશવંતને ન ચાહો, શાશ્વત સાથે પ્રીતિ બાંધો. સદ્ગુરુને હૃદયમાં સ્થાપી નવા ઉચ્ચ તત્ત્વોને જગાવવા છે. **માનવ જ ભગવાન છે, કેમકે ભગવાન માનવ હતો. માનવી જો પ્રયત્ન કરે, તો બધું જ કરી શકે છે.**

o केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला ।
न स्नानं न विलेपनं न कुसुमं नालंकृता मूर्धजाः ।
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणं ॥ અર્થ:

બાજુબંધ, ચંદ્ર સમ ઉજ્જવળ હાર, વિલેપન, સ્નાન, ફૂલ કે મુગટ જેવા અલંકારો પુરુષને શોભાવતા નથી, માત્ર એક સારા શબ્દોવાળી વાણી તેને શોભાવે છે. અલંકારો તો ક્ષય પામે છે, માટે વાણી જ ખરો અલંકાર છે.

o

The height of Love is with God
and depth of it is with man.

કારતક સુદ ૧૪

પરમાત્મા વિરુદ્ધ સંસારમાં કશું પ્રાપ્તવ્ય છે નહિ.

આત્મસંશોધનનો વિચાર મુખ્ય છે,
સાહિત્ય સંશોધન પણ આત્મસંશોધન માટે જ છે.
કષાયથી મુક્ત થયેલો આત્મા મોક્ષ છે,
આત્મા પોતે જ દર્શન - જ્ઞાન - ચારિત્ર છે.

## દિવ્યસંગીતથી શું શક્ય ?

સંગીત તો એક દિવ્ય કલા છે.
તેનો ઉપયોગ આપણા આત્મા અને અંતરતમ વ્યક્તિત્વ આત્માને જગાડવા તથા આનંદ પમાડવા માટે જ શોભે.
'રૂહ' એટલે આત્મા. સંગીતથી શક્ય છે રૂહને જગાડવો.
જે ઉગ્ર તપશ્ચર્યાથી શક્ય નથી, તે સંગીતથી શક્ય છે.
સંગીત જેવી દિવ્ય કલાનો ઉપયોગ
ફક્ત ઉત્તમ હેતુ માટે જ કરવો જોઈએ.

## કેવી રીતે ગાવું ?

સ્વર - વ્યંજન, માત્રા - બિંદુ, પદ - અક્ષરથી અન્યૂન, પદચ્છેદ, ઘોષબદ્ધતા, પૂર્વાનુપૂર્વી, અનાનુપૂર્વી અને આનુપૂર્વીથી વિશુદ્ધિ તથા અચાન્ચિકતા - ભૂલ્યા વિના તથા હિંસા વગેરેથી ત્રિવિધ - ત્રિવિધ વિરામ પામીને ગાવું.

સાચા મૌનનો અર્થ યોગ્ય સમયે, યોગ્ય સ્થળે, યોગ્ય રીતે, યોગ્ય શબ્દોનો, યોગ્ય પ્રમાણમાં ઉપયોગ. બહુ બોલવાની ત્યારે જ જરૂર પડે કે જ્યારે હકીકત કે વસ્તુની કશી અસરકારતા ન હોય. બહુ બોલવામાં શક્તિ બગાડવા કરતાં કાર્યમાં તેનો વિનિયોગ કરી કામ લેવો હિતાવહ છે.

તમારી વાણી કરતાં પણ તમારું કાર્ય જ વધુ સુંદર સ્વરૂપ ધારણ કરીને નવું જ ફૂલ પ્રકટાવશે પણ સ્થૂલતા માટે બોલવું, ખાવું જેટલું મહત્ત્વનું છે, તેટલું જ મહત્ત્વનું ઓછું તથા કેવા રીતે બોલવું તે છે.

o આયંબિલાદિ તપ - ઉપધાન ક્રિયાપૂર્વક એકાંતિક, આત્યંતિક, શાશ્વત, ધ્રુવ, નિરંતર અને સર્વોત્તમ સુખના આકાંક્ષીએ આદરપૂર્વક પંચ મંગલ ભણવું. 'તજ્જપસ્તદર્થ ભાવનમ્।' નામનો જપ કરવો અને અર્થનું ચિન્તન - ભાવન કરવું. નામથી ગુરુકૃપા મળે.

રાધાકૃષ્ણ, સીતારામ, 'નમો અરિહંતાણં' વગેરે નામશક્તિ તે મંત્રચૈતન્ય. સર્વ મંત્રોનો સાર 'નામ' છે,

o

જપ = Repetition of name with meaning and feeling. Grace through praise and Grace through gratitude સર્વ શાસ્ત્રોનો મર્મ છે.

## શાંતિ = સમતા = સામાયિક

શાંતિ સત્તાથી નહિ પણ સમતાથી મળે છે.
'સમતા'નો અર્થ વિષયોથી વિમુખતા,
વાસનાઓથી વિરક્તતા અને કષાયોથી વિમુક્તતા.
એને જ જૈન શબ્દોમાં 'સામાયિક' કહેવાય છે.
સામાયિક વડે જ સમ્યગ્ અને શાશ્વતરૂપથી
સુખ અને શાંતિ નિર્માણ થઈ શકે છે.
જેમ તૃષ્ણા કમ, તેમ સુખ અધિક.
Little the wants, happier you are.

## અહિંસાધર્મનો મહિમા

દેશવિરતિ - સર્વવિરતિમાં આચારભેદ છે,
પરન્તુ વિચારભેદ નહિ. વિચાર તો બંનેમાં સમાન છે.
ઋદ્ધિ - સિદ્ધિ = માટી સમાન, ભોગ = રોગરૂપ છે.
સુખ - દુઃખનું કારણ સ્વયં આત્મા છે. આત્મા જ
શત્રુ - મિત્ર, સ્વર્ગ - નરક, જન્મ - મરણ, બંધ - મોક્ષનું
કારણ છે. હિંસા, મૈથુન, પરિગ્રહ આદિથી આત્મપતન અને
અહિંસા, સંયમ અને તપથી આત્મોત્થાન છે.
માનવ અહિંસાદિ ધર્મ વડે દેવ - દેવાધિદેવ બની શકે છે,
રંકથી રાજા અને પ્રાણીમાત્રનો પૂજનીક બની શકે છે.

જાતિ-કુળનું અભિમાન મિથ્યા છે, જ્ઞાન પ્રત્યે અરુચિ અને ઘૃણા ત્યાજ્ય છે. પ્રત્યેક પ્રાણી ગુણવિશેષતાથી શિખર પદારૂઢ બની શકે છે. સમ્યક્ચારિત્ર ધર્મ અને મુક્તિનાં દ્વાર ખોલી દે છે. અંધશ્રદ્ધા વડે મુક્તિ નહિ, મુક્તિ તો તત્ત્વચિન્તન અને તત્ત્વના પરિશીલન વડે શક્ય છે. તત્ત્વનિર્ણય વડે ધર્માધર્મ, સત્યાસત્ય, હિતાહિત, ધ્યેયાધ્યેય, પથ્યાપથ્ય, કૃત્યાકૃત્ય, લક્ષ્યાલક્ષ્યનો વિવેક થઈ શકે છે. નય, નિક્ષેપ, પ્રમાણ અને લક્ષણ વડે તત્ત્વનિર્ણય થઈ શકે છે, તેથી પ્રજ્ઞા અને મેધાનો વિકાસ થઈ શકે છે.

પ્રજ્ઞામૂઢ તે પશુતુલ્ય છે.

માનવીનું મહત્ત્વ મેધાવીપણું અને પ્રજ્ઞાની પ્રૌઢતામાં છે.

સમ્યક્ પ્રકારની સમજણ અને તત્ત્વનિર્ણય વડે
જીવ ઘોર સંસારકષ્ટથી ઉગરી જાય છે.
જન્મ-મરણ, રોગ-શોક, સંયોગ-વિયોગ,
આધિ-વ્યાધિનું નિવારણ કરી શકાય છે.

મુક્તિ એ જ જીવનયાત્રાનું અંતિમ વિશ્રામસ્થાન છે. વિશ્વ-વિજય કરનાર કરતાં આત્મવિજય કરનાર સાચો વિજેતા.

o

Religion is a reality, salvation comes from taking refuge in true religion.

ધર્મ એ અનાદિનિધન અને સ્વતઃસિદ્ધ છે. એ માત્ર માનવકલ્પિત કલ્પના નહિ પણ વાસ્તવિક સત્ય છે. ઇંદ્રિયદમન અને સંયમન એ મુક્તિનો માર્ગ છે. આંતર-શુદ્ધિ અને આંતરાવલોકન એ મુક્તિનાં સરલ સેતુ છે. ઈર્ષ્યા ભીતિથી માનવને માનવ પ્રતિ ઘૃણા જાગે છે. અહિંસાવાદની સાથે કર્મવાદ, તત્ત્વવાદ, સ્યાદ્વાદ, આત્મવાદ, વિજ્ઞાનવાદ, પરમાણુવાદ, સૃષ્ટિવાદ એટલા વિશાળ અને ગંભીર છે કે તેનું વર્ણન કલ્પનાની શક્તિ બહારનું છે. એ બધા વાદ માનવ અને વિશ્વને માટે નિદાનરૂપ અને મહાકલ્યાણકારી છે. માયાવી મૃગજળરૂપ તૃષ્ણામાં તરફડતાં પ્રાણીઓને આત્મજ્ઞાનરૂપી અમૃતનું પાન કરાવનાર પ્રભુ વીર છે. તેમનો ઉપદેશ અને તીર્થ પુરુષાર્થહીનને પુરુષાર્થી બનાવનાર અને કર્તવ્યભ્રષ્ટને કર્તવ્યનું ભાન કરાવનાર હોવાથી નિરાધાર વિશ્વને આધારસ્તંભરૂપ છે તથા મુક્તિરૂપી મહાતીર્થનો રાજમાર્ગ છે.
તેને બતાવનાર હોવાથી તેઓ પરમ ચરમ તીર્થંકર છે.

o

Religious rivalryના સ્થાને આજે સત્તા અને શ્લાઘાની - power and popularityની હોડ મચી છે. All that glitters is not gold.

ચન્દનં ન વને વને, સાધવો નહિ સર્વત્ર ।

people of culture & commonsense

સંસ્કૃત સુજ્ઞ અને વિજ્ઞ લોકો

સત્યાસત્યનો નિર્ણય સહેલાઈથી કરી શકે છે.

મનઃકલ્પના અને અનુમાનના સ્થાને

દ્રવ્ય - ગુણ - પર્યાયના ત્રિકાળવર્તી ભાવોનું દિગ્દર્શન છે.

ત્રિપદી એ વીતરાગતા અને સર્વજ્ઞતાનું પ્રમાણ છે.

તેથી તેને બતાવનાર જિનશાસન અનાદિનિધન છે.

ચિરસ્થાયી શાંતિ મેળવવા શું કરવું?

પદાર્થમાત્રનો સ્વભાવ characteristic છે.
૨૬ ઉત્કૃષ્ટો તેઓ ગહનગંભીર અને જ્ઞાનધાર હતાં.
કુશાગ્રબુદ્ધિસંપન્ન જ પંચાસ્તિકાય, ષડ્દ્રવ્ય, સપ્તનય-
સપ્તભંગ, અષ્ટકર્મ, નવતત્ત્વાદિ મુખ્ય વિષયો સમજી શકે.
ચિરસ્થાયી શાંતિ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા માટે પ્રભુ
મહાવીરના વિશ્વકલ્યાણકારી સ્યાદ્વાદ અને અહિંસાના
સૂક્ષ્મ સિદ્ધાંતને સમજવાની અને જીવનમાં ઉતારવાની
અત્યંત જરૂર છે. તેથી આર્થિક, સામાજિક, રાજનૈતિક તથા
ધાર્મિક સમસ્યાઓનો શાંતિપૂર્વક ઉકેલ આવે અને
સમગ્ર મનુષ્યજાત સુખ-શાંતિનો શ્વાસ લઈ શકે.

# ગણધરરચિત જીવંત સૂત્રો

ઈરિયાવહી સૂત્રથી દુષ્કૃતગર્હા થાય છે,
કરેમિ ભંતે સૂત્રથી પ્રાયશ્ચિત્ત રૂપે સર્વવિરતિ થાય છે,
ઉવસગ્ગહરંથી વિરતિધર્મમાં આવતાં વિઘ્નોનો નાશ અને
લોગસ્સ સૂત્રથી અરિહંતો સાથે સમાપત્તિરૂપ મેળાપ થાય છે.
આ સૂત્રો જીવંત છે, તે અનુભવથી સ્પષ્ટ થાય તેમ છે.

પરમાત્મતત્ત્વને જ્ઞાનથી જાણી શકાય છે,
પ્રેમથી પરખી શકાય છે અને ધ્યાનથી મેળવી શકાય છે.
જે મનુષ્ય અંતર્મુખ બની પ્રશાન્ત બને છે,
તે પરમાત્મતત્ત્વને જોઈ શકે છે.

માનવ પાસે સર્વશ્રેષ્ઠ શક્તિ ધરાવતું મન છે.
તેને જો પરમતત્ત્વ સાથે જોડાયેલું રાખવામાં આવે, તો
માનવ મહામાનવ અને પૂર્ણ માનવ બની શકે છે.

દરેક આત્મા તત્ત્વથી પરમાત્મા છે. અંદર રહેલા આ
પરમાત્મતત્ત્વનો સાક્ષાત્ કરવો, એ ધર્મમાત્રનું ધ્યેય છે.
નિષ્કામકર્મ - પ્રભુભક્તિ - યોગસાધના - અધ્યાત્મજ્ઞાનથી
તે મેળવી શકાય છે, માટે તે બધા સાધનો વડે અથવા
તેમાંના કોઈ પણ એક સાધન વડે તેને સ્થિર કરી,
એ જ સર્વ ધર્મનો સાર છે.

## ઈશ્વરનું નામજપ છે નૌકા

સંસારરૂપી નદીના કાંઠે પહોંચવા માટે ઘડીયા જેવા સ્થૂળ - સાંસારિક પદાર્થો ઉપર આધાર નહિ રાખતાં સૂક્ષ્મ દોરી જેવા ઈશ્વરના નામ ઉપર આધાર રાખશો, તો નિઃશંકપણે સંસારનદીને પાર ઉતરશો. તેમાં પાર ઉતરવાના પ્રકાશ માટેની લક્ષ્યજ્યોતિ તે અહિંસા છે.

અહિંસાનો અર્થ પ્રેમ અને દયા છે.

## 'હૃદયનો અર્થ જાગૃત થવો' એટલે શું ?

હૃદયનો અર્થ જ્યારે જાગૃત થાય, ત્યારે બહારથી આવતું બધું જ સાવ સપાટી પરનું બની જાય, કોઈક જે પરમ સત્ય છે, એજ સૌ કોઈના હૃદયમાં મૂળ અર્થરૂપે વસે છે. એ અર્થને સાધના વડે જગાડી શકાય છે. એ જાગૃતિ એટલે પ્રેમ અને એકતાનો અનુભવ કરવો.

જાગૃતિ એ જ જીવન છે.

મારા હૃદયનો અર્થ મારામાં જાગૃત થયો,
ત્યારથી મને ભાન થયું છે કે
પ્રેમ અને એકતાનો અનુભવ કરવો, એજ જીવન છે. આપણા રૂઢબુદ્ધિના રૂપાંતરનું એ જાદુ છે. હે ઋષિ! હું જાણું છું કે શીખું છું, તે બધું સત્યમાં સમાઈ જાય છે.

સ્વરૂપ થવા 'આત્મખોજ' જરૂરી છે. માત્ર આત્મનિરીક્ષણ
કે observance નહીં, પરન્તુ self analysis.

જ્યાં સુધી કોઈ મનુષ્ય સ્વાર્થ, ઈર્ષ્યા અને
દેહાભિમાનનો ત્યાગ ન કરે, ત્યાં સુધી
તે ખરા અર્થમાં ધર્માચરણ કરનારો ન કહી શકાય.

o

Ingratitude is the unforgivable sin.

From personality to individuality,
then universality, last supreme.

When all else is lost,
the future still remains. - Bovee

Those who do not feel the darkness
will never look on the light.

Knowledge is the wing,
with which we fly to heaven.

Words never express the whole that
we feel, they give but an outline.

Envy not greatness: for thou make'st
thereby, Thyself the worse and
so the distance greater.

Imp

જીવને બાહ્યપદાર્થ સાથે
તત્ત્વથી જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ છે, બીજો નહિ.
'અમુક પદાર્થ અનુકૂળ કે પ્રતિકૂળ છે' એવા અજ્ઞાનથી
રાગ-દ્વેષનાં મૂળ રોપાય છે પણ જ્યારે દૃઢ પ્રતીતિ
થાય છે કે સુખ-દુઃખની લાગણી વસ્તુતઃ કષાયના
પરિણામ છે તથા કષાય પર આપણો પોતાનો કાબૂ છે,
ત્યારે રાગ-દ્વેષ, અહંતા-મમતા વિલીન થઈ જાય છે.

અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ

સદ્ગુરુ ઉપરનો દ્વેષ એ અનંતાનુબંધી ક્રોધ છે,
સદ્ગુરુને હલકા પાડવા તે અનંતાનુબંધી માન છે,
સદ્ગુરુના ગુણો ગોપવવા અને પોતાના
અછતા ગુણોને પણ દેખાડવા, તે અનંતાનુબંધી માયા તથા
અન્યની સાચી પણ પ્રતિષ્ઠા ન સાંખવી તથા પોતાની
ખોટી પણ માન-પ્રતિષ્ઠા ઇચ્છવી, તે અનંતાનુબંધી લોભ.

કષાયોને નાથવાનો ઉપાય શો?

કષાયો અને પ્રમાદને દૂર કરવાનો એકનો એક ઉપાય
શ્રી નમસ્કાર મહામંત્ર દ્વારા પરમેષ્ઠિઓના સદ્ગુણોનું
સેવન, નમન, વંદન, સ્તવન, ધ્યાન અને
સતત આરાધન કરવામાં મશગૂલ રહેવું, તે જ છે.

## અમૃતક્રિયાનાં લક્ષણો

તદ્ગત ચિત્ત = Concentration. સમયવિધાન = યોગ્યકાળે યોગ્ય વિધિ-વિધાન. ભાવવૃદ્ધિ = સમયોચિત ક્રિયાદિ પરિશીલનધારામાં વૃદ્ધિ. ભવભય = ત્રિવિધ તાપમય સંસારનો ભય થવાથી વિરક્તભાવ. વિસ્મય = કરાતી ક્રિયામાં અતિ ગુપ્તતર અર્થની ગંભીરતા દેખી ચિત્ત-ચમત્કારની અનુભૂતિ, ગુપ્તતર ગંભીરતાની પ્રાપ્તિ થવાથી ભવભયરહિતપણું સમજ રોમરાજનું વિકસ્વરપણું. પ્રમોદ = અંધને નેત્રલાભથી થતાં હર્ષથી ય અધિક હર્ષ. વિસ્મય - ગુપ્તધનની પ્રાપ્તિ. પુલક - ગતાભિદંદીર્ગત્વં. પ્રમોદ - દરિદ્રને નિધાનનો લાભ (જન્માંધને ચક્ષુપ્રાપ્તિ).

## સાચા સ્વર્ગ - નરક ક્યા?

સમ્યગ્જ્ઞાનો ઉદય = આત્મલાભ પ્રાપ્ત કરવાની તીવ્ર બુદ્ધિ થવી, તે જ સ્વર્ગ. તમોગુણની વૃદ્ધિ થવી, તે જ નરક. સદ્ગુરુ કે જે મારું (આત્માનું) જ સ્વરૂપ છે, તેને જ સાચો બંધુ સમજવો, કેમકે તે સદ્જ્ઞાન આપે છે.

બુદ્ધિની હંમેશા આત્મામાં નિષ્ઠા રહેવી, તે શમ.
ઇંદ્રિયોની ચપળતા અને વૃત્તિઓનું ઉત્થાન થતાં તેને તત્કાળ આત્મામાં વાળી દેવું, તે દમ.

પૂર્વાર્જિત અશુભોદયથી પ્રાપ્ત થયેલાં દુઃખને
આનંદ વડે સહન કરવું તે તિતિક્ષા.

કર્મેન્દ્રિયના ભોગને રોકવો તે સાચી ધૃતિ અને ધારણ.

દાન = પ્રાણીમાત્રનો દ્રોહત્યાગ. તપ = ભોગોમાં ઉપેક્ષાવૃત્તિ.

શૌર્ય = વાસનાઓને રોકવી તે.

## આત્માનો પ્રકાશ

મન આત્માના પ્રકાશને ગ્રહણ કરી પોતે જ પ્રકાશમાન બની ગ્રહણ-ઇંદ્રિયો દ્વારા સ્થૂળશરીર પ્રકાશમાન કરે છે. સૂક્ષ્મશરીર જ્યારે સ્થૂળશરીરને છોડીને ચાલી જાય છે, ત્યારે તેમાં આત્માનો પ્રકાશ દેખાતો નથી, કારણકે સ્થૂળશરીરમાં પ્રકાશને ગ્રહણ કરવાની શક્તિ નથી.

## મુક્તિ - સહજ પ્રાપ્ત કઈ રીતે ?

તૃણમાં જેવા હલકા તથા વૃક્ષ જેવા સહિષ્ણુ બનવાથી, માન્ય વ્યક્તિને માન આપવાથી, પ્રભુમહિમા સમજવાથી અને અભિમાનનો ત્યાગ કરવાથી સાધના વહેલી ફળે છે.

ભગવાનના સ્મરણ - ચિંતનના પ્રભાવે
મુક્તિ સહજ પ્રાપ્ત થાય છે,
પરન્તુ કામ - ક્રોધરૂપી આપણામાં રહેલાં
રજોગુણ અને તમોગુણ રુચિ થવા દેતાં નથી,

છતાં સ્વોગ્રહણ અને તપોગ્રહણના વિઘ્નો વચ્ચે પણ ભગવાનનું સ્મરણ નથી, ચિંતન તો કરવું જ જોઈએ.

## અપરાધી માટે પણ હિતભાવના

સાધના એ ઔષધ છે અને શમ-દમાદિ એ પરહેજ છે. વિષયાસક્તિ હોય, ત્યાં શુદ્ધ આત્માનંદ પ્રાપ્ત થતો નથી. મનઃસંયમ સાધવા માટે જેને પણ અપરાધી લેખતા હો, તેના માટે પણ હિતભાવના કરો. હૃદયમાં શત્રુતા હશે, ત્યાં શુદ્ધ મન સ્થિર ન થઈ શકે. એ તો અંદરમાં પરુ ભરેલો ઘા રહેવા દઈ મલમપટ્ટી કરવા જેવું છે.

## મૌન વાણી એ જ ઈશ્વરનો અવાજ

ઉન્નતિને સૌ કોઈ ચાહે છે પણ ઉન્નતિની ગુરુચાવી બહુ ઓછાને ઉપલબ્ધ હોય છે. એ ગુરુચાવી છે પોતાના દોષ અને પરના ગુણ પારખવાની વિવેકદૃષ્ટિ. જે સિદ્ધ કરવાનું છે, તે ઉપદેશ કે દલીલ દ્વારા નહિ પણ આચરણ દ્વારા જ સિદ્ધ થઈ શકે એમ છે. મૌન વાણી સાંભળીએ એજ ઈશ્વરનો અવાજ છે.

સ્વાર્પણની ભાવનાથી તે ધ્વનિ સંભળાય છે.

વ્યક્તિગત સ્વાર્થનું અંતિમ બિંદુ વિશ્વવ્યાપી પ્રેમ છે.

જે ચૈતન્યમાં સ્ફુરી શકે, તે જ ઈશ્વર.

'મારો તો માત્ર પરમાત્મા જ છે' એવી ભાવના રાખી
સંસારમાં રહેવાનું થાય, તો તે તમને દૂષિત નહિ કરે,
કારણકે સંસાર પાણી જેવો છે અને મન દૂધ જેવું છે.
પ્રથમ સાધના કરી મનને ઘી જેવું બનાવી પછી
સંસારમાં રહે, તેને સંસારથી કાંઈ નુકસાન નહિ થાય.
કલિયુગમાં ભગવાનનું નામ એ જ ભવરોગની ઔષધિ છે.
એકાગ્રતાના ઉત્તમ ઉપાયો : શ્રવણ, મનન, નિદિધ્યાસન.

પ્રથમ પ્રભુના અસ્તિત્વનું શ્રવણ

સર્વ કાળ - સ્થળ - ભૂત - પ્રસંગમાં સાક્ષી જાણવું જોઈએ.
અસ્તિત્વ વિષેનું ભાન દૃઢ થતાં મન એ દિશામાં વળે છે,
જાણે ક્યાંય રોકાતું નહિ. શ્રવણ - મનનથી જે સ્વાદ
આવે, તેનો પુનઃપુનઃ ઉપભોગ કરવો, તે નિદિધ્યાસન છે.
એકાગ્રતા માટે મૂળ વાત મન અંતર્મુખ બનવું જોઈએ.
તેને એક વિષય ઉપર ટકાવી રાખવાનો પ્રયત્ન કરવો,
તેનું નામ અભ્યાસ છે.

હિત ચિત્તની સ્થિતિનું નામ વૈરાગ્ય છે અને
ભગવાનની નિત્ય - અનન્ય ભક્તિ પણ
આપણા ચંચળ - અસ્થિર મનને
સ્થિર રાખવામાં અનન્ય આલંબન છે.

બહિરાત્માને કસ્તુરીયા મૃગની ઉપમા છે.
ચકલી, ભમરી યા કુકડાની ઉપમા પણ તેને ઘટે છે. પાડા, આખલા અને કૂતરાની ઉપમા પણ તેને લાગુ પડે છે.
આત્મોપયોગમાં આવતાં જ બહિરાત્મપણું નાશ પામે છે અને બીજના ચંદ્રની જેમ હૃદયગગનમાં તે શોભે છે.
ભ્રાંતિરૂપી અંધકારનો નાશક સૂર્યસદૃશ અંતરાત્મા છે.

જે જે વસ્તુ આંખથી દેખાય, તે રૂપી છે.
પરંતુ આત્મા અરૂપી છે. બહિરાત્મા જલકર્દમવત્-મગ્ન અને અંતરાત્મા જલપંકજવત્ - અલિપ્ત રહે છે.

અંતરનું ધન એટલે આત્માનું ધન.

જે તેને શોધે, તે પરમાત્મપદ પામે છે.
પરમાત્મતત્ત્વ રાગાદિથી વર્જિત - જ્ઞાનાદિથી પરિપૂર્ણ છે.
સર્વ સંકલ્પ - વિકલ્પ તજી શુદ્ધ સ્વરૂપની સાથે આત્મા એકતાનતા લગાવે, ત્યારે તે તદ્રૂપપણાને પામે છે.

પરમાત્માની સાથે એકતા થવાથી
આત્મા પરમ સમાધિસુખને પામે છે.

અભ્યાસ, વૈરાગ્ય અને ઈશ્વરપ્રણિધાન -
એ ત્રણેનું એકત્ર મિલન તે 'યોગ' છે.
તેને અનુક્રમે ચારિત્ર, જ્ઞાન અને દર્શન કહી શકાય.

યોગ = જીવ - ઈશ્વર, આત્મા - પરમાત્માનું મિલન.
તેને જ 'અદ્વૈતાનુભૂતિ' કહેવાય છે.

વૈરાગ્ય - અભ્યાસ દ્વારા ચિત્તવૃત્તિઓની એકાગ્રતા - સમાધિ - સ્વરૂપ - પ્રતિષ્ઠા. એમ યોગના બે અર્થ છે.
યોગનો અર્થ 'સમાધિ' પણ થાય છે.

સમાધિ અવસ્થામાં જ વૃત્તિઓનો પ્રકૃતિઃ નિરોધ અને પરમાત્મા સાથે તાદાત્મ્ય અનુભવાય છે.

પાસે રહેલા પ્રકૃતિને જોયા તે સાંખ્ય દર્શન તથા પુરુષ પાસે હોવા છતાં તેને ન જોયો, તે વેદાંત દર્શન છે.

એકનો ગોલ પ્રકૃતિના સંશ્લેષથી મુક્ત કરવો તે છે, બીજાનો ગોલ પરમાત્માનો સંયોગ કરાવવો તે છે.

સર્વ દર્શનોનો સાર

પ્રકૃતિથી વિયોગ અને પરમાત્મતત્વનો સંયોગ છે.
યોગદર્શન સિદ્ધાંતપક્ષ - વ્યવહારપક્ષ ઉભય બતાવે છે.

અન્ય દર્શન ઈશ્વરની સત્તામાત્રનો વાઙ્મય આભાસમાત્ર આપે છે, જ્યારે યોગદર્શન ઈશ્વરપ્રાપ્તિનો ક્રિયાત્મક માર્ગ પણ બતાવે છે.

તે શરીર - મન અને ચિત્તને શુદ્ધ કરે છે, શરીર - મન બંનેને સ્વસ્થ કરીને મોક્ષપ્રાપ્તિનો માર્ગ બતાવે છે.

તપ દ્વારા શરીર, મન અને ઇંદ્રિયો શુદ્ધ થાય છે,
સ્વાધ્યાય દ્વારા તત્ત્વજ્ઞાન-વિવેક-વૈરાગ્યાદિ થાય છે,
બુદ્ધિ શુદ્ધ-સૂક્ષ્મ બને છે તથા ઇશ્વરપ્રણિધાન દ્વારા
સર્વ કર્મોનું ફળ ઇશ્વરાર્પણ કરવાનો અભ્યાસ થાય છે.

ચિત્ત = મન, બુદ્ધિ, અહંકાર અને વૃત્તિઓ.

વૃત્તિઓ = ઇચ્છા અને કામનાઓ.

સર્વથી બળવાન શક્તિઓ = ઇચ્છાશક્તિ + ધ્યાનશક્તિ.
યોગનું મુખ્ય કાર્ય છે સંપૂર્ણ માનસિક શક્તિઓને
એકત્ર કરી એક જ લક્ષ્ય પર કેન્દ્રિત કરવાનો અભ્યાસ.
એને Torch કે search lightની ઉપમા ઘટે.
ઇંદ્રિયો અને સર્વ ભૌતિક શક્તિઓથી ધ્યાનશક્તિ
એ સૌથી બળવાન શક્તિ છે, તે માટે
ક્રિયાત્મક સાધન અને તેનો અભ્યાસ અનિવાર્ય છે.

પીંડનું યથાસ્થિત જ્ઞાન કરવાના ૪ ઉપાય

(૧) જ્ઞાનમાર્ગ: આત્મનિરીક્ષણાદિ (૨) કર્મમાર્ગ: કર્મોનો
સદુપયોગ કરવા દ્વારા શુદ્ધિકરણ કરવું (3) યોગમાર્ગ:
દેહથી આરૂઢરૂપ રહી ધ્યાનાભ્યાસ (૪) ભક્તિમાર્ગ: સદ્ગ્રંથ,
સત્પુરુષસંગ, ઇશ્વરપ્રાર્થના ઇત્યાદિ બહારની મદદ લેવી.

'યથા પિંડે તથા બ્રહ્માંડે |'

જ્ઞાનમાર્ગ = way of knowing.
કર્મમાર્ગ = way of doing and feeling.
યોગમાર્ગ = way of meditating. ભક્તિમાર્ગ =
devotional dedication-surrendering.

(૧) મલિનતાનું મૂળ સ્વાર્થવૃત્તિ છે.
સ્વાર્થભાવ વડે મલિનતા આવે - જે શમ વડે જાય.

(૨) ચંચળતાનું મૂળ આસક્તિ છે.
પરપદાર્થ પ્રત્યે આસક્તિ તે ચંચળતા - જે સમાધિ જાય.

(3) આવરણનું કારણ આત્માનો અપલાપ છે. સ્વભાવ
એકતા વડે આવરણનાશ થાય, સમ્યક્ વડે તન્મયતા આવે.

"દેહમાત્રમાં આત્મા રહેલો છે,
ગુણમાત્રમાં આત્મા રહેલો છે,
પર્યાયમાત્રમાં આત્મા રહેલો છે."
એ રીતે આત્માને જોવો, જાણવો અને
તેમાં જ સ્થિર થવું, તે 'રત્નત્રય' છે.

નવકાર સહિત પંચમંગલમહાશ્રુતસ્કંધ
તે સકલ આગમોમાં અંતર્ગત રહેલ છે અને યથાર્થ
ક્રિયાનુગતસદ્ભૂત ગુણોના કીર્તનસ્વરૂપ છે તથા
યથેચ્છ ફલપ્રસાધક અને પરમ સ્તુતિવાદ રૂપ છે.

यथार्थक्रियानुगतसद्भूतगुणकीर्तनं,

यथेच्छफलप्रसाधकः परमस्तुतिवादः ।

<u>સ્તુતિ</u> : યથાર્થ ક્રિયાસહિત સત્ય ગુણોનું ઉત્કીર્તન યથેપ્સિત ફળ પ્રસાધક છે.

જાત ઉપરનો રાગ જાતિ ઉપરના રાગથી ઘટે છે. તે રાગ સમષ્ટિ ઉપર થાય, ત્યારે પરમેષ્ઠિપદ આવે છે.

જાત ઉપરનો રાગ અશુભ રાગ છે, પરન્તુ જાતિ ઉપરનો રાગ પ્રશસ્ત છે.

<u>ટાદિ શ્રેયસ્ - કાદિ પ્રેયસ્</u>

अग्निषोमात्मकं जगत् ।

શ્રેયસ્ માટે ટાદિ મંત્ર - अर्हं, ह्रीं તથા श्रीं.

પ્રેયસ્ માટે કાદિ મંત્ર - क्लीं તથા क्रौं.

નૈગમ, સંગ્રહ - વ્યવહાર ઉભયનય છે, જેમાં સંગ્રહનય સદાચારને પુષ્ટ કરે છે તથા વ્યવહારનય કુટુંબનાં કાર્ય કરાવે છે.

ઋજુસૂત્રનય સમ્યગ્દર્શનની પુષ્ટિ કરે છે.

શબ્દનયની શ્રદ્ધા અપ્રમત્તભાવને પોષે છે.

સમભિરૂઢનય ક્ષપકશ્રેણી આરોહણ કરાવે છે.

એવંભૂતનય સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે.

| પ્રભુ | | પ્રકાશ | | પ્રમોદ |
|---|---|---|---|---|
| ક્રિયા | - | કારક | - | ફળ |
| વાક્ | - | અર્થ | - | પ્રત્યય |
| નાદ | - | બિંદુ | - | કળા |
| Life | - | light | - | delight |
| ભૂઃ | - | ભુવઃ | - | સ્વઃ |
| ત્રિમાત્ર | - | અર્ધમાત્ર | - | અમાત્ર |
| ધારણા | - | ધ્યાન | - | સમાધિ |
| નમો | - | અરિહં | - | તાણં |
| નિર્મળતા | - | સ્થિરતા | - | તન્મયતા |
| દોષત્યાગ | - | ગુણગ્રહણ | - | ગુણારોપ, ગુણાનંદ |
| મળત્યાગ | - | વિક્ષેપત્યાગ | - | આવરણભેદ |
| અંતરાત્મભાવ | - | પરમાત્મભાવ (objective) | - | પરમાત્મભાવ (Subjective) |
| Partial | | potency | | patency |
| અશુદ્ધ કળા | - | બિંદુ | - | શુદ્ધ કળા |
| અશુદ્ધ પર્યાય | - | શુદ્ધ દ્રવ્ય | - | શુદ્ધ પર્યાય |
| આચાર્ય, ઉપા., સાધુ | - | અરિહંત | - | સિદ્ધ |
| ત્રિમાત્ર | - | અર્ધમાત્ર | - | અમાત્ર |

વિષયતા સંબંધથી જ્ઞાન વિષયમાં રહે છે, જ્યારે
વિષયિતા સંબંધથી જ્ઞાન સ્વમાં રહે છે.
પરમેષ્ઠિ નમસ્કાર વિષયતા સંબંધથી પરમેષ્ઠિમાં રહે
અને વિષયિતા સંબંધથી આત્મામાં રહે છે.
પરમેષ્ઠિ નમસ્કાર વાચ્યતા સંબંધથી શબ્દમાં રહે છે,
તથા વાચકતા સંબંધથી વાચ્યમાં રહે છે.
શબ્દ એ જ્ઞાપકતા સંબંધથી જ્ઞાનમાં રહે છે.
શબ્દાર્થપ્રત્યયાનાં તુલ્યનામધેયાઃ ।
જ્યાં શુદ્ધ શબ્દ, અર્થ અને જ્ઞાન - ત્રણે સંકીર્ણ છે,
ત્યાં શુદ્ધ સવિતર્ક સમાધિ છે અને જ્યારે ત્રણે
જ્ઞાનમાં રહે છે, ત્યારે નિર્વિતર્ક સમાધિ થાય છે.
પરમાત્માની પૂજામાં 'પૂજા પરમાત્માની છે' એમ
માનનાર નૈગમાદિ નયો છે અને
'પૂજા કરનારની પૂજા છે' એ શબ્દાદિ નયો માને છે.
શબ્દનયો જ્ઞાનસ્વરૂપ છે.
આત્મા અને મન વચ્ચેનું પુલ
માનવદેહ બ્રહ્મવિદ્યાનું મંદિર છે.
માનવદેહમાં બ્રહ્મસાક્ષાત્કારની શક્તિ છે.
મન = માનસિક તાણ. જ્યાં મન - ત્યાં તાણ આવે જ.

મનની તાકાતથી જયવાની કુંજી મનથી અલગ થવું તે છે. મનમાં ભાતભાતના વિકાર થાય છે. જો તમે પૂર્ણ નિર્વિકાર હશો અને મારામાં મનોવિકાર હશે, તો મારો મનોવિકાર પણ ખતમ થઈ જશે, કિન્તુ બંનેમાં મનોવિકાર હોય છે માટે ટકરાવ છે, તેથી મનથી અવશ્ય દૂર થવું જોઈશે.

## રોગોમાંની ઉત્પત્તિ આત્મા અને

મન વચ્ચેના ઝઘડામાંથી થાય છે અને તેનું નિર્મૂલન આધ્યાત્મિક અને માનસિક યત્ન વગર થઈ શકતું નથી. બ્રહ્માંડના ત્રિકાળાબાધિત સત્યોની સમજ - અનુસરણ પર જ માનવના આરોગ્ય - રોગનિવારણનો આધાર રહેલ છે. ઈર્ષા, ક્રોધ, ભય, ચિંતા, નિરાશા, આળસ, અધીરાઈ વગેરે અસ્વસ્થ માનસિક વિકારો જ રોગોત્પાદક છે.

નાસ્તિ મૂલમનૌષધમ્ ।

કોઈપણ વનસ્પતિનું મૂળિયું દવાઈ તત્ત્વ વિનાનું નથી,

નાસ્ત્યનક્ષરં મંત્રં ।

તેમ જ કોઈપણ અક્ષર મંત્રત્વ વિનાનો નથી. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને શોક, ચિંતા, આઘાત, ભય, વહેમ, પૂર્વગ્રહ, તાણ, ઉતાવળ, અધીરાઈ, ચીડિયાપણું વગેરે મહાવૃત્તિઓ અને તેની ઉપવૃત્તિઓ,

અતિ દર્પ, અતિભાર, અતિ શોક વગેરે
શરીરરૂપી ત્રાજવાને ડામાડોળ બનાવે જ છે.
માનસિક સમતોલન, કાળજાની ટાઢક તથા જેનો જેને
'સમતા' કહે છે, એ જ રોગનિર્મૂલનનો અથવા ખરું
જોતાં સર્વ રોગોમાંથી મુક્ત થવાનો સર્વોત્તમ માર્ગ છે.

'સ્વમાં વસવું' એજ મન અને શરીરને
રોગમુક્ત કરવાનો અનન્ય ઉપાય છે.

સ્વસ્થ થવું, મૂળ હોઈએ તેવા થવું, સાજા - નરવા,
સમતોલ અને શાંત થવું - બધા એકાર્થક વાક્યો છે.
અન્ય તત્વની આસક્તિપૂર્ણ તન્મયતા વડે ઈતર દુઃખદ
વિષયોનું સંપૂર્ણ વિસ્મરણ, સ્વનું અને અર્હંનું પૂર્ણ
વિસ્મરણ - એ સર્વ ધર્મોએ ચીંધેલો દુઃખમુક્તિનો,
મોક્ષ - ઈશ્વરપ્રાપ્તિ - નિર્વાણસુખનો અનન્ય માર્ગ છે.

Heal thyself અર્થાત્ પંડે સાજો થા.
આ સૂત્ર વારંવાર મનન કરવા યોગ્ય છે.

વેદ મંત્રોમાં જડોપાસનાનું નામનિશાન નથી.
એ મંત્રો દ્વારા ઋષિઓ બ્રહ્માંડની અંદર સર્વ વસ્તુમાં
વ્યાપી રહેલા, વિલસી રહેલા એક અને અદ્વિતીય વિરાટ
પુરુષ, અર્હત્‌ની સ્તુતિ - ઉપાસના જ કરતાં હતાં.

## સમસ્ત દુઃખને દૂર કરવાની પ્રક્રિયા

પંચશીલ, કામ - ક્રોધ - લોભ - મોહ - મત્સરથી મુક્તિ,
શુદ્ધ શાકાહારીપણું, દારૂ - માંસનો ત્યાગ, અસત્યત્યાગ,
ચોરીત્યાગ વગેરે નિયમોના પાલનપૂર્વક અંતર્મુખ થવાનું.
આંખો બંધ થવાથી મન બહારના વિષયોમાંથી મુક્ત થાય છે.
ગમે તે પ્રકારનું દુઃખ હોય, તે સર્વ પ્રકારના
દુઃખોમાંથી, તૃષ્ણામાંથી, વાસનામાંથી મુક્ત થવાનો પ્રયોગ
એવં મનથી માંદાઓને સ્વસ્થ બનાવવાની રીત
વાસનામુક્ત બનાવવાની પ્રક્રિયા નીચે મુજબ છે:
મનને નાકની નીચેના ભાગ ઉપર કેન્દ્રિત કરવાનું,
દુઃખમુક્ત થવા માટેનું ધ્યાન કરવાનું છે.
એકાગ્રતા એજ એકમાત્ર ઉપાય છે
અષ્ટાંગ યોગવિદ્યા - માનસોપચારવિદ્યા ઈ.
એ માટે શીલ, સમાધિ અને પ્રજ્ઞ -
એ ત્રણે સાધન સમ પ્રમાણમાં આવશ્યક છે.
'જૈનેન્દ્ર સિદ્ધાન્ત કોષ'માં કહ્યા મુજબ:
'જિનસ્વરૂપ થઈ જિન આરાધે,
તે સહી જિનવર હોવે રે.' એ વાક્ય સમાપત્તિ અને
જિનનામકર્મની વ્યાપ્તિ સિદ્ધ કરે છે.

જે આત્મા અરિહંતસ્વરૂપ બની અરિહંતને ધ્યાવે છે, તે અવશ્ય જિનનામકર્મની નિકાચના કરી જિનેશ્વર બને છે અર્થાત્ કે જે આગમથી ભાવનિક્ષેપે અરિહંત બને છે, તે જ નોઆગમથી ભાવઅરિહંત બની શકે છે. જે અરિહંત કે સિદ્ધસ્વરૂપમય પોતાના આત્માને માની તેનું ધ્યાન કરી શકતાં નથી, તે અરિહંત કે સિદ્ધ બની શકતા નથી. આજ સુધી જે કોઈ અરિહંત કે સિદ્ધ બન્યા છે, તે અનુક્રમે તે સ્વરૂપમાં તન્મય બન્યા પછી જ બની શક્યા છે. તીર્થંકરોની ભવગણના પણ 'સમાપત્તિ - તન્મયતા' સિદ્ધ થઈ હોય, તે ભવથી જ થાય.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વખતે

'પરમાત્મ સમાપત્તિ' અવશ્ય સિદ્ધ થાય છે.

યોગગ્રન્થોના પરિશીલનથી તે વાત સ્પષ્ટ થાય છે.

સર્વ બાહ્ય અનુષ્ઠાનો અને મૂલોત્તર ગુણો

ધ્યાનયોગની સિદ્ધિ માટે બતાવેલાં છે.

## યોગનું ફળ શું ?

ધ્યાનનું ફળ છે સમાપત્તિ, સમાપત્તિનું ફળ છે સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્ર રૂપ સમાધિ તથા

સમાધિનું ફળ છે મોક્ષ.

## શ્રુતપરંપરા - લલિતવિસ્તરાવૃત્તિ અનુસારે ૧૨ અધિકાર

(૧) ભાવજિન = જિનનામકર્મનો વિપાકોદય ભોગવતાં અથવા વર્તમાન સમયે વિચરતાં તીર્થંકરો.

(૨) દ્રવ્યજિન = જિનનામપ્રદેશોદય ભોગવતાં જે ભાવજિન બનશે અને સિદ્ધપદ પામેલા છે, તેઓ.

(3) સ્થાપનાજિન = જે ચૈત્ય સન્મુખ છે, તે દરેક ચૈત્યોમાં રહેલાં પ્રભુના સર્વ જિનબિંબો.

(૪) નામજિન = વર્તમાન ચોવીસીના જિનનામ તીર્થંકરો.

(૫) ત્રિભુવન સ્થાપનાજિન = ત્રણે ય લોકમાં રહેલાં જિનાલયોમાંના સર્વ પ્રતિમાજીઓ.

(૬) વિહરમાનજિન = અઢી દ્વિપની, પાંચ વિદેહની વીસ વિજયમાં વિચરતાં સર્વ ૨૦ વિહરમાન તીર્થંકરો.

(૭) શ્રુતજ્ઞાન = તમતિમિરપડલવિદ્ધંસ સહસ્સ - શ્રુત - આગમ ધર્મ. (૮) સિદ્ધની સ્તુતિ (૯) વર્તમાન શાસનાધિપતિ (૧૦) નેમનાથ સ્તુતિ (૧૧) અષ્ટાપદાદિ તીર્થ (૧૨) સમ્યગ્દ્રષ્ટિ દેવસ્મરણ.

આમાંથી (૨) - (૧૦) - (૧૧) એ ત્રણ અધિકાર શ્રુતપરંપરા અનુસારે અને બાકીના નવ અધિકાર 'લલિત વિસ્તરાવૃત્તિ'ના આધારે લેવાયા છે.

## 'શ્રુત પરંપરા' એટલે...

અશઠ - ગીતાર્થ પૂર્વાચાર્યોની અનવદ્ય આચરણારૂપ
સંપ્રદાય અનુસાર અથવા નિર્યુક્તિ - ભાષ્ય - ચૂર્ણિના
આધારે સૂત્રમાં ચૈત્યવંદના પુક્ખરવરદી. સુધી.
નિર્યુક્તિમાં એથી આગળ સિદ્ધાણંની ૨ ગાથા સુધી.
ચૂર્ણિમાં સિદ્ધાણંની બાકી ગાથા સુધી.
આવશ્યકચૂર્ણિમાં સેસયા જહિચ્છાએ |
અર્થાત્ 'શેષ અધિકાર વન્દન કરનારની ઇચ્છા ઉપર'
એમ કહ્યું છે, માટે શ્રુતમય.
'જેઅ અઇઆ સિદ્ધા' આ બીજો અધિકાર પણ શ્રુતમય છે,
કેમકે ચૂર્ણિમાં જ અર્થથી શ્રુતસ્તવનાં પ્રારંભે કહ્યો છે.
ઉક્કોસેણં ઇગ કાલેણ ભવંતિ |
ત્યાંથી આકર્ષીને પૂર્વાચાર્યોએ નમુત્થુણંને અંતે મૂક્યો છે.
પશ્ચાનુપૂર્વી ક્રમથી ભાવજિન પછી દ્રવ્યજિનને
વંદન કરવાના હિસાબે બરાબર પણ છે.
પછી 'અરિહં ચેઇઆણં |'થી સ્થાપનાજિન વંદન છે.
વંદનીય ૪ છે : જિન, મુનિ, શ્રુત, સિદ્ધ.

o મનથી ધારણા - વચનથી ધ્યાન - કાયાથી સમાધિ સિદ્ધ
થાય, તેથી તે ત્રણેની એક વિષયમાં થતી એકાગ્રતા એ
મુખ્ય સંયમ છે.

## જાહેર જીવનમાં પ્રવેશ વખતે શું જરૂરી ?

પ્રભુની પ્રાર્થના અને પૂજા જેમ નાહી-ધોઈને ઊંડાણમાં ઉતરીને, અને તેટલા શુદ્ધ થઈને આપણે કરીએ છીએ, તેવા જ રીતે જાહેર જીવનમાં પ્રવેશ કરતી વખતે પણ શુદ્ધ અને પવિત્ર બનીને જ પ્રવૃત્ત થવું જોઈએ. ભારતના સૌ ધર્મોનો મૂળભૂત ઉપદેશ છે પાપભીરુ તથા પ્રભુકૃપામાં ઊંડી શ્રદ્ધા. આ બે બાબતો કોઈપણ ધર્મ પાળતા અનુયાયીઓને અધ્યાત્મના રંગે રંગી શકે છે. સર્વ ધર્મના સિદ્ધાંતોનું વિધેયાત્મક અસ્તિત્વ, નહિ કે નિષેધાત્મક બિનસાંપ્રદાયિકવાદ અર્થાત્ સેક્યુલરિઝમમાં પાપભીરુતા અને ઈશ્વરની શ્રદ્ધાના સંસ્કારોનું સિંચન કરવામાં રચ્યાંપચ્યાં રહેલાં સજ્જનો - સંસ્થાઓ ઉચ્ચ કોટિનું રાજકારણ જ ખેડી રહ્યા છે, એમ કહેવું જોઈએ. ધર્મ એટલે પાપભીરુતા અને ઈશ્વરશ્રદ્ધા. તે બન્નેના આંતરસાંનિધ્યથી હૃદય ઉપર સોંસરી અસર થાય છે. નૈતિક સ્વશાસનના અભાવવાળા કહેવાતાં સ્વશાસનના સડામાંથી ઉગારવાનો એ જ એક સન્માર્ગ છે. એમને ફંડ-ફાળાની કશી ચિંતા નથી. ભારતવાસીઓની આ બે વૃત્તિ જ એમના સહાયે વહાણોતરી દોડી આવે છે.

# સ્વરાજ્ય માટે પણ ધર્મનું પાલન

આપણે રાજકારણને તો સુધારી શકીએ એમ નથી. અત્યારે જે આ કરુણ સ્થિતિ ઉભી થઈ છે, તેને આશાની સ્થિતિમાં ફેરવી નાંખવા માટે ધર્મે આપણા રાજકારણનું સ્થાન લેવું જોઈએ. જેમ આપખુદ શાસનનું સ્થાન લોકશાહીએ લીધું, તેમ રાજકારણનું સ્થાન ધર્મે લેવું જોઈએ અને સ્વરાજ્ય માટે જે ધગશથી કામ કર્યું, તે ધગશથી જ ધર્મ માટે કામ કરવું ઘટે.

મહાજનતા માર્ક જાણીને આ સોગાણીને લખે મંદ પણ નિશ્ચિત પ્રકાશ આપવાનું કાર્ય નેતાઓએ કરવું જોઈએ.

– Rajagopalachari

'જ્ઞાનસાર'માં કહ્યું છે તેમ:

'નમો અરિહંતાણં' મહામંત્રમાં 'નમો' પદ સમાપત્તિનું બીજ - સમાપત્તિનું સાધન છે. તે ભાવનમસ્કાર અને તાત્વિકનમસ્કાર બનતાં સમાપત્તિ સ્વરૂપ બને છે, એ દૃષ્ટિએ મહામંત્રમાં સમગ્ર મોક્ષમાર્ગ સમાયેલો છે, તેથી તે દ્વાદશાંગીનો સાર છે ઉપરાંત ચૌદ પૂર્વનો સંક્ષેપ પણ છે.

## યોગનો સાર શું ?

પોતાની અસલ જાતથી વિખૂટો પડેલો મનુષ્ય સ્વને કઈ રીતે પામે, પોતાની જાતનું સંશોધન કરે, આત્મનિરીક્ષણ, આંતરનિરીક્ષણ, પોતાની ક્રિયાનું પરીક્ષણ કરી અંતે આત્માનું શુદ્ધ દર્શન કરે, બસ, તે જ યોગનો સાર છે.

## સાચા અવધૂત - યોગીનું સ્વરૂપ

યોગી યુક્તિથી ચાલે કે યુક્તાહારી બને.

યુક્તાહાર - વિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ ।
યુક્તસ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા ॥ અર્થાત્ઃ યુક્ત આહાર - વિહાર, યુક્ત પ્રવૃત્તિ, યુક્ત નિદ્રા અને યુક્ત જાગૃતિ રાખનારને દુઃખનો નાશ કરનાર યોગની સિદ્ધિ થાય છે. 'યોગ સિદ્ધ થવો' એનું પ્રમાણ શું? 'જીવ જગતના પ્રલોભનથી જેટલો મુક્ત બન્યો' તે એનું પ્રમાણ. તે જ 'યુક્તાહારી બન્યો છે' એમ કહેવાય છે. સામાન્ય માનવીનાં કાર્યો ક્રિયા - પ્રતિક્રિયા અને આઘાત - પ્રત્યાઘાતના વિષચક્રમાંથી નીપજતાં હોય છે. યોગીના વિચાર, વાણી અને કર્મ સ્વેચ્છાપૂર્વક, સ્વ નિર્ણયમાંથી પાંગરે છે. સર્વ અર્થે યુક્ત થવાના પ્રદેશમાં

મુક્તિનું ઝરણું વહે છે, ત્યારે તેની ગતિ કેવી હોય છે?

દયાકરૂણી પેરે જાવા, નામ તે નિર્વાણ જ,
ક્ષમા ભક્તિ પેરે અવધૂત, રૂપ તે અલેખ જ. (૨)

અર્થાત્ : યોગીને નામ નિર્વાણ - રૂપ અલખ તથા
દયાની કરૂણી અને ક્ષમાની ભક્તિ હોય છે.

સર્વ પ્રત્યે દયા - કરૂણા એ પહેલો ભાવ અને
જાણતાં તરફથી અવરોધ આવતા તો આઘાત આવે,
ત્યારે ક્ષમા એ બીજો ભાવ. મહાવીર જેવો વર્તતો રહે
અને વિરોધીને સમાવતો જાય, તેમાં તેનું સામર્થ્ય છે.

યોગી કોઈ નામ - રૂપ અથવા

વેશભૂષાના બંધનમાં ફસાઈ જાય, તે કેમ ચાલે?
દયાની કરૂણી અને ક્ષમાનો અલૌકિક ધબકાર, કારણકે
તારું સાચું નામ 'નિર્વાણ' છે, જ્યાં છે ઇચ્છાઓનું
વિસર્જન. તારું સાચું સ્વરૂપ અલખ છે, જ્યાં આંગળી
ચીંધી શકાય, એવા ઓળખ - પારખના સર્વ જાળાં
સરી પડે છે. નામ નિર્વાણ અને રૂપ અલખ હોય,
ત્યાં જ દયાની કરૂણી અને ક્ષમાની ભક્તિ રહે છે.
'Works of Love'માં કહ્યું છે કે આપણે આપણાં
નામરૂપનાં વસ્ત્રો જરા ચુસ્ત રીતે પહેરીએ છીએ, પછી

વસ્ત્રો ઉતારવાનો વખત આવે, ત્યારે બહુ તકલીફ પડે છે
એટલે સમજને વસ્ત્રો ઢીલાં પહેરીએ, ગાંઠો ઓછી વાળીએ,
તો આખરનો પાઠ ભજવ્યા પછી વસ્ત્રો ઉતારતાં તકલીફ ઓછી
પડે છે પણ જેણે વસ્ત્રો ઢીલાં પહેર્યાં હોય, દયા - ક્ષમાના
તાણાવાણાથી વણ્યાં હોય, એ તો વસ્ત્રો સાથે જ ગગનમાં
વિચરી શકે છે. નામ નિર્વાણ અને રૂપ અલખ - અગોચર.
ઇચ્છારહિત થવાની ઇચ્છા એ દયા અને ક્ષમાના
ઢીલાં વસ્ત્રો પહેરવાથી પૂર્ણ થાય છે. પોતાની જાતનાં
બંધન તોડવા માટે દયા - ક્ષમાના ઢીલાં વસ્ત્રો જોઈએ પણ
અહં - મમના તંગ વસ્ત્રો કામ આવતાં નથી.
દયા અને ક્ષમા અનુક્રમે 'અહં' અને 'મમ'ના વિરોધી છે.

## ગ્રન્થિભેદ અથવા ચક્રભેદન

'ઊડ્યા ઊડ્યા ગઈ મારા ગગન સુધી જાય રે...'
આ ગગન સુધી જવાની વાત શી છે ?
પંચમહાભૂતના શરીર સાથે ચિત્તની જે એકતા વણાઈ છે,
એ જ મૂળ ગ્રન્થિ છે. આ ગ્રન્થિભેદ જ ચક્રભેદન છે.
પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ સુધી વિકારોનો સંભવ છે.
આકાશતત્ત્વ સુધી પહોંચ્યા પછી ચિત્તવિકૃતિ થતી નથી,
એટલે જ તેને 'વિશુદ્ધ ચક્ર' કહેવાય છે.

તે નિત્ય સત્પુરુષ ભક્તિ છે, પછી 'સૂનમાં સમાય' આને અહંનો સર્વદા લય થાય. આવી નિર્મળચિત્તતા - નિરહંકારતા માટે બે વસ્તુ જોઈએ : નૂરતા તથા સુરતા.

નૂરતા = વિરાગ - વાસનાનિવૃત્તિ.

સુરતા = ભક્તિ - પ્રભુપ્રેમમાં પ્રવૃત્તિ - અલ્હાસ.

નિઃરતિ વૈરાગ્યસૂચક છે, સુરતા એ પ્રભુપ્રેમસૂચક છે. વાસનાનિવૃત્તિ તથા પ્રભુપ્રેમમાં પ્રવૃત્તિ - પરસ્પરપૂરક છે. આ બંને પાંખોથી આંતરિક આકાશમાં ઊંચે ઉડાય છે.

ઇંદ્રિય - મનનું પિંજર બનાવ્યા વિના ગગનમાં ઘર બાંધી શકાતું નથી. પ્રકૃતિનાં સર્વ અવલંબનોને દૂર કર્યા પછી જ નિરાલંબ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

'શૂરા માથે પૂરા આવ્યા, આવ્યા લડાઈ માંહ્ય રે.' શૂરવીર એવા ઇંદ્રિયો - મનને પણ વશ કરી શકે એવો પૂર્ણ સમર્થ આત્મા મનુષ્યના શરીરમાં જ રહે છે. પૂરી તાકાતથી આત્મા જ્યારે મેદાનમાં આવે છે, ત્યારે ઇંદ્રિયોનું જોર ચાલતું નથી, જ્ઞાનના ગોળા છૂટે છે અને જડતાના કિલ્લા તો જમીનદોસ્ત થતાં અનુભવાય છે. આ શૂરા અને પૂરાની લડાઈમાંથી રતનીયા વેરાય છે, અત્યંત મહત્ત્વના અનુભૂતિઓના ચમકારા અનુભવાય છે.

પોતાની અંદર જ આત્માની વિવિધ વિભૂતિઓનાં
દર્શન થતાં મનુષ્ય આનંદ માટે બહાર ભટકતો નથી
પણ અંતરમાં જ આત્યંતિક સુખનો અનુભવ કરે છે.

<u>ત્રિવેણીનો ઘાટ</u> = જ્યાં ઇડા, પીંગલા, સુષુમ્ણા મળે છે,
તે ભ્રમધ્ય સ્થાન છે, તેને 'ત્રિકૂટી' પણ કહે છે.
ત્યાં મન, બુદ્ધિ અને અહંકારના પ્રદેશની હદ છે.
વિચાર - વચન - કર્મની એકતા 'ત્રિકૂટી'માં સંધાય છે,
અને ત્યાં શુદ્ધ જ્ઞાનનું કેન્દ્ર મનાય છે.

<u>તીન શબ્દો</u> = સત્ત્વ - રજ - તમ ત્રણ ગુણ કેવા રીતે
પ્રભાવ પાથરે છે, તેનું પરિણામ શું આવે છે, તે વિચારો.

<u>પાંચ બાંધો</u> = પાંચ જ્ઞાનેન્દ્રિયોને વશ કરો.

આઠ <u>માંહીલો ઠાઠ જુઓ</u> = અષ્ટધા પ્રકૃતિનો
આડંબર કેવો પરિવર્તનશીલ છે, તે બરાબર તપાસો.

<u>'આવો હંસા પીઓ પાણી'</u>

આપણો આત્મહંસ ત્યાં નિર્ભેળ આનંદ અનુભવે છે,
પછી તેને કશી તૃષા સતાવતી નથી.
'ત્રિકૂટી'માં આવ્યા પછી થાય છે કે:
'માયાને પરિહરો' ઉપરાંત 'મમતાને મૂકી દો'
તથા 'દ્વૈતભાવનો અંતર ત્યાગ કરો.'

ભજન - સ્તુતિ એકી સાથે બે કામ કરે છે:

(૧) શબ્દના પ્રકારથી 'અહં'નું કોચલું ભાંગી નાંખે છે.

(૨) આત્મદર્શનનું અમૃતપાન કરાવે છે.

જુગત સે નર ભયે જોગી, મુગત સે પરમાણુ.

શબ્દે મારી, શબ્દે જગાઈ. શબ્દથી મારવાની અને શબ્દથી જ જગતા કરવાની ક્રિયા, તે ભજનવાણી છે.

દરિયા સાહેબ કહે છે કે:

જબ જાત સે બિછુડા, ઘર પંચ તત કા ભેખ,
દરિયા નિજ ઘર આઈયાં, પાયા બ્રહ્મ અલેખ.

અંતરાત્મા સિદ્ધ યોગી જ છે.

તમારી અંદર જ તમારો સિદ્ધ યોગી વસી રહેલો છે.
આપણે એનો સતત ગાઢ સંપર્ક સાધવાની જરૂર રહે છે.
આત્મસાક્ષાત્કાર જ માનવજીવનનું ધ્યેય હોઈ શકે,
એમાં પણ વિશેષ કરીને સંન્યાસીનું ધ્યેય હોઈ શકે.

કેવળ વિચારનો કોઈ અર્થ નથી,
વિચારને પૂર્ણ કરવાનો સંકલ્પ પણ હોવો જોઈએ.

o

There is a source of life,
turn it on, accept it by faith &
observe the operations.

## સંસારસમુદ્રને તમે તરી જશો.

તમે ધન્ય છો, પુણ્યશાળી અને ભાગ્યવંત છો. જન્માંતરમાં મોટા પુણ્યને અર્જન કરનાર અને તે વડે પ્રાપ્ત માનવજન્મને સફળ કરનાર તમારાં નરક અને તિર્યંચગતિનાં દ્વાર બંધ થયાં છે, હવે અપયશ તથા અપકીર્તિ નહીં મળે, નીચ ગોત્ર પણ બંધાશે નહિ.

જન્માંતરમાં પંચ નમસ્કાર અતિ દુર્લભ નહિ થાય. નમસ્કારના પ્રભાવથી જ્યાં ઉત્પન્ન થઈશ, ત્યાં ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ - રૂપ - આરોગ્ય અને સંપત્તિ - બધું તને અવિચ્છિન્ન મળશે. પંચ નમસ્કારના પ્રભાવથી દાસપણું, દરિદ્રપણું, હીનયોનિપણું અને વિકલેન્દ્રિયપણું પ્રાપ્ત થતું નથી. વિધિપૂર્વક પંચ નમસ્કાર અને શ્રુતજ્ઞાનને ભણીને તેના અર્થ પ્રમાણે જે પ્રયત્નશીલ બને છે તથા આવશ્યકાદિ સર્વ ક્રિયાઓમાં અને ૧૮૦૦૦ શીલાંગમાં અભિરમણ કરે છે, તે સરાગ સંયમને લઈને મોક્ષ ન પામે, તો પણ ગ્રૈવેયક અને અનુત્તરમાં દીર્ઘકાળ સુધી રહી ઉત્તમ મનુષ્યકુળમાં જન્મે છે અને ઉત્કૃષ્ટ, સુંદર, સર્વ અંગોથી દેદીપ્યમાન સર્વ કળાઓમાં પારગામી બની તથા સર્વને આનંદનું કારણ થઈ દયા - અનુકંપામાં તત્પર બની સદ્ધર્મ આચરી કર્મમેલ ધોઈ નાંખી સિદ્ધિપદને પામે છે.

જોડા (રાજસ્થાન), સં. ૨૦૨૮,
માગસર સુદ ૧૫, ગુરુવાર, તા. ૨-૧૨-૭૧

नाहं नारको नाम न तिर्यंचं नाऽपि मानुषः ।
न देवः किन्तु सिद्धात्मा सर्वोऽयं कर्मविभ्रमः ॥१॥

અર્થાત્: હું નારક નથી, હું મનુષ્ય નથી કે હું દેવ નથી, પણ તે મનુષ્યાદિ નામકર્મ છે, નામકર્મની પ્રકૃતિ છે. હું તો સિદ્ધાત્મારૂપ છું. સિદ્ધાત્મા મારૂં ખરૂં સ્વરૂપ છે. જ્યારે આપણે જીવોને નારકી, તિર્યંચ અથવા દેવરૂપે જોઈએ છીએ, ત્યારે ક્રોધ-માન-માયા-લોભ આદિ મોહરૂપી વિકલ્પો આપણા મનોભાવ યાને આત્મભાવને જગાડી નાંખે છે અર્થાત્ અત્યંત વિક્ષિપ્ત કરી નાંખે છે. 'આ જીવ શરીર નથી, કષાય નથી, કર્મ નથી એટલે કે મનુષ્ય, તિર્યંચ વગેરે નથી, પરંતુ આત્મા છે' આમ જોતાં જ રાગ-દ્વેષરૂપ ભાવ કે આસક્તિ જતી રહે છે તથા આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં સર્વ આત્માઓ સાથે સમભાવપૂર્વક રહી આત્માનંદને અનુભવે છે.

o जीर्णे भोजनमात्रेयः कपिलः प्राणिनां दया ।
बृहस्पतिरविश्वासः पांचालः स्त्रीषु मार्दवम् ॥१॥

(પરિશિષ્ટ-૩)

## સામાયિકની પ્રતિજ્ઞા શું છે?

પરમાત્મા વીતરાગ છે એટલે પૂર્ણ સમભાવવાળા છે.
પરમાત્મા સર્વ આત્માઓને આત્મસમ ગણનારા છે.
પરમાત્માનો સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવ છે, તેવો જ ભાવ સર્વ જીવરાશિની સાથે રાખવાની પ્રતિજ્ઞા તે

કરેમિ ભંતે સામાઇયં ।ની પ્રતિજ્ઞા છે.

'ચોરાશી લાખ જીવયોનિમાં રહેલા જીવોને મારા જેવા સમાન જ ગણીશ' એ સામાયિકની પ્રતિજ્ઞાનો સાર છે.

સાવજ્જં જોગં પચ્ચક્ખામિ ।

મન - વચન - કાયાના યોગથી ત્રિકરણથી સાવદ્ય - પાપ વ્યાપાર હું કરીશ - કરાવીશ - કરતાંને અનુમોદીશ નહિ. કોઈ ગાળોનો વરસાદ વરસાવે, તો તે પોતાને નહિ પણ દેહ અને તેના સાથે જોડાયેલ અપયશ નામકર્મને દે છે, તે રીતે કોઈ વખાણ કરે કે પ્રશંસા કરે, ત્યારે પણ તે આત્માના નહિ પણ યશકર્મનાં વખાણ થાય છે, એમ રાગ તથા દ્વેષ ઉભયથી રહિત સર્વમાં સમભાવ રાખતાં શીખવાની જો ઉમેદ-કળા હોય, તો તે સામાયિક છે.

બહુસો સામાઇયં કુજ્જા ।

બહુ પ્રકારે અથવા વારંવાર સામાયિક કરવું, એમ

સામાયિક પારતી વખતે જે કહેવાય છે, તેનું
તાત્પર્ય સામાયિકના એક નહિ પણ અનેક પ્રકાર છે.

સામાયિકના મુખ્ય ૮ પ્રકાર

તેમાં પહેલાં ત્રણ પ્રકાર 'સામરૂપ' છે,
બાકીનાં ત્રણ 'સમ'રૂપ તથા છેલ્લા બે પ્રકાર 'સમ્મ'રૂપ છે:
(૧) સમભાવ સામાયિક: સર્વ જીવો પર સમતા રાખવારૂપ.
(૨) સમયિકભાવ: સર્વ જીવો ઉપર દયાના ભાવરૂપ છે.
(૩) સમવાદભાવ: સર્વ સાથે યથાર્થ વચન બોલવારૂપ છે.
(૪) સમાસભાવ: તે થોડા અક્ષરોમાં તત્ત્વજ્ઞાનરૂપ છે.
(૫) સંક્ષેપભાવ: થોડા અક્ષરોમાં કર્મનાશની વિચારણારૂપ છે.
(૬) અનવદ્યભાવ: તે પાપ વગરની પ્રવૃત્તિ કરવારૂપ છે.
(૭) પરિજ્ઞાભાવ: તે સાચા તત્ત્વનું જાણપણું થવારૂપ છે.
(૮) પ્રત્યાખ્યાનભાવ: તે નિષેધ કરેલી વસ્તુના ત્યાગરૂપ છે.

સામાયિક ચરિત્ર આત્મા.

સામાયિક સૂત્રનો જેટલો ઉચ્ચાર થાય છે,
તેટલો જ તેનો વિચાર અને આચાર પણ થાય, તો
તેથી સામાયિક સહિત આત્માનું સ્પષ્ટતર ભાન થાય.

સમભાવથી આત્મસ્વરૂપ તે સદાચાર.

તેને સક્રિય કરવાની ક્રિયા તે સામાયિક છે.

આત્મા એ ઉપાદાન છે, પંચપરમેષ્ઠિ એ પુષ્ટ નિમિત્ત છે.
કાઉસગ્ગ એટલે કાયોત્સર્ગ, દેહભાવને ત્યજી, છોડવો
અર્થાત્ દેહભાવ અથવા કર્મભાવને છોડી આત્મભાવમાં
આવવું ને પરમાત્મભાવમાં સ્થિરતા અને એકતા કરવી.

'करेमि सामाइयं |' નો અર્થ છે કે:

સર્વ આત્માઓને વ્યવહારનયથી આત્મસમાન - નિશ્ચય
નયથી સિદ્ધ સમાન ગણી કર્મકૃત સર્વ ભાવોમાં સાક્ષીભાવે
રહીશ, આત્માના બધા ગુણો તરફ સમાન આદર કેળવીશ.
જીવોને વિષે સમત્વ, જીવના ગુણોને વિષે સમત્વ,
જીવના શુદ્ધ પર્યાયોને વિષે સદા સમત્વ ધારણ કરીશ.

સામાયિકની પ્રતિજ્ઞા એટલે... બે ઘડી યા
જીવનના અંત સુધી સમભાવમાં જ રહેવાની પ્રતિજ્ઞા.

सावज्जं जोगं पच्चक्खामि | નો અર્થ છે કે:

કોઈપણ પ્રકારનું પાપ કરવામાં
મારા મન - વચન - કાયાને હું જોડીશ નહિ.

'जावनियमं पज्जुवासामि |' નો અર્થ છે કે:

મને નિયમ છે ત્યાં સુધી સમભાવે રહી મારા આત્મ-
ગુણોનું હું સંશોધન કરીશ, પાપને - કર્મને - કષાયને દૂર
કરતો જઈશ અને આત્મગુણોનો વિકાસ કરતો રહીશ.

જૈનદર્શનમાં આત્મસંશોધન અને આત્માવલંબન મુખ્ય છે. તેમાં અસત્ કલ્પના કે અંધશ્રદ્ધાને લેશમાત્ર સ્થાન નથી. બાહ્ય ભાવનો જે આધાર લેવામાં આવે છે, તેને તો માત્ર નિમિત્ત કહેલ છે. વસ્તુતઃ આત્મા પોતે જ શુદ્ધાત્મભાવમાં રહીને પરમાત્મપદને પામી શકે છે. મોહનો સંપૂર્ણ ક્ષય ન થાય, ત્યાં સુધી મોક્ષના દ્વાર પાસે ઊભું રહેવું પડે છે. ખખડાવો અને દ્વાર ઉઘડશે. દેહભાવ છોડવાથી વિદેહભાવ (અંતરાત્મભાવ) પ્રગટે તથા અંતરાત્મભાવમાંથી પણ કર્મભાવ દૂર કરીને શુદ્ધાત્મભાવમાં રહેતાં શીખીએ તો મહાવિદેહ ક્ષેત્રને યોગ્ય થઈએ ખરા. કાયોત્સર્ગ કરતી વખતે કાયાનું ભાન છોડી દઈને આત્મા અંતરાત્મભાવમાં પ્રવેશ કરે છે અને એ ભાવમાં રહીને પરમાત્માનું સ્મરણ કરે છે, ત્યારે અંતરાત્મને ભૂલીને પરમાત્મભાવમાં તલ્લીન થાય છે અને એથી પોતાના આત્મપ્રદેશોમાં વ્યાપેલા અશુભ કર્મોની નિર્ઘાતના થાય છે. સાધકે જે ક્રમથી શિખરમાં ચડવાનું હોય છે, તે જ ક્રમથી ચડવું જોઈએ. પ્રથમ પાપને દૂર કરી પુણ્યને માર્ગે, પછી પુણ્યના ફળમાં અનાસક્ત રહીને તે પછી જ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપ તરફ ગમન કરવું જોઈએ.

પાપ આત્મગુણને લૂંટે છે, ગુરુ તે લૂંટારાથી બચાવે છે અને વળાવારૂપ બની ઠેઠ મોક્ષમંદિરદ્વાર સુધી પહોંચાડે છે.

મુહપત્તિ પડિલેહણના જે ૫૦ બોલ છે, તેમાં ૩૫ બોલ નિષેધાત્મક Negative - ૧૫ વિધેયાત્મક Positive છે.

Imp. જે સેવ્યને આજ્ઞા કરતાં થકવે પણ આજ્ઞા પાળતાં પોતે થાકે નહિ, તે સાચો સેવક છે.

પૂર્વાભ્યાસ, દૃષ્ટાભ્યાસ યા કર્માભ્યાસને લઈ ભૂલ થાય તો પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ। સૂત્ર વડે પાછા ફરી જવાનું છે. 'આવી ભૂલો ફરીથી નહીં કરું' એમ કહીને પોતાના શુદ્ધ સ્વભાવમાં આવી જવાનું છે.

બહિરાત્મભાવે જે સામાયિક થાય,
તે સામાયિક નિસરણીએ ચઢવા જેવું છે અને
અંતરાત્મભાવમાં રહીને જે સામાયિક થાય,
તે લિફ્ટની ઝડપે સાધ્યે પહોંચવાની ક્રિયા છે.

યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ। તદા દ્રષ્ટુઃ સ્વરૂપેઽવસ્થાનમ્।

<u>અર્થ</u>: ચિત્તવૃત્તિનો નિરોધ તે 'યોગ' છે,
ત્યારે દ્રષ્ટાની - આત્માની સ્વરૂપમાં સ્થિરતા થાય છે.

સાવદ્યયોગને બંધ કર્યા પછી મન - વચન અને કાયા સ્વાભાવિક રીતે જ નિરવદ્ય યોગોમાં પ્રવૃત્તિ કરે છે.

મન - વચન - કાયા આત્મા ભિન્ન બન્યા, અંતે
યોગનિરોધ થઈ આત્માનું શુદ્ધ પરમાત્મસ્વરૂપ પ્રગટે છે.

કેવળ ચિત્તવૃત્તિનો નિરોધ નહિ પણ
ત્રણે યોગનો નિરોધ તે યોગનું વાસ્તવિક લક્ષણ છે,
યોગસ્ત્રિવિધસ્ય યોગસ્ય નિરોધઃ । આ પૂર્ણ લક્ષણ છે.

ઇરિયાવહિયં સૂત્ર દ્વારા 'અભિહયા' વગેરે દશ પ્રકારે
વિરાધના બંધ થતાં જ જીવમાં સ્વાભાવિકપણે
આત્મભાવ જાગતાંની સાથે આપોઆપ જ
જીવોની રક્ષા - સેવા - આરાધના થવા માંડે છે.

વિરાધના વડે જીવ જ્યારે નરકાદિ દુર્ગતિ સાધતો હતો,
ત્યારે આરાધના વડે યાવત્ તીર્થંકરપદ સુધી પહોંચે છે.

પરમાત્મા વીતરાગ છે - સર્વ પ્રત્યે પૂર્ણ સમભાવવાળા છે.
સ્વ-પરમાં તેઓની ભેદબુદ્ધિ સર્વથા નાશ પામી છે.
સામાયિકની પ્રતિજ્ઞામાં તે જ સમભાવ સાધવાનો છે,
સર્વ જીવોને આત્મસમાન ગણવાના છે.

સમભાવનાં અધ્યવસાયમાં દૃઢ થવા માટે સાવદ્યયોગના
પચ્ચક્ખાણ કરી જાવજ્જીવ તે નિયમ પાળવાનો હોય છે.
સર્વ જીવો ઉપર સમભાવ, દયાભાવ, રાગ-દ્વેષરહિત
ભાવને ધારણ કરીને નિરવદ્ય જીવન જીવવાની સાથે

પાપ વગરની પ્રવૃત્તિ કરવાની પ્રતિજ્ઞા, તેનો
અર્થ અને લક્ષ જાણ - સમજ - સ્વીકારીને પાળવાની છે.

વિભાવમાં ગયેલા આત્માને પાછો
સ્વભાવમાં લાવવાની ક્રિયાનું નામ 'પ્રતિક્રમણ' છે.
સામાયિકની પ્રતિજ્ઞામાં સામાયિકની સાથે પ્રતિક્રમણ,
પચ્ચક્ખાણ, કાયોત્સર્ગ, ચતુર્વિંશતિ સ્તવ અને
ગુરુવંદનરૂપી ૬ આવશ્યકો પણ અંતર્ગત થઈ જાય છે.
સામાયિકનું અંતિમ સ્વરૂપ નિર્વિકલ્પ ઉપયોગ છે.
સામાયિક એટલે આત્મા અને આત્માને આત્મભાવમાં
અર્થાત્ નિર્વિકલ્પ ઉપયોગમાં સ્થિર કરવાની ક્રિયા.
કહ્યું છે કે: સામાયિક તે આત્મા, ધરી સુધી અર્થ;
અથવા નિર્વિકલ્પ ઉપયોગમાં નહિ કર્મનો ચારો.
તીર્થંકરો સ્વયં આ સામાયિક આચરી મુમુક્ષુ જીવોને
તે પ્રમાણે આચરવાનો સહુને ઉપદેશ આપી ગયા છે.
જડ અને ચૈતન્યના પૃથક્કરણનું ભાન થતાં જ
સમભાવની પ્રાપ્તિ થાય છે અને સર્વ ભાવો ઉપર
અધિષ્ઠાતૃત્વ તથા સર્વજ્ઞત્વ પ્રકટે છે, દોષોનો ક્ષય
અને કૈવલ્યની ભાળ થાય છે. વળી આત્મજ્ઞાન રૂપી
સૂર્ય પ્રકટ થતાં જ મોહરૂપી અંધકારનો વિલય થાય છે.

આજ સુધીમાં અનંત - અનંત આત્માઓ
સામાયિકપદની આરાધના વડે મોક્ષસુખને પામ્યા છે.

દેહની પૃથક્તાનો, કર્મવિપાકની વિચિત્રતાનો,
વિષયાભિલાષ અને કષાયપરિણામની ભયાનકતાનો
વિચાર સમભાવની દૃઢતા કરે છે, તે માટે લોકસંજ્ઞાનો ત્યાગ
અને શાસ્ત્રસંજ્ઞાને કેળવવા આવશ્યક છે.

સર્વ સંગનો પરિત્યાગને કરીને આત્માનુભૂતિના રુચિએ
જ્ઞાન, ધ્યાન, તપ, તિતિક્ષા વડે સમત્વ સાધવાનું છે.

વિષમતા એ સંસાર છે અને સમતા એ મોક્ષ છે.

અધ્યાત્મવાદનો પ્રતિનિધિ વિચિત્રકાર છે
અને દર્શનવાદનો પ્રતિનિધિ ચિત્રકાર છે.

દર્શન જે દિવાલ ઉપર કામ કરે છે, તે મસ્તક છે
અને અધ્યાત્મ જે દિવાલ પર કામ કરે છે, તે હૃદય છે.
મસ્તક એટલે બુદ્ધિ કે જ્ઞાન. હૃદય એટલે સમભાવ-
શુદ્ધ પ્રેમ (દિલોજાની, સુહૃદત્વ) intimacy છે.
હૃદયદિવાલને ઘસીને સ્વચ્છ કરવાનું કાર્ય અધ્યાત્મરૂપી
સમતાને સ્થિર કરવાથી થાય છે. જે હૃદયરૂપી દિવાલ ઉપર
કષાયરૂપી ઝાડાટેકરાને સાફ કરી, વિષમભાવરૂપી ડાઘાઓને
દૂર કરી તેને સરખી કરે છે અને સમભાવમાં લાવે છે,

તે નિર્મળ હૃદયરૂપી આદર્શ ભવનમાં આત્મદર્શન કરે છે
અને આત્મદર્શન થયા પશ્ચાત્ આત્મારૂપી મહારાજા
સદ્બુદ્ધિરૂપી મહારાણી દ્વારા, જ્ઞાનરૂપી યુવરાજ દ્વારા,
મનરૂપી પ્રધાન દ્વારા અને ઇંદ્રિયોરૂપી હજુરિયાઓ દ્વારા
પોતે પોતાના સાધનોમાં સ્થિર થઈ,
ઉદયાધીન કર્મોમાં સમભાવે અનાસક્ત રહી
કર્મને ખપાવી અનંત ગુણાનંદવાળા મોક્ષને પ્રાપ્ત કરે છે.
વિનાશી વસ્તુઓનો ત્યાગ અવિનાશી એવા આત્માનો
અનુભવ લેવા માટે હોય, તો તે જરૂર સાર્થક થાય છે.

*સામાયિક એ આત્મશોધનની ક્રિયા છે.*

આત્મચિન્તનમાં એકાગ્રભાવે સ્થિર થવાથી
ઉપસર્ગ - પરિષહને સહન કરવાનું બળ આવે છે.
વંદન - પૂજન એ યશનામ કર્મનું ફળ છે,
અપમાન - નિર્ભર્ત્સના એ અપયશનામ કર્મનું ફળ છે.
શુભાશુભ કર્મને બતાવનાર બન્ને ઉપકારી છે અને
તેમાંથી નિવૃત્ત થવાની પ્રેરણા આપે છે.

*દીક્ષામાં સમભાવ એ પ્રધાનતત્ત્વ છે.*

હું નારકી નહિ, તિર્યંચ નહિ, મનુષ્ય નહિ, દેવ પણ નહિ.
અને એ સૌ કર્મપુદ્ગલના વિપાકો છે. મોહને લીધે જ

હું મનુષ્ય છું, બ્રાહ્મણ છું, એવી ભ્રમણાઓ થાય છે.

વસ્તુતઃ હું પોતે ચારે ગતિનો સાક્ષીરૂપ છું.

નિશ્ચયથી તો હું સિદ્ધાત્મા સ્વરૂપ છું. સમભાવસરમાં સ્નાન કરવાથી ક્ષણેક્ષણે આત્મશુદ્ધિ અનુભવાઈ રહી છે.

સમવાદ - સમ્યક્ પ્રકારે બોલવું, તે પણ સામાયિકનો જ એક પ્રકાર છે, કેમકે તેમાં પ્રાણીઓના હિતનો વિચાર છે.

અહિંસક યજ્ઞ ચાલે...

કામ-ક્રોધ-મદ-માન-માયા વગેરે વિકારરૂપી પશુઓનો હોમ કરવા માટે તપ - સંયમ - સમભાવરૂપ યજ્ઞ છે, તે. ક્લેશ - કષાય - પાપનો યજ્ઞ કરવો, તે અહિંસક યજ્ઞ છે. આ સંસાર વિકારરૂપી પશુઓથી ખાચોખાચ ભરેલો છે, તેવા પશુઓને પકડી પકડીને સંયમરૂપ યજ્ઞમાં હોમવા કરે, તે ભાવયજ્ઞ કરનારો કહેવાય છે.

તે ભાવયજ્ઞ આત્મજ્ઞાનનું કારણ છે.

પશુના સ્થાને પાશવિક વૃત્તિઓને હોમવાની છે.

પ્રાણીઓ પર વિષમભાવરૂપી કષાયોનો હોમ કરવાનો છે.

વિષમવૃત્તિ = અન્યાયવાળી વૃત્તિઓ.

સમવૃત્તિ = ન્યાયયુક્ત વૃત્તિઓ, રુચ્ય પરિણામ, શુભ પરિણામ, મધુર પરિણામ, ખારખાંડયુક્ત પરિણામ.

ઉપશમ = ક્રોધનો અભાવ, વિવેક = મોહનો અભાવ,
સંવર = પાપનો અભાવ. કર્મ પર ક્રોધ કરવો પણ જીવ
પર નહિ. જીવ પર મોહ કરવો પણ પુદ્ગલ પર નહિ.
વૃત્તિ, પ્રીતિ અને પ્રવૃત્તિ કુશલકર્મની, પાપકર્મની નહિ.
વિવેક એ મોહનો પ્રતિપક્ષ, ઉપશમ ક્રોધનો પ્રતિપક્ષ
અને સંવર એ પાપપ્રવૃત્તિનો પ્રતિપક્ષ છે.

સર્વ જીવો સ્વ આત્મસમાન છે, તેમની વિરાધનાને
બદલે આરાધના કરવાનો વિચાર - એ સંવરરૂપ છે.

વિવેકના બળે સ્વપરનું વિવેચન થાય છે તથા
પરપદાર્થનો મોહ ગળી જાય છે.

દ્રવ્યથી વસ્તુ ધ્રુવ છે, માટે શોકરૂપ દ્વેષની જરૂર નથી,
પર્યાયથી અનિત્ય છે, માટે રાગ કરવાની જરૂર નથી.
આમ અરાગદ્વેષરૂપી સમભાવ સહેજે મોક્ષ છે અથવા
દ્રવ્યથી વસ્તુમાત્ર ધ્રુવ છે માટે તથા પર્યાયથી વસ્તુમાત્ર
અધ્રુવ - અનિત્ય છે, માટે રાગદ્વેષ કરવા યોગ્ય નથી.

જિનનો સંક્ષેપથી ઉપદેશ: વસ્તુમાત્ર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય
યુક્ત છે. તે ઉપદેશ પરિણમે, તેમ રાગદ્વેષ વિલય પામે.

સંક્ષેપ = જેમાં શબ્દ થોડા અને અર્થ ઘણો હોય તે.

સમાસ = સારભૂત અર્થને કહેનાર ટૂંકા શબ્દોથી થતો બોધ.

સામાયિક અર્થાત્ સમભાવની સાધના.
સમય, સમાય અને સામાયને સ્વાર્થમાં
'ઇક' પ્રત્યય લગાવાથી 'સામાયિક' શબ્દ બને છે.
સમય = સ્વરૂપમાં સ્થિતિ. સમાય = સર્વ જીવો પ્રત્યે
સમતાની લાગણી, રાગ-દ્વેષને જીતવાનો પરમ પુરુષાર્થ.
સામાય = સમ્યગ્ વસ્તુની પ્રાપ્તિ અર્થાત્
સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની સ્પર્શના.
એ બધાનો અર્થ સમભાવની સાધના જ થાય છે.
સમભાવ વિના સદ્વર્તન, જીવનશુદ્ધિ, વિષમસ્થિતિનો
અંત, સમતાની લાગણી, શાંતિની પાવન આરાધના,
ક્લેશરહિત અવસ્થા, અરિહંત ભાવ સિદ્ધ થતો નથી.
રાગ-દ્વેષથી વિરહિત થયેલો આત્મા - તે જ સમ છે.
તેમાં 'આય' એટલે આગમન - ગમન, તેથી સમાય અને
સમાયનો લાભ, તે સામાયિક છે. રાગદ્વેષમુક્ત આત્માને
જ્ઞાનાદિગુણોનો લાભ થાય, તે પ્રશમ સુખરૂપ છે, તેનો
આય જેમાં છે, તે સામાયિક છે. રાગદ્વેષરહિત ચિત્તનો
પરિણામ તે સમ છે. તેનો લાભ જેમાં થાય તે સમાય,
તે જ સામાયિક. સમભાવસિદ્ધિ માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર
ગુણની સમ્યગ્ યોજના કરવી, તે પણ સામાયિક છે.

સામ = મધુર પરિણામ, શત્રુ - મિત્ર પ્રત્યે સમાનવૃત્તિ.

સમ = તુલા પરિણામ,

સુખ - દુઃખ અને તેનાં સાધનો પ્રત્યે સમબુદ્ધિ, તે સમ.

સમ્મ = સમ્યગ્ પરિણામ, પ્રશાંતયુક્ત પરિણામ.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય ગુણોનું સમ્યગ્ યોજન.
તે ત્રણેનો લાભ થાય, તેવી ક્રિયાનું નામ 'સામાયિક' છે.

મોક્ષનું અનંતર કારણ સમતા છે.

તેનો લાભ જે કોઈ ક્રિયાથી થાય, તેનું નામ સામાયિક. પ્રભુએ સામાયિક ધર્મનો ઉપદેશ કર્યો છે. સ્વયં તેને આચરીને અને તેનું ઉત્કૃષ્ટ ફળ મેળવી અન્યોને પણ તે ધર્મનો ઉપદેશ કર્યો છે. સામાયિક ધર્મનું પાલન સુખપૂર્વક થઈ શકે, તેવા તીર્થને સ્થાપન કર્યું છે. ગણધર ભગવંત આદિ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી છે, તેમાં સામાયિક ધર્મને અંગીકાર કરનારને સ્થાન છે. માત્ર નવકાર ગણનાર પણ સમકીત સામાયિકનો આરાધક કહ્યો. જીવાદિ તત્ત્વોનું હેયોપાદેય વિભાગથી જ્ઞાન મેળવવું, તે શ્રુત સામાયિકની આરાધના છે. જીવમાત્ર પ્રત્યે વૈરત્યાગ કરી મિત્રભાવ ધારણ કરવો, તે સમકીત સામાયિક, તેમાં દેવ, ગુરુ, સંઘ અને સાધર્મિકની ભક્તિ મુખ્ય છે.

ત્રીજું સામાયિક સર્વવિરતિ - દેશવિરતિનું આરાધન છે.
તેમાં મન - વચન અને કાયાદિ ત્રિકરણ યોગે સાવદ્ય
વ્યાપારોનો ત્યાગ અને નિરવદ્ય વ્યાપારોનું આસેવન છે.

## સામાયિકના ત્રણ અર્થ

સામ, સમ અને સમ્મ અર્થાત્ દર્શન, જ્ઞાન, ચારિત્ર.
આ ત્રણ ગુણોનો જેમાં લાભ થાય, તે સામાયિક છે.
સામ વડે મુખ્યત્વે દર્શનગુણ, સમ વડે જ્ઞાનગુણ અને
સમ્મ વડે ચારિત્રગુણનું આરાધન થાય છે.
દર્શનગુણનો પ્રકર્ષ અહિંસામાં, જ્ઞાનગુણનો પ્રકર્ષ સંયમમાં
અને ચારિત્રગુણનો પ્રકર્ષ તપગુણમાં પરિણમે છે.

## જીવની ત્રણ અવસ્થા

પારિણામિકભાવ, ઔદયિકભાવ અને
ક્ષાયોપશમિક અને ક્ષાયિકાદિભાવ.

પારિણામિકભાવ = જીવત્વ સૌમાં સમાન છે, તેને આગળ
કરવાથી સામ પરિણામ, મધુર પરિણામ, મૈત્રી પરિણામ
અને તેના ફળસ્વરૂપ અહિંસકભાવ વિકાસ પામે છે.
ઔદયિકભાવ = ઘાતી - અઘાતી કર્મના ઉદયરૂપ છે. તેના
પ્રત્યે કાં તો મધ્યસ્થભાવ અથવા કરુણાભાવ રહે છે.
તે જ્ઞાનનું ફળ છે અને સંયમને પુષ્ટ કરે છે.

ક્ષાયોપશમિકભાવ = આ ભાવ કર્મના આંશિક અથવા સર્વથા ક્ષયથી ઉત્પન્ન થાય છે, તેના પ્રત્યે પ્રમોદભાવ અને તે ભાવનાં ફળરૂપ તપગુણનો વિકાસ થાય છે.

તપગુણ ઇચ્છાનિરોધરૂપ હોવાથી

તે દ્વારા સંતોષનું જે અનુપમ સુખ અનુભવાય છે, તે આત્મરમણતામાંથી જન્મેલું હોવાથી ચારિત્રસ્વરૂપ છે.

સામ, સમ અને સમ્મ ત્રણે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેને સમાનાર્થક છે. અહિંસા, સંયમ અને તપ તેનાં કાર્ય છે, મૈત્રી, માધ્યસ્થ્ય, કરુણા અને પ્રમોદ તેની ભાવનાઓ છે.

સમકીત, શ્રુત, ચારિત્રસામાયિકમાં એ સર્વનો સંગ્રહ થાય છે. ભક્તિ આદિ સમકીતસામાયિકનાં કર્તવ્ય છે, શાસ્ત્રનો અભ્યાસાદિ શ્રુતસામાયિકનાં કર્તવ્ય અને યમનિયમાદિ પાલન, સર્વવિરતિ આદિ ચારિત્રસામાયિકનાં કર્તવ્ય છે. વ્યવહારથી ત્રણે ગુણો ભિન્ન છે, નિશ્ચયથી અભિન્ન છે.

આત્મા પોતે જ સામાયિકસ્વરૂપ છે અને જ્ઞાનાદિ ગુણોનું આરાધન પણ આત્મા માટે જ છે, માટે સામાયિકનું પ્રયોજન પણ આત્મા છે.

હિંસા અને ભેદનું ફળ હિંસા તથા ભેદ જ છે, જ્યારે અભેદનું ફળ અભેદ જ છે.

કર્મપરિણામ રાજા તે નિષ્પક્ષપાત ન્યાયાધીશ જેવા છે.
આત્મરાજાના રાજ્યમાં કોઈ પદાર્થ વ્યવસ્થા, રાખનાર હોય,
તો તે કર્મ છે. તે અદલ ઈન્સાફી ન્યાયાધીશના સ્થાને છે.
તે self - governmentનો governor છે.

મનને પણ દોષ દેવો, તે વ્યર્થ છે.

મન નોકર છે, તેનો માલિક આત્મા છે.

અયોગ્ય વિચાર કરનાર મન નહિ પણ તેનો માલિક જ છે.
જડ એવા મન - કર્મ - લક્ષ્મી આદિનો દોષ ન કાઢતાં
સ્વદોષને પ્રતિક્રમણ સામાયિક વડે શુદ્ધ કરવા જોઈએ.
પોતાના દોષો જણાય તેને પ્રકટ કરવા, ગુણોને નહિ.
ગુણો તો સ્વાભાવિક રીતે પોતાના તેજે કરીને પ્રકાશે છે.
જાગ્રત, સ્વપ્ન અથવા સુષુપ્તિ - એ ત્રણે અવસ્થાને
લોપીને રહેલો આત્માનો પ્રકાશ કદી ય બુઝાતો નથી.

આત્માના અભાવે શરીર જડ છે,
તે negatively આત્મપ્રતીતિ કરાવે છે,
તથા નિદ્રા, સ્વપ્ન કે જાગ્રત અવસ્થામાં
આત્માના પ્રકાશથી જે બધું પ્રકાશિત થાય છે, તે
Positive આત્મપ્રતીતિ કરાવે છે (self conviction).
Not all of me shall die.

સામાયિક = તીર્થંકર સમ આદર્શ જીવન જીવવાની ક્રિયા.
સર્વ તીર્થંકર ભગવંતોએ આ સામાયિકને જીવનમાં ઉતારી તથા સિદ્ધ કરીને તે કરવાનો ઉપદેશ આપેલ છે.

સામાયિક આવશ્યક = करेमि सामाइयं |

ચઉવિસત્થો આવશ્યક = भंते | વંદન આવશ્યક = तस्स भंते |

પ્રતિક્રમણ આવશ્યક = पडिक्कमामि |

કાયોત્સર્ગ આવશ્યક = अप्पाणं वोसिरामि |

પચ્ચક્ખાણ આવશ્યક = सावज्जं जोगं पच्चक्खामि |

करेमि भंते सामाइयं = સામાયિક - ચઉવિસત્થો

तस्स भंते | = ગુરુવંદન

पडिक्कमामि निंदामि गरिहामि | = પ્રતિક્રમણ

अप्पाणं वोसिरामि = કાયોત્સર્ગ.

सावज्जं जोगं पच्चक्खामि | = પચ્ચક્ખાણ આવશ્યક

(xxx न समणुजाणामि પર્યંત)

સામાયિકમાં પહેલું આત્મભાન પ્રગટે છે, પછી આત્મજ્ઞાન, ત્યારબાદ આત્માના આનંદનો અનુભવ તથા છેવટે આત્માનું અપૂર્વ, અરૂપ, અદ્ભુત, અનંતબળ પ્રગટે છે. સમ વડે આત્મભાન, સમ વડે આત્મજ્ઞાન અને સમ વડે આત્માનો આનંદ અને આત્માનું બળ અનુભવાય છે.

## <u>અનુષ્ઠાનનો goal - aim = સાધ્ય</u>

જે અનુષ્ઠાન કરવું હોય, તેમાં પ્રથમ સાધ્ય નક્કી કરવું. સાધ્ય જેટલું સ્પષ્ટ, તેટલી પ્રવૃત્તિ તે દિશામાં થાય. સાધ્ય પ્રત્યે જેટલી પ્રીતિ - ભક્તિ, તેટલી સાધનામાં ઉત્કટ પ્રવૃત્તિ થઈ શકે. આપણી શક્તિનો તાગ જેટલો સ્પષ્ટ થયો હોય, તે બધી શક્તિ ગોપવ્યા વિના પ્રવૃત્તિ કરીએ,

તો તે '<u>યથાશક્તિ</u>' કહેવાય છે.

Not only emotion but through devotion.

અનુમોદક પણ associated ગણાય.

સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાન અને

સમ્યગ્જ્ઞાનપૂર્વક સમ્યક્ચારિત્ર - તે મોક્ષનો ઉપાય છે. સત્યાસત્યનો નિર્ણય કરવો, તે સમ્યગ્જ્ઞાન છે. ભગવાને જેવું જાણ્યું અને દર્શાવ્યું તેવો નિર્ણય કર્યો, તે પ્રમાણે વર્તનમાં મૂકી અનુભવ કરવો, તે સમ્યક્ચારિત્ર છે.

<u>મિથ્યાત્વ</u> = માયા, માર, શેતાન, મોહ, પ્રકૃતિ, sin આદિ.

દેહને, દેહાધીનને, કર્મને તથા કર્મના પરિણામને હું અને મારા માનવા, તે મિથ્યાત્વ છે. દેહાત્મબુદ્ધિને છોડવા '<u>આત્મજાગૃતિ</u>' શબ્દ વારંવાર વપરાય છે. ઇંદ્રિયોની ગુલામીમાંથી છૂટવા માટે આત્મસંબંધી જાગૃતિ જરૂરી છે.

<u>આત્મસામર્થ્યને ખીલવાની ચાવી = સામાયિક</u>

દેહ માટે જેટલી પ્રવૃત્તિ થાય છે, તેથી
અધિક પ્રવૃત્તિ દેહમાં વસનાર આત્મા માટે થવી જોઈએ.
આત્માના અનંત સામર્થ્યને ખીલવાની ચાવી
સામાયિકની ક્રિયામાં રહેલી છે.

શરીર પ્રમુખમાં સાક્ષીભાવે રહી આત્માને હૃદયસ્થ કરી,
જ્યારે કોઈ ધાર્મિક અનુષ્ઠાન કરવામાં આવે, ત્યારે
તે ધાર્મિક અનુષ્ઠાન સામાયિકરૂપ બને છે.

'સુખ - દુઃખો આગંતુક છે, આત્મા તો ઉભયથી પર છે'
એમ માને, તે અંતરાત્મા - સાક્ષી - witness છે.
જેમ દેહથી આત્મા અલગ છે, તેમ
કર્માદિથી પણ અલગ થઈ શકે છે.

<u>ઈંદ્રિયોથી પર એવો આત્મા પરમાત્માને જાણે છે,
તેમ જ ઈંદ્રિયો અને તેના વિષયોને પણ જાણે છે.</u>

આત્મા અને પરમાત્મા વચ્ચે રહેલા અંતરાયોને દૂર
કરવા માટે ધર્મક્રિયાનું અવલંબન લેવાનું છે. શરીરમાં
રહેલ સાક્ષીરૂપી આત્માને હું માનનાર શરીર, મન અને
વચનના દોષો ઉપર સહેલાઈથી વિજય મેળવી શકે છે.
ક્રિયાનો અર્થ અને લક્ષ્ય પકડમાં આવે છે, ત્યારે વિઘ્નો

આપોઆપ દૂર થઈ જાય છે, તેમ સિદ્ધિ પ્રાપ્ત થાય છે
અર્થાત્ આત્માના અંતર્ગત સામર્થ્યો આવિર્ભાવ પામે છે.

તે વખતે એવા ભાવદયા પ્રગટે છે કે:

'જગતના જીવોને પણ તે પ્રાપ્ત થાય'.

વળી જગતના કલ્યાણ અર્થે વિનિયોગ થાય છે,

'आत्म समं करोमि।' એવી ભાવના જાગે છે.

વિઘ્ન દૂર કરવા તે દુઃશક્ય છે પણ અશક્ય નથી.

## મોક્ષલક્ષી ધાર્મિક ક્રિયાનું ફળ

આત્મહિતકર શિવલક્ષ્ય ભૂલવું ન હોવું જોઈએ તથા
દગ્ધ, શૂન્ય, અતિપ્રવૃત્તિ, અવિધિ - એ ૪ દોષો દૂર કરવા.

દગ્ધદોષ = આ લોક તથા પરલોકનાં ફળની ઈચ્છા.

શૂન્યદોષ = ઉપયોગથી શૂન્યપણે ક્રિયા કરવી તે.

અતિપ્રવૃત્તિદોષ = ન્યૂન-અધિકપણે ક્રિયા કરવી તે.

અવિધિદોષ = શાસ્ત્રવિધિના અનાદરપૂર્વક ક્રિયા કરવી તે.

જેનું ફળ અમૃત - આત્મહિતકર છે, તે અમૃતક્રિયા.
આત્માની પૂર્ણહિતકર મોક્ષ - મહાનંદ છે, તે હેતુથી
કરાય, તે તદ્ધેતુ અનુષ્ઠાન છે. શાસ્ત્રોનું રહસ્ય અને
વાસ્તવિક અર્થ જ્ઞાનનિષ્ઠા પ્રગટ્યા પછી જ સમજાય છે.

સાધકની ક્રિયા એ જ પ્રકારનો જ્ઞાનવિહાર છે.

બ્રહ્મ નિર્દોષ અને સમ છે, તેનું સાધન સમતાભ્યાસ છે.
સમતાભાવનું બીજું નામ આત્માભ્યાસ કે બ્રહ્મવિચાર છે.
આત્મા એ બ્રહ્મ છે. દ્રવ્ય - ગુણ - પર્યાયથી
નિશ્ચય દૃષ્ટિએ સર્વ આત્મા સમાન છે.
કર્મજન્ય અવસ્થામાં બંધન દૃષ્ટિએ બધા સમાન છે,
નિશ્ચય દૃષ્ટિએ જીવમાત્ર નિર્લેપ છે,
વ્યવહાર દૃષ્ટિએ સંસારી જીવમાત્ર કર્મથી લિપ્ત છે.
ગુણો બધા જ આત્મદ્રવ્યના સહજ પર્યાય છે.
એ રીતે દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપે જીવાત્માઓમાં રહેલા
સામ્યનો વિચાર કરવો, તે બ્રહ્મવિચાર છે.
તે સમતાભાવનો અભ્યાસ કરે છે, તેને વૈષમ્ય ટળે છે,
સામ્ય પ્રગટે છે, દોષમુક્ત થવાય છે અને
વિશુદ્ધ બ્રહ્મ આવિર્ભાવ પામે છે.

## સામાયિકની ક્રિયા કોને કહેવાય ?

સમત્વભાવ વિકસાવવા માટે શાસ્ત્રોમાં
જે ક્રિયાનું વિધાન કરવામાં આવ્યું છે,
તેને જ સામાયિકની ક્રિયા કહેવાય છે.
નામસ્તવ, ગુરુવંદન, દોષપ્રતિક્રમણ, કાયોત્સર્ગ,
પ્રત્યાખ્યાનાદિ તેનાં જ વિવિધ અંગો છે.

## સાધકને સાધનથી છે વિવેકલાભ

એક ગ્રેનના આઠમા ભાગ જેટલું વિષ મનુષ્યને મારી નાંખે છે પણ વિષને ખબરે ય નથી કે હું કોઈને મારું છું. મરનાર જીવાત્માને ખબર છે કે હું શરીરને છોડીને જાઉં છું. આત્માની આ વિશિષ્ટતા છે કે તે શું બને છે, તે જાણે છે. અકામ - વગર સમજ્યે, ઇચ્છા વિના, પરાધીનપણે પણ જીવ નરક કે તિર્યંચ યોનિમાંથી દુઃખો ભોગવીને પણ મનુષ્ય યોનિમાં આવ્યો, તો હવે તે જો ઇચ્છાપૂર્વક તથા સમજીને શુભ કર્મ કરે તો અહીં લોકથી પણ પર એવી ઉત્તમોત્તમ સ્થિતિને કેમ પ્રાપ્ત ન કરી શકે ?

સત્ત્વપુરુષાન્યતાખ્યાતિમાત્રસ્ય
સર્વભાવાધિષ્ઠાતૃત્વં સર્વજ્ઞાતૃત્વં ચ ।
તદ્ વૈરાગ્યાદપિ દોષબીજક્ષયે કૈવલ્યં । શ્રુતિઃ

સાધકને જડ અને ચૈતન્ય - એ બંનેના વિવેકનું લાભ થતાં જ સર્વ પદાર્થો ઉપર અધિષ્ઠાતાપણું ઉપરાંત સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે.

કર્મપ્રકૃતિમાં વૈરાગ્ય થતાં દોષક્ષય અને કૈવલ્ય મળે છે.

આત્મજ્ઞાન રૂપી સૂર્ય પ્રકાશમાન થાય છે,
ત્યારે મોહરૂપી અંધકાર પોતે આપમેળે જ જતો રહે છે.

દેહરૂપી પૃથ્વી ઉપર શુભકર્મ રૂપી દિવસ અને
અશુભકર્મ રૂપી રાત્રિ આપણને જણાય છે, પરંતુ
દેહ પર ચોંટેલા આત્મસ્વરૂપના પ્રકાશમાં આવતાં જ
absolute light - અનંતતાનો સર્વત્ર પ્રકાશ
પથરાય છે, ત્યાં અંધકારનું નામ કે નિશાન રહેતું નથી.

આત્મા સૂર્ય છે, દેહ પૃથ્વી છે અને
શુભાશુભ કર્મ એ દિવસ અને રાત્રિના રચયિતા છે.

મિત્ર તો મને પ્રિય છે જ પણ
હું તો દુશ્મનનો ય ઉપકારી ગણું છું, કારણ કે
હું જે કરી શકું, તે મિત્ર મને જણાવે છે,
પરન્તુ દુશ્મન તો મારે જે કરવું ઘટે,
તે જણાવીને મારા ઉપર મોટો ઉપકાર કરે છે.

o આંખ, કાન અને નાક બંધ કરી, પછી જો તમને
ઈશ્વરના રહસ્યની ખબર ન પડે, તો મને જરૂર હસજો.

અનલહક = મૈં હક્ક હૂં। - સૂફી સંત મન્સૂર
અનલહક = અહં બ્રહ્માસ્મિ।
સૂફી = ઊનનાં કપડાં પહેરનારા, સૂફી = શુદ્ધિથી નીકળેલા સૂફી.
હમસોઽહમ્ = સર્વં ખલ્વિદં બ્રહ્મ।
માયાધીશને શરણે જવાથી માયાધીન જીવની મુક્તિ છે.

કર્મબંધનાં પાંચ કારણો છે...

મિથ્યાજ્ઞાન, દોષ, પ્રવૃત્તિ, જન્મ અને દુ:ખ.
મિથ્યાજ્ઞાન એ સમગ્ર દુ:ખનું મૂળ છે. તેમાંથી જ રાગ અને દ્વેષ તથા રાગ-દ્વેષમાંથી પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે. તેનાં સુફળો અને કુફળો ભોગવવા માટે જ સર્વ જીવોને જન્મ અને મરણનાં આ ચક્રમાં પડવું પડે છે.
તત્ત્વચિંતન વડે મિથ્યાજ્ઞાન દૂર થઈ શકે, એ થતાં જ દોષો, પ્રવૃત્તિ, જન્માદિ દુ:ખ આપોઆપ દૂર થાય છે અને જીવ બંધનમુક્ત બને છે. - ન્યાયદર્શન

મિથ્યાજ્ઞાનમાંથી મુક્તિ મેળવવા ૧૬ પદાર્થોને યથાર્થ જાણો:
(૧) પ્રમાણ (૨) પ્રમેય (૩) સંશય (૪) પ્રયોજન
(૫) દૃષ્ટાંત (૬) સિદ્ધાંત (૭) અવયવ (૮) તર્ક
(૯) નિર્ણય (૧૦) વાદ (૧૧) જલ્પ (૧૨) વિતંડા
(૧૩) હેત્વાભાસ (૧૪) છલ (૧૫) જાતિ (૧૬) નિગ્રહસ્થાન.

પહેલાં સંશય ઉદ્ભવે છે, જે જ્ઞાન માટેની ચર્ચાનું પ્રયોજન બને છે, પછી દૃષ્ટાંત જેને પરિણામે સિદ્ધાંત સ્થાપિત થઈ શકે છે પછી એ સિદ્ધાંતની સામે વિરોધ કરનાર અવયવ કે દલીલ લઈને આવે છે, પરિણામે તર્ક ચાલે છે અને નિર્ણય લેવાય છે.

નિર્ણય લેવાયા પછી પણ એનો વિરોધ
કરવાના નીકળી પડે છે, આવો વિરોધ તે વાદ.
એ વિરોધ જલ્પ એટલે કે કુટિલ શબ્દયુદ્ધમાં પરિણમે છે,
અહીંથી વિતંડા કે એકબીજા સામે ગાળાગાળીમાં લપસી
પડાય છે. હેત્વાભાસ અર્થાત્ ખોટી દલીલબાજી ચાલે છે
અને છેલ્લે 'આ બધું મિથ્યા છે'
એવું પુરવાર થતાં જ મૂળનો સિદ્ધાંત કાયમ રહે છે.

## મિથ્યાત્વ દૂર થતાં શું બને છે?

મિથ્યાત્વ દૂર થતાંવેંત રાગ-દ્વેષ-મોહ નષ્ટ થાય છે.
ક્રોધ, ઈર્ષા, અસૂયા, તિરસ્કાર - એ દ્વેષના જ પ્રકારો છે.
સામી બાજુએ કામ, લોભ, લોલુપતાદિ રાગમાંથી જન્મે છે.
સંશય, ગર્વ, દર્પ, અજ્ઞાન આદિ મોહજન્ય વિકારો છે.
આ બધાનું મૂળ મિથ્યાત્વ છે. તેનું નિવારણ થયે
દોષમાત્રનું નિવારણ થઈ જાય છે અને પરિણામે પ્રવૃત્તિ
અસ્ત પામતાં જન્મ-મરણમાંથી મુક્તિ મળે છે.
અપવર્ગ = આત્યંતિક દુઃખમુક્તિ, સદા માટે દુઃખમાંથી છૂટવું.
આત્માનો નાશ મુક્તિમાં નહિ, માત્ર બંધનો નાશ છે.
૨૧ પ્રકારનાં દુઃખોમાંથી મુક્તિ - એનું નામ મોક્ષ.
મોક્ષદશામાં મન-આત્મા વચ્ચેનો સંબંધ છૂટી જાય છે.

એ છતે વાસના, પ્રયત્ન, ધર્મ, અધર્મ, રાગ, દ્વેષ આદિ
તમામથી આત્મા મુક્ત બને છે. ઈશ્વર નિત્યજ્ઞાનરૂપ છે,
તેનામાં ઇચ્છા અને ક્રિયા - બે ગુણો છે, તે વ્યાપક છે.

જીવ એ કર્તા અને ભોક્તા છે.

એનામાં ચૌદ ગુણો છે, જેમાં પહેલો ગુણ જ્ઞાન છે.

કર્મના બંધનું કારણ અજ્ઞાન છે.

આ બધાંથી પર આત્મજ્ઞાન - એ મોક્ષના સાધનરૂપ છે.

- ઇતિ ગૌતમ ન્યાયદર્શનનો ટૂંકસાર

अजरामरवत् प्राज्ञो विद्यामर्थं च साधयेत् ।
गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥ અર્થાત્:
જીવ્યું તે જ ગણાય કે કાંઈક અમર કામ મૂકીને જાય.
વિદ્યા અને અર્થની પ્રાપ્તિ કરવામાં ન્યૂનતા ન રાખવી
અને મરી જવું છે, એ વાત ભૂલી જઈ અધર્મ ન કરવો.

૦ ધર્મ એટલે સદાચાર. શ્રેષ્ઠ ધર્મ સ્વધર્મ છે.

કબીર કહે સો ભી જન આયા, આપને મેં ભી સમાયા.

૦ उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मी-
दैवेन देयमिति कापुरुषा वदन्ति ।
दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या
यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः ? ॥

(પરિશિષ્ટ-૪)

## સદ્‌ગુરુ - ચૈતન્યનું જ મૂર્તરૂપ

ગુરુત્વાકર્ષણના નિયમ મુજબ ગુરુઅંશ લઘુઅંશને પોતાના તરફ આકર્ષે છે. લોહચુંબક જેમ લોહને આકર્ષે, તેમ ગુરુનું ગુરુત્વ સાચી શિષ્યભાવનામાં રહેલું છે. જેનાં ચિત્ત-હૃદય જ્ઞાનનો પ્રકાશ ઝીલવા માટે તૈયાર છે, તે સાચો શિષ્ય છે, પછી તેને એક તુચ્છ તણખલું પણ ગુરુરૂપ લાગે. આવા શિષ્યનો ગુરુ અણુઅણુમાં વ્યાપ્ત છે.

અણુઅણુમાં વ્યાપેલો તો પરમાત્મા છે.

આથી જ ગુરુતત્ત્વને સાચી રીતે જાણનારાઓએ ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને સાક્ષાત્ પરબ્રહ્મ કહેલ છે. આપણે સમગ્ર બ્રહ્માંડના એક અતિઅલ્પ અંશ છીએ.

તેથી આપણા સિવાયનો બ્રહ્માંડનો શેષભાગ ગુરુભાગ જ કહેવાય. આ દૃષ્ટિએ આપણા સિવાયનું શેષ બ્રહ્માંડ આપણા માટે તો ગુરુ રૂપ જ ગણાય. દૃષ્ટિપરિવર્તન થવું, તે સદ્‌ગુરુપ્રાપ્તિનું એક પ્રધાનલક્ષણ છે, પછી આપણી બુદ્ધિ પ્રજ્ઞારૂપ બની જાય છે, ષડ્‌રિપુઓ શત્રુ મટી મિત્રરૂપ બની જાય છે, શક્તિરૂપ બને છે,

તમોગુણ સત્‌રૂપ, રજોગુણ ચિત્‌રૂપ અને સત્ત્વગુણ આનંદરૂપે રૂપાંતરિત થાય છે.

## થોડી ચિંતનકણિકાઓ

0 જ્યાં સત્ય છે, ત્યાં ભગવાન છે.
ધર્મ = સત્ય, તપ, દયા અને પવિત્રતાનો સરવાળો.
કલિયુગમાં સત્ય, તપ કે પવિત્રતા દેખાતાં નથી,
કેવળ દયા - દાન ઉપર જ ધર્મ ટકે છે.

0 સદાચાર પાયો છે, સદ્વિચાર મહેલ છે.

0 જે તક ગુમાવે, તે તકદીર ગુમાવે છે.

0 જ્યાં અપેક્ષા છે, ત્યાં અશાંતિ છે.
બીજાનું અપમાન કરનારો પોતાનું જ અપમાન કરે છે.

0 લક્ષ્મીના બદલે લક્ષ્મીપતિની સેવા કરો.

0 ભૂતકાળનો શોક અને ભવિષ્યની ચિંતા છોડી,
માત્ર વર્તમાનને જ સુધારો તો બધું સુધરી જશે.

0 બીજાના દોષ જલ્દી દેખાય છે, પોતાના નહિ.
પોતાનું જીવન સુધારવાની જીવને ઇચ્છા જ થતી નથી.
દોષ જોવાની ઇચ્છા હોય તો તમારી અંદર જ જોજો.
બીજાના તો ગુણ જ જોજો. પરગુણ જોવાની ટેવ રાખશો,
તો દ્રષ્ટિ ગુણમય બની જશે અને
એક ને એક દિવસ તમે ગુણવાન બની જશો.
અવગુણને બહુમાન આપશો નહિ.

પાણી જગાડે તો વાણી જગાડે,

આચાર જગાડે તો વિચાર જગાડે.

રાજા જગાડે તો પ્રજા જગાડે, અન્ન જગાડે તો મન જગાડે.

બુદ્ધિ જગાડે એટલે વિપત્તિ આવવાની.

તમારું તન અને મનને જગાડે છે.

તન ભલે જગાડે પણ મનને જગાડવા ન દેશો.

જે તનને સાચવે તે સંસારી, મનને સાચવે તે સંત.

તનની કાળજી ગમે તેટલી રાખશો તો ય ઘરડું થવાનું છે
અને અંતે બળી પણ જવાનું છે, માટે જ મહાપુરુષો
તનની ઉપેક્ષા કરીને પણ મનને સાચવે છે.

જે મનને સાચવે છે, તે જ મહાન બને છે.

મનથી પ્રભુની સમીપમાં રહેવું, તેનું જ નામ ઉપવાસ.

ક્રોધ કરવાથી પુણ્યનો નાશ અને જીવનનો હ્રાસ થાય છે.

પ્રેમમાં મેળવવાની નહિ પણ સમર્પણની જ ભાવના હોય.

સંસારસુખને તુચ્છ માને, તે જ પ્રભુભક્તિ કરી શકે.

ડોંગરેજી વચનામૃતમાં પણ કહ્યું છે કે...

તમારા મનના તમે જ ગુરુ બનો.

તમારા સિવાય બીજું કોઈ એને સુધારી શકે નહિ.

એને તમે જ જાણો છો અને તમે જ સુધારી શકવાના છો.

V.V. Imp.

# સત્સંગનો મહિમા

ધ્યાનમાં સિદ્ધ પુરુષના મન અને આત્મા સાથે સીધો સંપર્ક સાધી શકાય છે અને એમની અમૃતવાણીનું પાન કરી શકાય છે. એ વાણી તે વૈખરી નહિ પણ પરા-પશ્યંતી હોય છે. 'સિદ્ધ પુરુષોના આત્મા ખૂબ જ પ્રેમ અને અનુકંપાપૂર્વક તમારા અંતરાત્માને જગાડવા માટે સદા ય તૈયાર જ હોય છે. ગ્રન્થો મહત્કૃત મહાન વ્યક્તિઓના સરલ સંપર્કની ચાવીઓ મળે છે. સિદ્ધ થઈ ચૂકેલા વ્યક્તિઓ સતત અને સદા ય દિવ્યચેતનામાં જ રહેતી હોવાથી તેઓના આત્માનો સક્રિય સંપર્ક મેળવી શકાતો હોય છે. સિદ્ધ વ્યક્તિએ દેહને ધારણ કરી રાખ્યો છે કે છોડી દીધો છે, એ બહુ મહત્ત્વનું નથી. સિદ્ધ વ્યક્તિનું સર્જાદ પુસ્તક વાંચતા અલૌકિક શાંતિ અને આનંદનો જે અનુભવ થાય, તે એના શરૂ થયેલા સત્સંગનો પુરાવો છે. પુસ્તક કે વાંચનની અનુકૂળતા ન હોય તો તમને પસંદ એવા સિદ્ધ વ્યક્તિનું ઊંડું અને સતત સ્મરણ કરો. થોડી પળોમાં જ તે વ્યક્તિનો તમને સંપર્ક સુલભ બનશે.

શાંતિની અનુભૂતિ થવા લાગે,
તો સમજ લેવું કે સંસર્ગ - સત્સંગ શરૂ થઈ ચૂક્યો છે.

સિદ્ધ વ્યક્તિ તેને કહેવાય કે જેણે
પોતાના જીવનકાળમાં ઈશ્વરના દર્શન કર્યા હોય
અથવા તો આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો હોય.

મનુષ્યમાં અનુકરણ કરવાની પ્રાકૃતિક ટેવ હોવાથી
'જેવો સંગ તેવો રંગ' તે ગ્રહણ કરે છે,
એ માટે જ શાસ્ત્રમાં સત્સંગનો મહિમા ગવાયો છે.
ગર્ભના સંસ્કાર તથા ઘરના સંસ્કારની જેમ
ભોજનના સંસ્કાર પણ વ્યક્તિનો જીવનઘાટ ઘડે છે.
ધન, સત્તા કે લક્ષ્મીમાં સંતોષ રાખવો, ભજનમાં નહિ.
સતત પ્રભુસ્મરણ મનને શુદ્ધ કરી જીવન સુધારે છે.
સમાપ્તિ ભોગની હોય, ભક્તિની નહિ. જીવ ઈશ્વરમાં
ભળી જાય, ત્યાં સુધી પ્રભુભક્તિ ચાલુ રહેવી જોઈએ.
જેમ તમામ સદ્‌ગુણોનું મૂળ દયા, દાન, અનુકંપા, પ્રેમ છે,
તેમ દુર્ગુણો માત્રનું મૂળ અભિમાન અથવા અહંકાર છે.

o

I am that I am.
That which I am seeking, I am.
I am in tune with the infinite
Spirit of love, mercy and wisdom,
strength and substance.

## અક્ષમાળા તથા જાપનો પ્રભાવ

'ૐ અર્હં નમઃ ।' મંત્રમાં

ૐ એ પંચપરમેષ્ઠિનું વાચક છે,

અર્હં પ્રધાન પરમેષ્ઠિવાચક, નમઃ સમાપત્તિવાચક છે.

જેમ અગ્નિ પોતાના સંપર્કમાં આવનાર પ્રત્યેક વસ્તુને બાળે છે અને ગંગા પોતાના સંબંધમાં આવનાર ગટરને પણ ગંગા બનાવે છે, તેમ ભગવન્નામ બધાં પાપોને, એનાં બીજ અથવા સંસ્કારો સહિત નષ્ટ કરી દે છે. અંતિમ શ્વાસના સમયે ભગવન્નામનો ઉચ્ચાર કરે છે, એને એ નામના પ્રભાવથી શીઘ્ર મુક્તિ પ્રાપ્ત થાય છે. શબ્દશક્તિ પોતાની મેળે જ પ્રવાહના ક્રમથી ધ્વનિ કરતી પૂર્ણ કરે છે, તેથી જ તે 'અક્ષમાળા' કહેવાય છે.

### શબ્દશક્તિરૂપ અક્ષમાળા

સર્વ અક્ષોને (ઇંદ્રિયવૃત્તિઓને) પોતામાં અંતર્વર્તિત કરે છે. આમ શબ્દશક્તિની સહાયથી આરાધકો અવધાનવાળા બનીને વાચ્ય - વાચકનો અભેદ સહજ રીતે સાધે છે. અહીં વાચ્ય-વાચકનો અભેદ એ લક્ષ્યાભાવ છે, તેની ઉપપત્તિ માટે લેવાતું યથાવિધિ આલંબન-અભિષ્ટુતિરૂપ છે, તે સમાલંબન છે. તન્મંત્રદેવતા તન્નામતાદાત્મ્યેન પ્રસીદતિ।

ભાવાર્થ કે વાચક અને વાચ્યના તાદાત્મ્યથી - અભેદથી
'હે શબ્દબ્રહ્મરૂપ મંત્રદેવતાઓ મારા ઉપર પ્રસન્ન થાઓ'
તેવી પ્રાર્થના કરવાની ભૂમિકા પ્રાપ્ત થાય છે.
સ્મરણ અથવા માનસજાપ કેવળ મનથી જ કરાય છે.
તે સ્વસંવેદ્ય હોય છે, એટલે કે
તેનો જાપ કરનાર પોતે જ જાણી શકે, બીજાઓ નહિ.
મંત્રજાપની ધારા તો નિદ્રામાં પણ ચાલુ રહેવી જોઈએ.
જેમ ખીસ્સામાં બે-પાંચ હજાર રૂપિયા પડ્યા હોય, ત્યારે
બીજાની સાથે વાત કરતી વખતે તેનું અનુસંધાન રહે છે,
તે જ રીતે ગમે તેની સાથે વાત કરતી વખતે પણ
ઈશ્વરનું અનુસંધાન સૌના મનમાં સતત રહેવું જોઈએ.

## ચતુર્વિંશતિ જિનનામસ્તવનું માહાત્મ્ય

શ્રેષ્ઠ આરાધકો લોગસ્સ સૂત્ર - ચતુર્વિંશતિ જિનનામસ્તવની
બીજી, ત્રીજી અને ચોથી ગાથાની નામસ્મરણારૂપ
અક્ષરમાળાને પોતાના દેહસ્થ ષટ્ચક્રો અને સહસ્રારના
આલંબન વડે પોતાનામાં અંતર્ગત કરે છે અને તેથી
વાચક - વાચ્યનો અભેદ સાધે છે. આ ભાવાત્મક ક્રિયા વડે
ષટ્ચક્રસ્થાનોમાં ચતુર્વિંશતિ નામોની ધારણા કરતાં દેહનું
સાડા ત્રણ વખત આવેષ્ટન કરાય છે.

આ પ્રકારે પ્રત્યાહારાત્મકરૂપ સજ્ઝાય
સર્વ અક્ષોને - ઇંદ્રિયવૃત્તિઓને પોતામાં અંતર્વર્તિત કરે છે.
ષટ્ચક્રો અને સહસ્રાર ચક્રોના સમાલંબન વડે વાચક-
વાચ્યનો અભેદ સાધવાની વિધિ ગુરુગમથી સમજી લેવા.
'કાયોત્સર્ગમાં લક્ષ્યાલક્ષ્યની ઉપપત્તિ માટે ચક્રસ્થાનોનું
સમાલંબન' એ લેખના આધારે ઉપરોક્ત લખાણ કર્યું છે.

સોજત સીટી, માગસર વદી ૮

સંસારમાં કર્મની વિટંબના છતાં જૈનશાસન જયવંતુ છે.
જે મોટા મોટાઓને પણ વિપત્તિમાં ઘેરાયા છતાં
સંપત્તિના ફળરૂપ સર્વસ્વનો ધર્મ જયવંત છે.
ધૈર્ય અને વિવેકપૂર્વક પ્રયત્નશીલ થવું પરમ શ્રેયસ્કર છે.
પવિત્ર સંવેગી મુનિનો જાપ અને ચારિત્રપાત્ર
ગૃહસ્થોનું આરાધન યથાશક્ય ચાલુ થાય, તે જરૂરનું છે.
પવિત્ર ગંભીર સાધુઓ ત્રિકાલ તથા મૌનપણે
ભક્તામર શ્લોક ૫ અને શ્લોક ૧૨નો જાપ અને સાથે
'ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્રઃ અસિઆઉસા નમઃ સ્વાહા।'
મંત્રનો પણ યથાશક્ય રાત્રિ - દિવસ મૌનપણે અને
સમાધિભાવે, મૈત્રી - કરુણાદિ ભાવનાપણે કરવો.
આ આરાધન એક પખવાડીયામાં શાસનદેવી દ્વારા

સંઘસમાધિ હેતુ બને, તેવી આશા છે.

ભક્તામરની બે ગાથાનો જાપ + અસિઆઉસાનો જાપ
સંઘસમાધિ લાવી કુશળ હેતુ ક્ષમ છે,
એ અનુભવેલ પ્રક્રિયા છે. - ઉપા. મંગળવિજયજી મ.

અજ્ઞાની જીવો દયાપાત્ર છે.

સંસાર એ માત્ર મોહાદિ કર્મોદયનું નાટક છે. મહાપુરુષોને પણ તે નચાવે છે, છતાં વિચિત્ર દ્રવ્ય-ક્ષમિતાદિમાં ધૈર્યતા ધારણ કરવા વડે પરમેશ્વર પદ સુધી પહોંચાય છે. તે માટે સમ્યગ્દર્શનાદિ ગુણો પરમ મંગલ અને દીનદુઃખિયાનું ઔષધ છે, તે આંબાના તોરણ જેવું છે.

## સામ - સમ્મ - સમનું માહાત્મ્ય

મનને એમ સ્વચ્છ - સ્થિર બનાવવું જરૂરી છે, તેમ તેને સમતોલ અને પ્રસન્ન રાખવાની પણ આવશ્યકતા છે. મનને સામ વડે સ્વચ્છ, સમ્મ વડે સ્થિર અને સમ વડે સમતોલ રાખી શકાય. પવિત્ર મન જ સ્થિર થઈ શકે. મનની ઉચ્ચદશામાં મન સદા પ્રસન્ન રહે છે. પ્રસન્નતા સમતુલાની જનેતા છે. સમતોલ-પ્રસન્ન મનથી જ સાચી-ઊંડી પ્રાર્થના થઈ શકે છે, જેનું બળ હજારો બોંબ અને લાખો ટેન્કની શક્તિ કરતાં પણ વધુ શક્તિ ધરાવે છે.

## શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ સૌ પ્રથમ શા માટે?

શ્રી નમસ્કાર મહામંત્ર પ્રથમ મંગળ છે, માટે.
પરમેષ્ઠિ ભગવંતોને નમન કરવાનો મુખ્ય હેતુ એ છે
કે નમનીયમાં જે ગુણો પ્રગટ્યાં છે, તેવા જ ગુણો
પોતાનામાં અપ્રગટપણે રહેલાં છે, તેને ભાવસહિત
વિધિપૂર્વક નમન કરતાં પોતાનામાં તે ગુણો પ્રગટ થાય.

એક મનુષ્ય બીજા મનુષ્યને નમે છે,
ત્યારે તે મનુષ્યમાં રહેલી માત્ર આકૃતિને નમતો નથી,
પરન્તુ તે આકૃતિની પાછળ રહેલાં ગુણોને નમે છે.
જેમ કે એક દરિદ્ર એક ધનવાનને નમે છે, ત્યારે
ધનવાનમાં ધનયોગે પ્રગટ થયેલ શક્તિઓને નમે છે,
તેમ ગુણવાન પુરુષોના નમસ્કારમાં તેમના
નામ અને આકૃતિ દ્વારા તેમનામાં રહેલ
સ્વતંત્રતા, શક્તિ, સામર્થ્ય આદિને નમવામાં આવે છે.
પંચપરમેષ્ઠિમાં આત્મભાવ પૂર્ણપણે વિકસેલો છે અને
પોતાનામાં તે અવિકસિત છે, તેને પૂર્ણપણે વિકસાવવા
કરવા માટે તેમનું અવલંબન લઈને નમસ્કારની ક્રિયા
કરાય છે. ઉત્કૃષ્ટ સ્થાને બિરાજમાન આત્માઓને
નમન કરતી વખતે તેમના જેવા જ ગુણો પ્રગટ કરવાની

ભાવના પુષ્ટ થાય છે, તેથી પાપવૃત્તિઓનો નાશ અને મંગળભાવોની ઉત્પત્તિ થાય છે, પરિણામે સંસારના ત્રિવિધ તાપોથી નિવૃત્તિ અને અવ્યાબાધ - અનંત - અક્ષય સુખોની પ્રાપ્તિ થાય છે, કારણનો નાશ થયે કાર્યનો નાશ સહજ બને છે. સર્વ પ્રકારનાં દુઃખોનું કારણ પાપ છે. પાપના નાશથી દુઃખનો પણ સંપૂર્ણ નાશ થાય છે. સૂત્રના વ્યંજન, અર્થનો વિચાર અને તદુભયનો ભાવ અર્થાત્ શુદ્ધ ઉચ્ચાર, શુદ્ધ વિચાર અને શુદ્ધ ભાવ - એમ ત્રિવિધ વિધિથી થતું નમસ્કારનું સ્મરણ સંવેદનાત્મક જ્ઞાન - ભાવાત્મક જ્ઞાન જન્માવી સંપૂર્ણ દુઃખોનો સર્વથા, નાશ કરે છે, સર્વ પાપનો નાશ કરીને સર્વ પ્રકારના મંગળો, પુણ્યો, સુખોને પ્રાપ્ત કરાવે છે. તે supreme felecity or bliss or highest happiness પ્રાપ્ત કરાવે છે.

નમસ્કારના સ્મરણથી મનુષ્યજન્મનું ઉત્તમોત્તમ સાધ્ય એવું Sumum Bonum પ્રાપ્ત થાય છે. પાંચ મહાન - આદર્શ આત્માઓનું સ્મરણ, મનન, ચિંતન, નિદિધ્યાસન અને ધ્યાન આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે. સાધક અલ્પજ્ઞ છે, સાધ્ય સર્વજ્ઞ છે. જ્ઞાન ઉભયમાં છે.

અરિહંત - સિદ્ધમાં તફાવત માત્ર ગુણોના વિસ્તારમાં છે.
આમ અરિહંત - સિદ્ધનો સંબંધ વિચારીને નવકારના
ઉચ્ચાર - વિચાર અને ભાવમાં પ્રવેશ કરવાનો છે.

શબ્દના ઉચ્ચારણની સાથે અર્થનો વિચાર થાય,
તો જ ભાવમાં પ્રવેશ થઈ શકે છે.
શબ્દ એ ચકમક છે, અર્થ એ ફૂલક છે.

જેમ ચકમકના ફૂલક સાથે અથડાવાથી પ્રકાશ તણખારૂપે
બહાર આવે છે, તેમ વ્યંજન એટલે શુદ્ધ શબ્દ,
અર્થ એટલે શુદ્ધ પદાર્થ અને તદુભય એટલે
તે બન્નેના સંબંધથી પ્રગટ થતો વિચાર - એ ત્રણે
એકત્ર થવાથી ઉપયોગભાવ રૂપ પ્રકાશ પ્રગટ થાય છે.

સતત સ્મરણ, સેવન, આરાધન કરવા વડે નમનીયમાં
રહેલા ગુણો નમનારમાં શનૈઃ શનૈઃ પ્રગટ થતાં જાય છે.

નવકાર એ મંત્ર છે, સિદ્ધચક્ર એ યંત્ર છે અને
સામાયિકની ક્રિયા એ તંત્ર છે.

સર્વ મંત્ર, યંત્ર, તંત્રોનું મૂળ શ્રી નવકાર છે, કેમકે
તેમાં વિશ્વપ્રેમ છે, વિશ્વશ્રેષ્ઠો પ્રત્યે ભક્તિભાવ છે.
વિશ્વશ્રેષ્ઠો પ્રત્યે દર્શાવાતો વિનય એ વિશ્વના
સકલ જંતુઓ પ્રત્યે દર્શાવાતા પ્રેમનું જ પ્રતીક છે.

સર્વશ્રેષ્ઠ વિભૂતિઓ પાંચે પરમેષ્ઠિ ભગવંતો છે,
આ વિભૂતિઓ પ્રત્યેનો આદર અથવા અનાદર
એ પ્રેમ અને દ્વેષભાવનું ચિહ્ન છે.

વિશ્વપ્રેમ અને વિભૂતિઓ - ઉભય પ્રત્યે દર્શાવાતો પ્રેમ એ નવકાર છે, તેથી પંચ નમસ્કાર પ્રત્યેનો આદર સર્વ જીવોનો રક્ષક છે તથા સર્વ સુખોનો ઉત્પાદક છે. જ્યારે તેના પ્રત્યેનો અનાદર સ્વસુખનો જ ભક્ષક છે, તેથી સર્વના સુખ માટે અને પોતાના સુખ માટે પણ શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના અનિવાર્ય છે.

સ્તોકોઽપિ શુભાધ્યવસાયો
વિશિષ્ટ ગુણપાત્ર - વિષયો મહાફલો ભવતિ ।

<u>અર્થ</u>: વિશિષ્ટ ગુણપાત્ર વ્યક્તિ વિષયક થોડો પણ શુભ અધ્યવસાય મહાફળને આપનારો થાય છે.

નવકારના ૬૮ અક્ષરોને ત્રાજવાના એક પલ્લામાં મૂકાય અને સમગ્ર વિશ્વના અન્ય પદાર્થો બીજા પલ્લામાં મૂકાય તો પણ નવકારના અક્ષરોનું પલ્લું નીચું જ રહે.

<u>નવકારના ૬૮ અક્ષરો = અરિહંતોનો શાશ્વત શબ્દદેહ.</u>

<u>આ અક્ષરદેહની આરાધના વડે શું પ્રાપ્ત ન થાય ?</u>

પ્રથમ પદમાં રહેલા અરિહંતના પ્રથમ અક્ષર 'અ'ની

તુલનામાં પણ વિશ્વના સમગ્ર પદાર્થો ન આવી શકે,
કેમકે તે શ્રી અરિહંતનો 'અ' છે.

નામમાં સત્ત્વ છે, નમસ્કારમાં તત્ત્વ છે.

નમસ્કાર વડે નમસ્કાર્ય અને નમસ્કાર કર્તા વચ્ચે રહેલા વ્યવહારથી મહદ્ અંતરનો સ્વીકાર છે અને નિશ્ચયથી લેશમાત્ર અંતર નથી, તેનો પણ સ્વીકાર છે. નમસ્કાર્ય અને નમસ્કાર કર્તાને જોડનાર નમસ્કાર છે. સ્વવિષયક દુઃખદ્વેષ અને સુખરાગ ટળીને જ્યારે સર્વવિષયક બને છે, ત્યારે તે ભવભ્રમણનું કારણ મટી ભવક્ષયને કરનાર થાય છે. દુઃખદ્વેષ કે સુખરાગ ટાળી શકાતો નથી પણ સ્વમાંથી સર્વમાં વાળી શકાય છે. રાગદ્વેષને માત્ર ખરાબ માનવાથી તેનો અંત આવતો નથી પણ તેનો વિષય પલટવાથી, અપ્રશસ્ત ઉપરથી પ્રશસ્તમાં લઈ જવાથી તેનો સ્વરૂપથી અંત લાવી શકાય છે. સ્વવિષયક રાગાદિ સર્વને છે તથા અનાદિકાળથી છે. સર્વવિષયક રાગાદિ અપૂર્વ છે, જે અભ્યાસથી સહજ બને. તે માટે જ તપ, ત્યાગ, વૈરાગ્ય, સંયમ અને દેવ, ગુરુભક્તિ જરૂરી છે. તેનો અભ્યાસ - રાગાદિ જેઓમાં સહજ છે, તેઓને વંદન, પૂજન, શરણગમન એ પરમ ધર્મ છે.

માત્ર પોતાના સુખની જ ચિંતા અને માત્ર પોતાના દુઃખનો જ દ્વેષ અને એથી ઉત્પન્ન થયેલ સંસારના નાશનો ઉપાય સર્વના સુખની ચિંતા અને સર્વના દુઃખના દ્વેષમાં રહેલો છે. પોતે બીજાને સુખ આપે છે, તેને યાદ કરવાને બદલે પોતાને બીજાએ સુખ આપ્યું છે, તેને યાદ કરવા જોઈએ. આપણને ઝીણું ઝીણું દુઃખ આપે છે, તે યાદ કરવાને બદલે આપણે કોને કોને દુઃખ આપીએ છીએ, આપ્યું છે, તે યાદ રાખવું જોઈએ. કૃતજ્ઞતા અને પરોપકાર તથા દયા અને ક્ષમા વગેરે ગુણો એ સિવાય વિકસતા નથી. આપણે બીજાને સુખ આપીએ છીએ, તેના કરતાં બીજાએ આપણને સુખ આપ્યું છે, તેનું પ્રમાણ વિશેષ છે. આ સત્યનું જેને દર્શન થયું છે, તેઓ હંમેશા કૃતજ્ઞ અને પરોપકાર-પરાયણ રહે છે, દયાવંત અને ક્ષમાવંત રહી શકે છે. દુઃખી થવાનો માર્ગ અપકારીઓને ન ભૂલવામાં - ઉપકારીઓને ભૂલવામાં છે. સુખી થવાનો માર્ગ એથી વિરુદ્ધનો છે. દુઃખ આપનારને ભૂલો, સુખ આપનારને સતત યાદ કરો. આજ સુધી કેટલાંને દુઃખ આપ્યું - કેટલાંની પાસેથી સુખ લીધું છે, તેને યાદ કરો. વિશ્વમાં કોઈપણ જીવ દુઃખી ન થાઓ,

એ વિચાર બીજાને આપેલાં દુઃખનું પ્રાયશ્ચિત બને છે.

'વિશ્વમાં સર્વ જીવો સુખી થાઓ'

એ લક્ષ્યથી સ્વયંના અશુભમાંથી મુક્ત થવાનો માર્ગ છે.

શ્રી નવકાર મંત્ર એ

પંચ પરમેષ્ઠિ ભગવંતોની શબ્દમય પ્રતિમા છે.

નવકારજાપથી શ્વાસોચ્છ્વાસની ગતિ નિયમિત થઈ જાય અને પ્રત્યાહાર, સ્વાભાવિક બને છે.

પ્રત્યાહાર, ધારણા, ધ્યાન વગેરે યોગના સર્વ અંગોનો સમાવેશ વિધિપૂર્વક નવકારના જાપ વડે થઈ જાય છે. સ્વાનુભવનાં મહામૂલ્યો તર્ક વડે નહિ, આરાધના વડે જ સમજાય છે. આધ્યાત્મિક દરિદ્રતાને દૂર કરવા માટે નવકાર મંત્ર એ પારસમણિ છે, અમૂલ્ય નિધાન છે.

તીવ્ર સંક્લેશવાળા જીવને મંદ સંક્લેશવાળા કરવાનો ઉપાય નિશ્ચયનયનું તત્ત્વજ્ઞાન નહિ, પરન્તુ સદ્વ્યવહાર અને તે માટેનું આવશ્યક તત્ત્વજ્ઞાન છે. એકાંત નિશ્ચયવાદીઓમાં કૃતજ્ઞતાગુણ સર્વથા નાશ પામે છે, કેમકે તેમની શ્રદ્ધામાં પરદ્રવ્યના કર્તૃત્વપણાનો સર્વથા નિષેધ છે. કૃતજ્ઞતાગુણ અને પરોપકારગુણ સદ્વ્યવહારનો પાયો છે, તેથી ગુરુશિષ્યભાવ, પિતાપુત્રભાવ,

સ્વામી - સેવકભાવ વગેરે વ્યવહારો સચવાય છે અને લોક - લોકોત્તર માર્ગનું ઘડતર અને પોષણ થાય છે.

## નવકારમાં નાદ, બિન્દુ, કલા

चैतन्यं शाश्वतं शान्तं व्योमातीतं निरंजनं ।
नाद-बिन्दु-कलातीतं तस्मै श्री गुरवे नमः ॥ (परिशिष्ट-५)

'નમો' એ નાદ છે, 'अरिहं' એ બિન્દુ છે અને 'તાણં' એ કલા છે. નાદ શુદ્ધ આત્મદ્રવ્યનો સૂચક છે, બિન્દુ એ કેવળજ્ઞાનાદિ આત્મગુણનું સૂચક છે અને તાણં એ શુદ્ધ આત્મા પર્યાયનું સૂચક છે.

નાદ વડે ધ્યાતા, બિન્દુ વડે ધ્યેય અને
કલા વડે ધ્યાનની સાથે એકતા સધાય છે.

નાદ એ ઉપાદાન, બિન્દુ એ પુષ્ટ નિમિત્ત અને કલા એ ઉદ્દેશ્ય છે. નવકારના પાંચે પદોનું ધ્યાન એ રીતે નાદ, બિન્દુ, કલા રૂપે થઈ શકે છે અને એ ધ્યાનની સ્થિરતા અને તન્મયતા જેમ જેમ વધતી જ જાય, તેમ તેમ એ ત્રણેથી અતીત એવા શાન્ત અને શાશ્વત અરૂપી આત્મજ્યોતિનો અનુભવ થાય છે.

સંચારક્રમમાં નાદથી બિન્દુ ઉપર અને બિંદુથી કલા ઉપર રહી અંતે કલાતીત અવસ્થાએ જવાય છે.

સૃષ્ટિક્રમમાં કલાથી બિંદુ ઉપર અને બિન્દુથી નાદ ઉપર
અને નાદથી સમગ્ર સૃષ્ટિનું સર્જન થયેલ છે.

## મંત્રદીક્ષાનું છેવટનું રહસ્ય

સાત અક્ષરના 'નમો અરિહંતાણં' મંત્રથી
ધ્યાતાને ધ્યેયમાં ધ્યાન વડે જોડી શકાય છે,
અને તેના પરિણામે ધ્યાતા સ્વયં ધ્યેયરૂપ બની જાય છે,
એ નાદ - બિન્દુ - કલાના ધ્યાન વડે સિદ્ધ થઈ શકે છે.
ધ્યાતાનું ધ્યેયસ્વરૂપ બનવું,
તે નાદ, બિન્દુ અને કલાથી અતીત થવું તે છે.
મંત્રદીક્ષાનું આ છેવટનું રહસ્ય છે.
'અર્હં એ શબ્દબ્રહ્મ છે' તેનો અર્થ છે કે...
તે સક્રિય અને શાશ્વત most dynamic તત્ત્વ-
સેતુરૂપ બનીને ધ્યાતાને અર્થાત્ મુમુક્ષુને
મુક્તિ અને બુભુક્ષુને ભુક્તિ પણ તે જ આપે છે.
લૌકિક દૃષ્ટિએ અરિહંતનું ધ્યાન ભુક્તિદાયક છે અને
પારલૌકિક દૃષ્ટિએ થતું તે જ ધ્યાન મુક્તિદાયક બને છે.
કેવળ મોક્ષ માટે થતું અરિહંતનું ધ્યાન પણ
મોક્ષ ન અપાવે, ત્યાં સુધી સંસારના પણ
ઉત્તરોત્તર ચઢિયાતાં સુખોને આપનાર થાય છે.

અરિહં એ સેતુ છે, બિંદુ છે, શાસ્ત્રતત્ત્વ છે ઉપરાંત
સમગ્ર વિશ્વનું તે નિયામક છે.
દરેક જીવમાં અંતર્યામીરૂપે રહીને તેને નિયમમાં રાખે છે.

God is an infinite circle,
center everywhere,
circumference nowhere.

એ દૃષ્ટિએ તે વિશ્વનું કેન્દ્ર છે, તેની ધરી ઉપર જ
વિશ્વ ગતિ કરી રહેલ છે. એ કેન્દ્રની જેટલાં નજીક
જવાય, તેટલું જવું એજ ધર્મની સાધનાનો પાયો છે.
એ કેન્દ્રથી જેટલાં દૂર, તેટલું ભવભ્રમણ અધિક અને
એ કેન્દ્રથી જેટલાં નજીક, તેટલું ભવભ્રમણ મર્યાદિત.
નવકારના પાંચે પદોમાં કેન્દ્ર દ્વારા ઊર્ધ્વગમનનો પ્રયત્ન છે,
ચૂલિકામાં કેન્દ્રમાં સ્થિરતા થવાથી મળતાં ફળનું વર્ણન છે.
પંચ નમસ્કાર એટલે પાંચની સાથે સધાતી સમાપત્તિ.
નમસ્કારનો અંતિમ અર્થ જ સમાપત્તિ છે,
અર્હદ્ ધ્યાન વડે થતી સ્પર્શના.
'ૐ અર્હં નમઃ ।' એ મંત્રમાં પણ
એ રીતે નાદ, બિંદુ અને કલાનું ધ્યાન અને
તે વડે કલાતીત અવસ્થાની પ્રાપ્તિ છે.

## અર્થયોગ એટલે તત્ત્વબોધ.

તે સૂત્રનો ભાવ યથાર્થપણે વિચારવાથી સિદ્ધ થાય છે.

આલંબનયોગ એટલે આલંબન વડે ચિત્તનું સ્થિરતાકરણ.
રાગદ્વેષરહિત જિનપ્રતિમાનું આલંબન લેવાથી તે સિદ્ધ થાય.

## અનાલંબનયોગ એટલે

બાહ્ય આલંબન લીધા વિના ચિત્તનું સ્થિરતાકરણ.
સિદ્ધના સ્વરૂપનું ધ્યાન કરવાથી તે સિદ્ધ થાય છે.

આત્મા એ તો રાજાની જેમ સ્વતંત્ર છે.
તેને રાગ-દ્વેષ-કામ-ક્રોધ-મદ-મત્સર જેવા ચોરોએ આ સંસારરૂપી અરણ્યમાં દેહરૂપી ઝાડ સાથે સ્ત્રી અને ધનમાં દોરડાથી બાંધી દીધો છે. એ બંધનનો ત્યાગ કરાવી તેને સ્વધામ મોકલનાર ગુરુ પરમ ઉપકારી છે. પોતાના રાજ્યની રાજધાનીમાં પાછા ફરેલા રાજાની જેટલો જ આનંદ તે વખતે આત્માને થાય છે.

## 'ધ્યેય' તેને કહેવાય કે જે...

(૧) અપ્રતીત = અસાક્ષાત્ (૨) અનિરાકૃત = અવિરુદ્ધ
અને (3) અભીપ્સિત = પરમ ઇષ્ટ હોય.

(a) પવિત્ર પદોનું સમાલંબન, વિધિપૂર્વક આલંબન.
(b) અર્હં વાચકમાં વાચ્ય રહેલું છે, તેથી અર્હંપદનું ધ્યાન.

(c) પદના ઉપયોગમાં તદાકાર થયેલ મન (અંતર્જલ્પાકાર).
(d) મંત્રવાચ્યનું અને (e) સ્તુતિવિષયક ધ્યાન તે પદસ્થ.

પ્રથમ રૂપને જુએ તે 'આલોકન',
પછી ધ્યેયને પરિધિ લાવે તે 'આભાસ',
પછી આકૃતિ - પ્રતિમા આદિમાં તન્મયતા થાય તે 'આરૂપ'
અને પછી ક્રમે - ક્રમે રૂપાતીત થાય તે 'આનુભવ' છે.
તેને અનુક્રમે રૂપસ્થ, પદસ્થ, પિંડસ્થ, રૂપાતીત કહેવાય છે.

ટૂંકમાં : આલોકન - મૂર્તિનાં પ્રથમ દર્શન - મુદ્રા,
આભાસ - પ્રભુતાની ઓળખ, આરૂપ - સાધર્મ્ય, રુચિઉત્પાદક
તથા આનુભવ - વીર્યોત્પાદક, સ્વરૂપાનુસંધાન.

ધ્યેયરૂપ પદ સાથે સર્વ પ્રકારે સંભેદપ્રણિધાન થાય છે.
અર્હંકારપદની સાથે થતો ધ્યાતાનો સંશ્લિષ્ટ અથવા તો
સંબદ્ધ ભેદ, તે સંભેદ પ્રણિધાન છે.

અર્હંબીજમાં સ્વાત્માના ન્યાસ વડે ચિન્તન કરવાથી, ધ્યેય
અને ધ્યાતાનો સંશ્લેષરૂપ અને સંબંધરૂપ ભેદ થાય છે
અર્થાત્ સર્વથા, ભેદ રહેતો નથી.

ધ્યાન વડે પદ ઉપયોગાકાર બની જાય છે, તે જ સંભેદ છે.
અભિધેય જે પ્રથમ પરમેષ્ઠિ, તેમની સાથે આત્માનો
એકીભાવ, તે અભેદ પ્રણિધાન છે.

પદસ્થ ધ્યાનના ૪ પ્રકારો: વિક્ષિપ્ત - ગતાગત, યાતાયાત-
સુવિક્ષિપ્ત, સુશ્લિષ્ટ - સંગત અને સુલીન - સુસમાહિત.
એ જ ચિત્તની ૪ અવસ્થાઓ પણ છે અને તે બધાં
સંભેદ પ્રણિધાનના પ્રકારો છે.

સંભેદ પ્રણિધાનનો અભ્યાસ પરિપક્વ થવાથી
સર્વજ્ઞ મંત્રરાજનાં જ દર્શન થાય છે.

વાચ્યની સાથે અભેદ પ્રણિધાન સાધવાનું લક્ષ્ય અક્ષર છે. તે પૂર્વે વાચક પદના સમાલંબન વડે મધ્યમાર્ગગત ગ્રંથિઓને ભેદીને, અક્ષરમાં પ્રવેશ કરવા માટે જે ધ્યાન કરવું પડે છે, તે બધું સંભેદ છે.

અભેદ પૂર્વે સંભેદ પ્રણિધાન નિતાંત આવશ્યક છે.
અભેદ પ્રણિધાનમાં સોઽહં એવો વિમર્શ, 'તે હું છું' એ પ્રકારની પ્રત્યભિજ્ઞા, આંતરિક સ્પૃહાથી ઉત્પન્ન થાય છે.

અભેદ પ્રણિધાન તે પરતત્ત્વ સમાપત્તિરૂપ છે.

પવિત્ર પદોના સમાલંબનથી જે એકાગ્રતારૂપ માનસપ્રયત્ન અથવા તો ધ્યાન ક્રિયા, તે પદસ્થ ધ્યાનનું લક્ષણ છે.

## મંત્રોમાં રહેલ વિશિષ્ટ શક્તિનું રહસ્ય

મંત્રોમાં જે નિર્મળતા અને પવિત્રતા આવે છે, તે સુમુનિઓમાં રહેલ વિશિષ્ટ પ્રકારની અભેદ પ્રણિધાનની

શાસ્ત્રના કથનથી આવે છે. તેમના મુખમાંથી નીકળેલા
મંત્રો અત્યંત બળવાળા, પવિત્ર, સર્વસિદ્ધિપ્રદ હોય છે.
મંત્રદૃષ્ટા મુનિઓ અબોધ - તમોમલથી રહિત હોય છે,
તેમ સાધક પણ સત્ત્વગુણી હોય, તો મંત્ર તુરંત ફળે છે.

મંત્રપ્રદાતા અને મંત્રસાધક -

બંને તત્ત્વના જાણકાર હોય, તો પણ મંત્ર તુરંત ફળે છે.

ધ્યેયમાં ઉપયોગની એકતા તે <u>આલંબન</u> છે.

એવી એકતા આજ્ઞાના અનુસાર અને અભ્યાસવાળી ક્રિયા
વડે સાધવામાં આવે, ત્યારે તેને <u>અનાલંબન</u> કહેવાય છે,

પછી પિંડસ્થાદિરૂપ આલંબન લઈને
<u>અનાલંબન</u> નામના સૂક્ષ્મ યોગમાં પ્રવેશ કરાય છે.

<u>પદસ્થાલક્ષ અનાલંબન</u> એટલે...

અલક્ષ્યને સાધવા માટે પદસ્થ લક્ષ્યનું આલંબન લેવું તે.
તેને લક્ષ્યાલક્ષ્યની ઉત્પત્તિ પણ થાય છે. તેના માટે
લેવાતું ધ્યાનવિધિ આલંબન તે જ અનાલંબન કહેવાય છે.

न लक्ष्यं अलक्ष्यं, अलक्ष्यं लक्ष्यमिवापद्यते
इति लक्ष्यभावः ।

તે માટેની <u>ચાર ભૂમિકાઓ</u> એટલે :

(a) જપ (b) સ્મરણ (c) ચિંતન અને (d) ધ્યાન.

(a) જાપ : વિધિપૂર્વક મંત્રનો અભ્યાસ તે જાપ છે.

માનસજાપ કેવળ મનોવૃત્તિથી જ કરાય છે.

ઉપાંશુજાપ અંતર્જલ્પરૂપ છે. બાજુમાંથી સાંભળી શકે તે ભાષ્યજાપ છે. શાંતિ માટે માનસજાપ, તુષ્ટિ - પુષ્ટિ માટે ઉપાંશુજાપ અને અભિચારાદિ માટે ભાષ્યજાપ મુખ્ય છે.

જાપ એ વાચ્યરૂપ દેવતાના વાચકરૂપ મંત્રનું ઉચ્ચારણ છે.

મંત્રરાજના અભિધેય અરિહંત પરમેષ્ઠિ જ પરમતત્ત્વ છે.

'તે પરમતત્ત્વ પોતાનો જ સ્વભાવ છે'

એવું જે પુનઃપુનઃ આંતરિક પરામર્શન તે ઉત્તમોત્તમ જાપ છે.

એવા પુનઃ પુનઃ પરામર્શનથી નાદના જે સતત આંદોલનો ઉત્પન્ન થાય છે, તે તાત્ત્વિક જાપ છે.

જાપ એ સ્વરનાદનો જ એક પ્રકાર છે.

જાપ જ્યારે સૂક્ષ્મ થાય, ત્યારે એકાગ્રતા વધે છે. શ્વાસોચ્છ્વાસની ગતિ જ્યારે સ્વાભાવિક હોય, ત્યારે તે મધ્યમવાળી ગણાય છે. તેમાં ગતિ એકદમ શીઘ્ર કે અતિવિલંબિત થતી નથી. અભ્યાસ ત્યાં સુધી વધારવો કે સંપૂર્ણ માળામંત્ર મધ્યમવાળી એક જ સૂક્ષ્મમાં સમાઈ જાય. જાપનું અંતિમ તાત્ત્વિક સ્વરૂપ અનાહત નાદમાં વિશ્રાંતિ છે. મંત્રનું અંતર્જલ્પરૂપ મનન રક્ષણ કરે છે

અને તે પરતત્ત્વની પ્રાપ્તિનો ઉત્તમોત્તમ ઉપાય છે, તેથી તે પરમાત્મા જ છે. પરમાત્મા પોતે જ ઉપેયપદની જેમ ઉપાયરૂપે - મંત્રરૂપે સ્ફુરિત થયેલા છે, એમ સમજવું.

तत्राऽनाहत - विश्रांति - समत्वो - निष्कलोच्चार
प्रगुणीकृत - मध्य - धाम - संलीनतया जपः कार्यः ।

(b) સ્મરણ: પૂર્વે અનુભવેલ અર્થનું મનમાં સમુપસ્થિત થવું, એ સ્મૃતિનું લક્ષણ છે. સ્મરણ એ ભાવ્યમાન વસ્તુનો સાક્ષાત્કાર કરાવનારું છે, ભાવ્યમાન વસ્તુની સાથે આત્માના અભેદને પ્રગટાવે છે, 'तद्भाव्यस्वरूपापत्तिप्रयोजक ।' છે. ભાવ્યમાન પછી આંતરિક સંવિદ્ધ અભિન્ન રહેલ છે.

સ્મરણ એ જ મંત્રનું જીવિત છે અને
સકલ સિદ્ધિને આપવામાં અચિન્ત્ય ચિંતામણિ સમાન છે.
સ્મૃતિરૂપી ચિંતામણિ ધ્યાનાદિ ભાવોને
પ્રાપ્ત કરીને પ્રશસ્ત ફળોને અભિવ્યક્ત કરે છે.

(c) વિચિન્તન: નિર્દિષ્ટ વસ્તુનું કેવળ ચિત્તથી જ વિશિષ્ટ સ્થિરતાપૂર્વક ચિન્તન - એ વિચિન્તનનો અર્થ છે. તેનો ઉચ્ચાર સાથે સંબંધ નથી, તે મૌન પ્રક્રિયા છે, ત્યારે સર્વ ઇંદ્રિયોનો બાહ્યવિષયોથી પ્રત્યાહાર થાય છે.

(d) <u>ધ્યાન</u> : નાભિકંદાદિમાં આલંબનના આકારવાળો તથા વિજાતીયવૃત્તિથી અસ્પૃષ્ટ એવો સજાતીયવૃત્તિનો એકસરખો પ્રવાહ - પ્રત્યયની એકતાનતા તે ધ્યાન છે. ધ્યાનાવેશથી વિવશ કરાયેલ મંત્રપદ વિઘ્નોનું સમૂલ ઉચ્છેદન કરે છે. ધ્યેયવિષયક પરામર્શનું અનુસંધાન સતત ચાલુ રહેવાથી ધ્યાનાવેશ ઉત્પન્ન થાય છે. મંત્રાદિના વિધિપાલન, શ્રદ્ધા અને ધ્યાનને જ મંત્રનું કાર્ય ગણાવ્યું છે. <u>જેવી રીતે અભેદભાવને જ મંત્રનું પરમ કાર્ય કહેલ છે, તેના સાધનભૂત શ્રદ્ધા આદિને પણ 'મંત્રકાર્ય' કહે છે.</u>

વિધિ અને આમ્નાય શબ્દો એકાર્થક છે.

વિધિનું પાલન વિધિને વિહિત કરનાર તીર્થંકર-ગણધરોનું સ્મરણ કરાવે છે, તેથી શ્રદ્ધાબાહુલ્ય ઉત્પન્ન થાય છે. મંત્રની અચિંત્ય શક્તિ તર્કથી નહિ, શ્રદ્ધાથી જ ગ્રાહ્ય છે.

તે શ્રદ્ધા આપ્ત પુરુષના કથનથી જ જાગે છે.

સિદ્ધાન્ત અતિ વિચિત્ર નયસમાકુલ,

તેના પારને પામેલા પુરુષો, તે આપ્ત પુરુષો કહેવાય છે. અભિધેય વસ્તુને યથાર્થ જાણી અને કહે, તે આપ્ત છે. તેમનું વચન અવિસંવાદિ - સફલ પ્રવૃત્તિજનક હોય છે. આપ્તવચન સંશય-વિપર્યયાદિને સર્વથા દૂર કરનારું હોય છે.

## તત્ત્વાર્થશ્રદ્ધાન - સમ્યગ્દર્શન

તત્ત્વભૂત પદાર્થ વ્યવહારથી દેવ-ગુરુ-ધર્મ, નિશ્ચયથી સ્વપર આત્મા, તેમાં પણ સ્વાત્મા જ પરમતત્ત્વ છે, તેને પમાડનાર નિમિત્તભૂત ભેદાભેદરૂપે સમગ્ર વિશ્વ છે.

ધ્યાન એ યોગનિદ્રાનો પર્યાય શબ્દ છે.

इष्टवस्त्वादि भवेत्तावद् ब्रह्मैव प्रतिबिम्बनात् ।
प्रतिबिम्बान्तर्मुखत्वेऽस्य निर्विघ्नं प्रतिबिम्बनम् ॥ અર્થાત્:

ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિથી જે સુખની અનુભૂતિ થાય છે, તે સુખ તે પદાર્થમાંથી નહિ આવતું પણ ઇષ્ટ વસ્તુના મળવાથી ચિત્ત શાંત અર્થાત્ તરંગરહિત થઈ જાય છે. તેથી તેમાં આત્માનું નિર્વિઘ્ન પ્રતિબિંબ પડે છે અને આત્માનું સુખ તે પદાર્થના સુખના રૂપમાં દેખાય છે.

પદ કે શબ્દને જપ દ્વારા સમ્યક્ પ્રકારે શુદ્ધ કરવામાં આવે, ત્યારે તે મંત્રમાંથી દિવ્ય શક્તિઓમાં પરિણમે છે.

एकः शब्दः सम्यक् ज्ञातः सुप्रयुक्तः
स्वर्गे लोके च कामधुक् भवतीति ।

એક શબ્દ પણ જો સમ્યક્ રીતિએ શુદ્ધ કરાય, તો તેના પ્રભાવથી ધ્યાતાને સર્વ સિદ્ધિઓ સ્વયં વરે છે.

ह्रीं ॐ र्हं अर्हं र्हं र्हं अर्हं र्हं ॐ ह्रीं

શ્રુત, ચિન્તા અને ભાવનાદિ સુરાત અને બિન્દુવિચ્યુતિ,
અનાહત અને આત્મતત્ત્વના ધ્યાન વડે સુપ્રયુક્ત થાય છે.

જાપ માટે આગમ અને તેને અનુસરનારા કલ્પાદિ
મન્ત્રનું વારંવાર નિદિધ્યાસન અને ધ્યાન માટે હ્રસ્વ,
દીર્ઘ, પ્લુત, સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ ઉચ્ચારણપૂર્વક નાભિ આદિ
ગ્રન્થિઓને ભેદી બ્રહ્મરન્ધ્રમાં પહોંચવું જે વિધિજ્ઞાન વડે
બિન્દુવિચ્યુતિ, અનાહત તથા આત્મતત્ત્વની પ્રાપ્તિ થવા.
એક જ શબ્દ આ રીતે જ્યારે જાપ - ધ્યાનાદિ શુદ્ધ
કરાય, ત્યારે તે કલ્પવૃક્ષાદિ પણ અધિક ફલપ્રદ બને છે.
મંત્રમાં અચિંત્ય શક્તિ રહેલી છે, તે તર્કનો વિષય નથી.
નિયત કાર્યકારણભાવનો વ્યવહાર પણ ત્યાં ઘટી ન શકે.
એક જ મંત્ર સર્વ અપેક્ષિત કાર્યોને સાધી શકે છે,
આપ્તવચન તેમાં પ્રમાણ છે.

આપ્તત્વનો નિશ્ચય તે જ વિશ્વાસનું કારણ છે.

મંત્રનું પ્રામાણ્ય તર્કથી નહિ પણ શ્રદ્ધાથી ગ્રાહ્ય છે.

મંત્રદાતા અને મંત્રના સ્રષ્ટા જો
વીતરાગ અને સર્વજ્ઞ હોય તો આપ્ત અને શ્રદ્ધેય છે.

મંત્રપદોમાં અચિન્ત્ય શક્તિ છે, કારણ કે
તેનો સંબંધ તીર્થંકર - ગણધર આદિના વચનો સાથે છે.

જાપ અને ધ્યાન વડે મંત્રપદ શુદ્ધ કરવામાં આવે છે. અજ્ઞાનરૂપી તમોગુણનો નાશ જાપ વડે થાય છે અને ચંચળતારૂપી રજોગુણનો નાશ ધ્યાન વડે થાય છે. રજો-તમોમલ નાશ પામતાં સત્ત્વગુણ પ્રતિષ્ઠિત થાય છે. સાત્ત્વિક ભાવની પ્રાપ્તિ એજ મંત્રપદની શુદ્ધિ ગણાય છે. તે વખતે ઈડા-પિંગલા થંભી જાય છે અને સુષુમ્ણામાં પવનનું વહન થાય છે. સુષુમ્ણા તે જ મધ્યમાર્ગ છે, તે વડે પવન બ્રહ્મરંધ્ર સુધી પહોંચીને ત્યાં સ્થિર થાય છે. પદના પ્રણિધાન વડે પ્રણિધેયનું સાતિશય પ્રણિધાન થાય. પવિત્ર પદોના આલંબન વડે એકાગ્રતારૂપ જે માનસ પ્રયત્ન થાય છે, તે જ પદસ્થ ધ્યાન કહેવાય છે. તે જપ, સ્મરણ, ચિંતન અને ધ્યાનના ક્રમિક અભ્યાસરૂપ છે, તે વડે પરમાત્માની સાથે એકતાનું સંવેદન થાય. અભ્યાસ દીર્ઘકાળ, આંતરા વિના આદરસત્કારપૂર્વક થવો જોઈએ. લક્ષણોપેત પવિત્ર પદો દેવાધિષ્ઠિત રહે છે. કાયોત્સર્ગથી શ્રદ્ધા નિર્મળ બને છે, મેધા અર્થાત્ હેયોપાદેયને સમજવાની બુદ્ધિ તીક્ષ્ણ-તેજસ્વી બને, ધૃતિ-માનસિક પ્રણિધાન વધે, ધારણા-સ્મરણશક્તિ તીવ્ર થાય તથા અનુપ્રેક્ષા-તત્ત્વચિંતનની શક્તિ ઘણી જ પ્રબળ બને છે.

એ વિશ્વના પરિણામે ધ્યાન કરવાની યોગ્યતા વધે છે.
અશુભધ્યાનથી નિવૃત્ત અને શુભધ્યાનમાં પ્રવૃત્ત થવું,
તે અભ્યાસથી સાધ્ય છે. શુભ એટલું ધર્મધ્યાન એટલે
જેમાં આત્મવિશ્વના વિચારો પ્રધાનપદે હોય તે.
શુક્લધ્યાન એટલે સકલ સંકલ્પ તથા વિકલ્પથી રહિત
આત્મસ્વરૂપની જ જેમાં તલ્લીનતા હોય તે.
ધર્મધ્યાનની સિદ્ધિ મૈત્ર્યાદિ ચાર ભાવના વડે થાય છે:
મૈત્રીભાવ એટલે સકલ જીવોને મિત્ર માનવાની વૃત્તિ,
પ્રમોદ એટલે બીજાની ઉન્નતિ જોઈ આનંદ પામવાની વૃત્તિ,
કારુણ્ય એટલે દીન-દુઃખીને જોઈને અનુકંપાની વૃત્તિ અને
માધ્યસ્થ્ય એટલે વિપરીત માનસ ધરાવનારાઓ પ્રત્યે,
નિઃશંકપણે ક્રૂર કર્મ કરનારાઓ પ્રત્યે,
દેવ તથા ગુરુના નિંદકો પ્રત્યે ઉપરાંત સ્વોત્કર્ષ-
પરાપકર્ષમાં જ રાચનાર જીવો પ્રત્યે ન રાગ, ન દ્વેષ
કરતાં ઉદાસીનભાવને ધારણ કરવો, તેમનો તિરસ્કાર
કે અનુમોદન ન કરતાં મધ્યસ્થ રહેવું, તે માધ્યસ્થ્ય.
આ ચારે ભાવનાઓનો સંક્ષેપ મૈત્રીભાવનામાં છે.
જ્યાં મિત્રતાની ભાવના નથી, ત્યાં ન પ્રમોદ ઉપજી શકે,
ન કરુણા સ્ફુરે કે ન મધ્યસ્થભાવ અનુભવી શકાય.

મૈત્રીભાવનાનું મૂળ = જેવો હું તેવા બીજા, જેમ મને
સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે, તેમ સર્વને પણ છે,
મને જીવવું ગમે છે અને મરવું ગમતું નથી,
તેમ અન્ય સર્વ જીવોને માટે પણ સમજવું.

'હું કોઈનો વેરી નથી અને કોઈ મારો દુશ્મન નથી,
કોઈપણ મારો વેરી કે કોઈપણ મારો દુશ્મન નથી,
કેવળ કર્મ શત્રુ મારો અને સૌ કોઈનો દુશ્મન છે
અને ધર્મ મિત્ર મારો અને સૌ કોઈનો મિત્ર છે,
મારાં સુખ-દુઃખ એ મારાં જ કર્મનાં ફળ છે.'

આ શ્રદ્ધા વડે સૌ કોઈ સુખી થાઓ, ન્યાયથી જીવો
અને કલ્યાણના માર્ગને અનુસરો, એ મૈત્રીભાવ છે.
મૈત્રીભાવથી ક્ષમા ખિલે છે, નમ્રતા આવે છે, સરળતા
પ્રાપ્ત થાય છે અને સંતોષને પણ અનુભવી શકાય છે.
ક્રોધાદિ કષાયો આ ભૂમિકા ઉપર નિર્બળ થઈ જાય છે.
તેને કોઈ જાતનું દુઃખ, ચિન્તા કે ભય રહેતાં નથી.
કોઈપણ સ્થિતિમાં તે આનંદ જ માણે છે અને અપૂર્વ
સામર્થ્યનો સ્વામી હોઈને પોતાના આત્મા સિવાય
કોઈની પણ અપેક્ષા રાખતો નથી, આ જ સ્થિતિમાં
આગળ વધતાં વધતાં તે શુક્લધ્યાનમાં પ્રવેશ કરે છે.

તેનાં તર્ક-વિતર્ક અને સંકલ્પ-વિકલ્પો શાંત થાય છે.

દુઃખનું મૂળ કલ્પના છે.

તેનો નાશ થતાં જ્ઞાનાવરણીયાદિ કર્મોનાં સર્વ આવરણો ખસી જાય છે અને તેને લાખો સૂર્ય અને ચંદ્રો કરતાં પણ અધિક સદા આત્મસ્વરૂપનો પ્રકાશ લાધે છે.

કાયોત્સર્ગ સૂત્રના ચાર વિભાગ છે:

પ્રતિજ્ઞા, સ્વરૂપ, સમય અને આગાર.

કાયોત્સર્ગ સૂત્રમાં રહેલ ૮ સંપદા

(૧) इच्छामि पडिक्कमिउं = અભ્યુગમ સંપદા
(૨) इरियावहियाए विराहणाए = નિમિત્ત સંપદા
(૩) गमणागमणे = ઓઘ સંપદા
(૪) पाण(प्राण)क्कमणे...... संकमणे = ઈતર હેતુ સંપદા
(૫) जे मे जीवा विराहिया = સંગ્રહ સંપદા
(૬) एगिंदिया ...... पंचिंदिया = જીવ સંપદા
(૭) अभिहया..... मिच्छामि दुक्कडं = વિરાધના સંપદા
(૮) तस्स उत्तरी......काउस्सग्गं = પ્રતિક્રમણ સંપદા

છેલ્લી ત્રણ સંપદા તે ચૂલિકા છે.

अब्भुवगमो निमित्तं ओहेयरहेउ संगहे पंच ।
जीव विराहण पडिक्कमण भेयओ तिन्नि चूलाए ॥१॥

- ચૈત્યવંદન ભાષ્ય, ૩૩

કાયોત્સર્ગને અને સામાયિકને પરસ્પર સંબંધ છે.
કાયોત્સર્ગની સિદ્ધિ સામાયિકની શુદ્ધિ અને
સામાયિકની સિદ્ધિ કાયોત્સર્ગની શુદ્ધિ થાય છે.
તસ્સ ઉત્તરીકરણેણં ઇત્યાદિ ૪ પછી કાયોત્સર્ગના હેતુઓ
અહિં બતાવ્યો છે. 'પાવાણં કમ્માણં...' એ પ્રયોજન છે.
નારકીના જીવો શ્વાસોચ્છ્વાસની ક્રિયા નિરંતર કરે છે,
જ્યારે સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો
તેંત્રીસ પખવાડીયે એકવાર શ્વાસોચ્છ્વાસ ક્રિયા કરે છે.
અંતર્મુખતા પૂરી થાય, ત્યારે તદ્રૂપતા-તન્મયતા આવે છે.
તદ્રૂપતા-તન્મયતાથી સાધકના ઘાતી કર્મ ખપે છે.

ઉત્તાનં શવવદ્ ભૂમૌ શયાનં તુ શવાસનમ્ ।
શવાસનં શ્રમહરં ચિત્તવિશ્રાન્તિકારણમ્ ॥૧॥
- ઘેરંડસંહિતા (પરિશિષ્ટ-૬)

યોગની દૃષ્ટિએ કાયોત્સર્ગ એ પ્રત્યાહારની સ્થિતિ છે,
કારણકે તેમાં મનની વૃત્તિઓને ઇંદ્રિયો તથા કાયામાંથી
ખેંચી લેવાની હોય છે. પાંચ ઇંદ્રિયો અને ત્રણ યોગનો
નિગ્રહ કરતાં શીખવું, તે ભાવપ્રાણાયામ છે. પ્રાણવાયુના
નિગ્રહથી કદર્થના પામેલું મન સ્વસ્થતાને પામતું નથી.
તેમ કરવા જતાં શરીરને પીડા થાય છે.

શરીરને પીડા થવાથી મનમાં સંક્લેશ થાય છે.
રેચક - પૂરક - કુંભક કરવામાં પુષ્કળ શરીરને શ્રમ પડે છે.
આથી મનમાં સંક્લેશ થાય, જે મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે.
આથી અભ્યાસ સિદ્ધ કરી સીધો પ્રત્યાહાર કરી શકાય છે.

ચેતન - અચેતન વસ્તુનું આલંબન દૃઢપણે લઈ
સૂત્રાર્થનું ધ્યાન કરવું અથવા દ્રવ્ય - પર્યાયનું ચિંતન કરવું.
ધ્યાનના ૪ આલંબન : પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત.

## ચિત્તને સમાહિત કરવાનાં ૭ સાધનો

નિર્મળ વાતાવરણ, સ્થિર આસન, અનાનુપૂર્વીની ગણના, મંત્રજાપ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ અને છેલ્લું ધ્યાન.
વશ નહિ થયેલું મન નવરું બેસતું નથી. તેને જો સારા વિચારો ન મળે તો ખરાબ વિચારો કરવા લાગે છે, તેથી સ્વપરને નુકસાન થાય છે. મનની આ સ્થિતિને રોકવા માટે અનાનુપૂર્વી કે કમલબંધ જાપ છે, તેથી સૂત્ર - અર્થને ગ્રહણ કરવા માટે જરૂરી 'તનુમાનસ' તૈયાર થાય છે.

સૂત્ર એટલે આપ્ત મહાપુરુષોના વચનો અને
અર્થ એટલે નય, નિક્ષેપ, ભંગાદિનો સ્યાદ્વાદદૃષ્ટિએ વિચાર.

સ્યાદ્વાદ શૈલી ન જાણનારને
નિર્ગ્રન્થ પ્રવચનનો યથાર્થ બોધ થતો નથી.

## સ્વાધ્યાયના પાંચ પ્રકાર

વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા.
તે વડે ષડ્દ્રવ્ય, તેના ગુણ - પર્યાય, આત્માનું સ્વરૂપ, શરીર, ઇંદ્રિયો, મન વગેરેથી આત્માની ભિન્નતા તથા જ્ઞાનાદિ ગુણોનું સ્વરૂપ સમજાય છે.

સ્વાધ્યાય દ્વારા મનનું સમાધાન થવાથી તે સમાધાન ક્લેશ અને કષાયને શાંત કરવામાં ઉપયોગી બને છે.
કાયોત્સર્ગ વડે દેહાધ્યાસનો સંપૂર્ણ ત્યાગ થાય છે અને આત્મા સ્વસ્વરૂપમાં તલ્લીન થવા માટે પ્રયાસ કરે છે, તેથી શ્રદ્ધા-મેધા-ધૃતિ-ધારણા અને અનુપ્રેક્ષા વધવાથી ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિની નજીક પહોંચાય છે.
ધ્યાનસિદ્ધિ માટે ૧૨ ભાવના + ૪ ભાવના અત્યંત જરૂરી છે.
બાર ભાવનાથી પુદ્ગલ પ્રત્યે વૈરાગ્ય સ્થિર થાય છે, ચાર ભાવનાથી આત્માનો અભ્યાસ સરલ બને છે.
મૈત્રીથી ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષગુણ કેળવાય છે.
વૈરાગ્યભાવનાથી વિષયો વિષ જેવા તથા કિંપાક વૃક્ષના ફળના રસના ભોગની જેમ કડવા પરિણામ સમજાય છે, પછી તે પોતાના આત્મા સિવાય કોઈની અપેક્ષા રાખતો નથી અને સમતાના અપૂર્વ સુખનો ભોક્તા થાય છે.

## ધર્મ = અહિંસા, સંયમ, તપ

અહિંસાથી જીવો સાથે સમતા સધાય છે,
સંયમથી મનની વ્યાકુળતાની શાંતિ થાય છે અને
તપથી સંતોષ સુખનો અનુભવ થાય છે.
સમતા એ અહિંસાનું બીજું નામ છે,
શાંતિ સંયમનું અને સંતોષ તપનું જ બીજું નામ છે.

અરિહંતદેવનો પ્રભાવ અચિન્ત્ય છે, તેથી તેમનું સ્મરણ, ચિન્તન કે ધ્યાન કરવામાત્રથી શ્રેષ્ઠ વસ્તુઓ જેવી કે આરોગ્ય, બોધિ, સમાધિ અને સિદ્ધિ જેવી વસ્તુઓ આપોઆપ મળી રહે છે, તેમાં તેમની મુખ્ય નિમિત્ત કારણતા હોવાથી તેઓ જ દાતા છે, એમ કહેવું યથાર્થ છે. ભક્તિની ભાષા સ્તવનરૂપ હો કે પછી પ્રાર્થનારૂપ હો, તેમાં તત્ત્વથી ફરક કોઈ નથી. જે જે વસ્તુઓ પ્રાપ્ત કરવાની મુમુક્ષુઓને અતિ આવશ્યકતા છે, તે વસ્તુઓ શ્રી અરિહંતનું સ્તવન, સ્તુતિ, પ્રાર્થના કરવાથી મળી રહે છે, તેમાં શ્રી અરિહંતો પ્રબળ અને મુખ્ય નિમિત્તભૂત છે. આત્મસ્વરૂપમાં મનનો પ્રવેશ તે ધારણા છે, તેમાં મનનું પ્રવાહરૂપે જવું તે ધ્યાન તથા તેમાં તદાકારતા એ સમાધિ છે. કાયોત્સર્ગ તથા ધારણા દ્વારા આ ત્રણે વસ્તુ સિદ્ધ થાય છે.

ક્રોધાદિ અપ્રશસ્ત ભાવો છે, મૈત્ર્યાદિ - ક્ષમાદિ પ્રશસ્ત ભાવો છે અને માધ્યસ્થ્યાદિ એ સુવિશુદ્ધ ભાવો છે.

વિશુદ્ધ ભાવને ઉદાસીનતા, પ્રશમરસ, શાંતરસ, સમતારસ આદિ શબ્દોથી પણ ઓળખાવવામાં આવે છે.
ઉદાસીનતા = શેરી, રેખા = નાલિકા, મધ્યમાર્ગ = સમતા.

આસનજય એ ધ્યાનનો પ્રથમ ઉપાય છે.

તે માટે આહાર અને નિદ્રાનો જય પણ જરૂરી છે.
આકાશતત્ત્વ વહે, ત્યારે પવન નાસિકાની અંદર જ વહે છે,
અગ્નિતત્ત્વ ચાલે, ત્યારે પવન ૪ આંગુલ ઉપર જાય છે,
વાયુતત્ત્વ ચાલતું હોય, ત્યારે પવન ૬ આંગુલ નીચો વહે છે,
પૃથ્વીતત્ત્વ ચાલતું હોય, ત્યારે પવન ૮ આંગુલ નીચો વહે છે,
અને જળતત્ત્વ વખતે પવન ૧૨ આંગુલ નીચો વહે છે.

માતૃકા એ આત્માની પરમ જ્યોતિ છે.

માતાની જેમ તે પુરુષના રાગમય તેજનું જનન, પાલન, વિશોધન કરે છે, માટે તે 'માતૃકા' શબ્દથી સંબોધાય છે.
રાગશક્તિનું ઉન્મીલન - પ્રકટન કરનાર વૈખરી આદિ ચાર વાણી પણ ઉપચારથી માતૃકા યાને 'વર્ણતનુ' કહેવાય છે, કેમકે વર્ણો તેનો દેહ છે, અક્ષવર્ગોમાં તે વિભક્ત થયેલ છે.
માતૃકાના ધ્યાનથી ગ્રન્થિઓ (બુદ્ધિના વિપર્યાસો) ભેદાય છે,

સંશયથી (બુદ્ધિની ચંચળતાથી) છેદાય છે અને
જ્ઞાનાવરણાદિ વગેરે આઠે કર્મો ભેદાય છે.
સાગરસમાન શ્રુતજ્ઞાનનો પાર માતૃકાધ્યાનથી પમાય છે.

માતૃકાના ત્રણ મંડલ છે:

ચંદ્રમંડલ = ૧૬ સ્વર, સૂર્યમંડલ = ૨૫ વ્યંજન તથા
અગ્નિમંડલ = ૮ અંતઃસ્થનો સમાદેશ થયેલ છે.
બિંદુમાંથી કલારેખા અને રેખામાંથી વૃત્ત ઉત્પન્ન થાય છે.
આમ સર્વ અક્ષરો, ચિત્રો તથા આકૃતિઓ
બિંદુ અને રેખામાંથી જ બન્યો છે. સમસ્ત ભાષાઓના
વર્ણાક્ષરોનું મૂળ બિંદુ, રેખા અને વૃત્ત - એ ત્રણ જ છે,
એ દૃષ્ટિએ સમસ્ત વર્ણમાળાઓની લિપિ એક જ છે.
બિંદુ = o = સેતુ, રેખા = — = નાદ, વૃત્ત = 0 = કલા.
વૃત્તિરહિત વૃત્ત તે બિંદુ છે, વૃત્તિસહિત બિંદુ તે વૃત્ત છે.
(૧) નાદ = માત્ર (૨) બિંદુ = અર્ધમાત્ર (3) કલા = અમાત્ર
(૪) કલા = ત્રિમાત્ર - કલા (૫) બિન્દુ = અર્ધમાત્ર - બિંદુ
(૬) નાદ = અમાત્ર - અવ્યક્ત.

o

ધ્યેય - objective = Nada = પશ્યંતિ.
ધ્યાન - Subj. objective = Bindu = ગુહ્ય.
ધ્યાતા - Subj. obj.-less = Kala = દ્રષ્ટા.

સ્વપર - વ્યવસાયિ જ્ઞાનં પ્રમાણં ।

નાદ = પરવ્યવસાય - પર્યાય. બિંદુ = સ્વવ્યવસાય - ગુણ.

કલા = સ્વપરાતીત અવસ્થા - દ્રવ્ય.

આત્મદ્રવ્યમાં પ્રકાશકતા ઉપરાંત અનંત ધર્મો વિદ્યમાન છે, તે બધાનું કેંદ્રસ્થ તે કલા છે, સ્વવ્યવસાયિતા તે બિંદુ અને પરવ્યવસાયિતા તે નાદ છે.

જો કે ત્રણે વસ્તુ એકી સાથે રહેલી છે પણ ગૌણ - મુખ્ય ભાવે નાદ-બિંદુ-કલાના નામને પામે છે.

સૃષ્ટિક્રમમાં કલા ઉપરથી બિંદુ અને
બિંદુ ઉપરથી નાદનું સર્જન થાય છે.
સંહારક્રમમાં નાદ ઉપરથી બિંદુ અને
બિંદુ ઉપરથી કલામાં સંહાર થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં નાદ - કલા - બિન્દુ

નમો = નાદ,

अरिहं सिद्ध आयरिय उवज्झाय साहु = બિંદુ, णं = કલા.

एसो पंच नमुक्कारो सव्वपावप्पणासणो = નાદ,

मंगलाणं च सव्वेसिं = બિંદુ, पढमं हवइ मंगलं = કલા.

નમો = મન, વચન, કાયાનો સંકોચ.

શબ્દબ્રહ્મ - પ્રકૃતિબ્રહ્મ - પરબ્રહ્મ = તે ત્રણેનો વિસ્તાર.

કવિરાજ ગોપીનાથના મતે અજપાજપ અને
આનાપાનસતિ એક જ વસ્તુ છે. અનેક મહાપુરુષોએ
અજપાજપ કરી સુખ, શાંતિ અને સમાધિ મેળવ્યા છે.

મધ્યસ્થ = મધ્ય એટલે આત્મા.

જેમ વર્તુળને મધ્યબિંદુ હોય છે, તેમ સર્વ પ્રવૃત્તિઓનું
કેન્દ્ર આત્મા છે. મધ્ય એવા આત્મામાં રહે તે મધ્યસ્થ.

મધ્યસ્થ આત્મા સદા સ્વરૂપમાં જ રહે છે.

તે કર્તૃત્વ કે ભોક્તૃત્વ વગેરે ભાવોને ગૌણ કરી
પૌદ્ગલિક ભાવોમાં સાક્ષીમાત્ર રહે છે.

ઈચ્છા જાગવાથી તે કર્મથી લેપાતો નથી.

કર્મક્ષયના ઉદ્દેશથી ઘણાંયે અનુષ્ઠાન સિદ્ધ ભગવંતને
અર્પણ થાય છે. આત્મપાલન અર્થે ઘણું અનુષ્ઠાન તે
શ્રી અરિહંત ભગવંતોને અર્પણ થાય છે. નિષ્કામભાવ
એટલે પ્રત્યેક ધર્માનુષ્ઠાનમાં રહેલો ઈશ્વરાર્પણભાવ.

પૂજ્યતાનું અવચ્છેદક વીતરાગતા - મધ્યસ્થતા છે.

જે મધ્યસ્થ છે, તે પૂજ્ય છે.

જે મધ્યસ્થ નથી, તે પૂજ્ય પણ નથી.

મધ્યસ્થ ભાવના નવકારનો સાર છે અને
તીર્થ પરંપરાએ ચૌદ પૂર્વનો પણ તે સાર છે.

અહિંસા તથા સત્યમાં માધ્યસ્થ્ય છે અને રાગદ્વેષનો અભાવ છે. સર્વ વ્રત - નિયમોમાં, યોગ - અધ્યાત્મમાં, સર્વ - આગમો અને અનુષ્ઠાનોમાં માધ્યસ્થ્ય વ્યાપ્ત છે. 'ક્ષમ ખામો' એ આચારવિષયક (સર્વ વિષયો) અને 'ગમ ખામો' એ સર્વ કષાયવિષયક માધ્યસ્થ્ય છે. અતિરસ વડે ભોજન કરનાર રોગનો ભોગ બને છે, તેમ અતિરસ વડે ખેલનાર કર્મનો ભાગી થાય છે.

માધ્યસ્થ્ય વડે મન, વચન, કાયાના વ્યાપારો ન્યાયમાર્ગને અનુસરે છે. અનેકાંત એ માધ્યસ્થ્યરૂપ છે, તેથી જિનપ્રવચન માધ્યસ્થ્યને વિકસાવનારૂં છે. મધ્યસ્થને ઈંદ્રિયજય, ક્ષાન્ત્યાદિ ધર્મો, અહિંસાદિ વ્રતો, આસ્તિક્યાદિ ગુણો અને મૈત્ર્યાદિભાવો સુલભ બને છે. મધ્યસ્થ પુરુષ સહજ ઐચ્છિક આસનજય કરી શકે છે. પ્રાણાયામ પણ તેને સુલભ બને છે. જિનપૂજામાં થતી હિંસાને અહિંસા કહેનાર અને નિહ્નવોની અહિંસાને પણ હિંસા તરીકે ઓળખાવનાર શ્રી જિન પ્રવચન પરમ મધ્યસ્થ છે, કેમકે તેનું પ્રરૂપણ કરનારા શ્રી તીર્થંકર ગણધરાદિ મહાપુરુષો પરમ વીતરાગ - મધ્યસ્થ છે. જીવને સર્વથા મધ્યસ્થ બનાવવો એ જિનપ્રવચનનું ધ્યેય છે, લક્ષ્ય છે.

મોક્ષ પ્રશ્ન: ૐ પોષ સુદી 3, સોમ

શ્રીમદ્ રાજચંદ્રજી કૃત 'વિચારરત્નાકર'માંથી પ્રશ્ન - ૧૦૬:
આચાર્યમહારાજ આત્મસ્વરૂપ પંચપ્રસ્થાન ધ્યાવે એટલે શું?
ઉત્તર: ધ્યાનની પાંચ અવસ્થા સાધવામાં સાવધાન આચાર્ય ભગવંત જે પંચ પદ આરાધે છે, તેના નામ:

(૧) આનંદ તે અરિહંતનું ધ્યાન.
(૨) આત્મજ્ઞ તે સિદ્ધનું ધ્યાન.
(3) આગમિન્દ્ર તે આચાર્યનું ધ્યાન.
(૪) ગુપ્ત = ઉપાધ્યાયનું ધ્યાન. (૫) કલ્પ = સાધુનું ધ્યાન.

તે સમાન અવસ્થાએ પંચ પ્રસ્થાનમય આચાર્યજી છે.

- શ્રીમદ્ રાજચંદ્ર ભાગ ૧, પૃષ્ઠ ૫૦૬

આલંબન એટલે વર્ણાત્મક ધ્યાન. નિરાલંબન ધ્યાન એટલે વધારે સૂક્ષ્મતાથી ઘણું આલંબન વિનાનું ધ્યાન અર્થાત્ ધ્યાતા અને ધ્યાન - એ બંનેનો અભાવ થતાં ધ્યેય સાથે જે એકરૂપ બની જાય એવું ધ્યાન જે અવિરતપણે કરે છે, તે પરમાનંદને પ્રાપ્ત કરે છે.

દૃશ્યથી અદૃશ્ય પર જવું અર્થાત્ પદથી અપદમાં જવું,
સ્થૂળથી સૂક્ષ્મમાં જવું અર્થાત્ પીંડમાંથી બ્રહ્માંડમાં જવું,
આલંબનથી નિરાલંબનમાં જવું અર્થાત્ રૂપમાંથી અરૂપમાં જવું.

પ્રથમ પદસ્થ, પછી પીંડસ્થ અને રૂપસ્થ અને
છેલ્લે રૂપાતીત - એમ ધ્યાનનો ક્રમ છે.

## મંગલસ્વરૂપ મંત્ર - અર્હં

એવં રહસ્યવાળો અર્હં મંગલસ્વરૂપ છે, શુદ્ધ છે.
મંત્ર - તંત્રમાં એનો ઉપયોગ રહસ્યમય સાબિત થાય છે,
કેમકે મંત્રશાસ્ત્રમાં સંપુટમંત્રની પ્રબળ સાબિતિ છે.
રહસ્યયુક્ત અર્હં સંપુટમંત્ર બને છે, તેનું વિશ્લેષણ:

અ - ર્ - હ્ - ર્ - અ - ◡ - ० - △

આમાં 'હ' એ અર્હતનો વાચક બીજાક્ષર છે,
બાકી બધો પરિકર છે.
ર અને અનો સંપુટ 'હ'ને બળવાન બનાવે છે.
ર અગ્નિબીજ અને અ અમૃત છે, તેથી
અર્હં મંત્રમાં મલિનતાને દહન કરવાનું અને
શુદ્ધ તત્ત્વોને સર્જન કરવાનું સામર્થ્ય છે.
અર્હંના 'અ'ને અવગ્રહરૂપે - વક્રરેખારૂપે
સ્થાપના કરવાનું વિધાન છે, એ ખૂબ જ મનનીય છે.
વક્રરેખા કુંડલિની જ્યોતિર્મયી શક્તિનું ઉદ્બોધન કરે છે.
કુંડલિની કુંડળું વાળીને સર્પિણીની આકૃતિ રૂપે
નાભિ નીચે અને અધોમુખે રહેલી છે,

તેને જાગ્રત કરવી એ કપરું કામ છે. એ જાગ્રત થાય છે,
ત્યારે યોગીને અદ્ભુત સિદ્ધિઓ સ્વયં પ્રાપ્ત થાય છે.
જે સ્થળે કુંડલિની છે, તે સ્થળે આત્માના આઠ રૂચક
પ્રદેશો રહેલા છે, તે શુદ્ધ અને નિરાવરણ છે. 'अर्हं'ની
વક્રરેખા આ મહાશક્તિની જાગૃતિ પ્રત્યે આત્માને પ્રેરે છે.
કુંડલિની જાગ્રત થાય, ત્યારે અગ્નિ - જાજ્વલ્યમાન જ્યોતિ
શરીરમાં ચારેબાજુ પ્રસરે છે અને મલિન ભૌતિક
તત્ત્વોને ભસ્મીભૂત કરે છે, પછી તે ઉર્ધ્વગામી બનીને
અમૃતસ્રાવ કરે છે અર્થાત્ દિવ્યતા પ્રગટે છે.

અનાહતનું વેષ્ટન ગ્રહ જાગૃતિનું સૂચક છે.
આટલું કરે, તેને ર૬ પ્રધાનવિદ્યાઓ વીંટળાઈ વળે છે.
ર એ પુરુષ છે અને ઞ એ પ્રકૃતિ છે, પ્રકૃતિ વક્ર છે.
પુરુષ અને પ્રકૃતિના સંયોગ વિના સર્જન શક્ય નથી.
કોઈપણ મંત્રને પ્રાણવંત - ચેતનવંત બનાવવો હોય,
તો તેમાં સર્જનશક્તિ આવશ્યક છે.

'नमोऽर्चनकाले।'

એ ઉલ્લેખને આધારે નમઃ સ્વાહા। પાઠ પણ શુદ્ધ છે.

અક્ષરથી સૂક્ષ્મ તરફ વળેલું ધ્યાન આકૃતિથી
સ્થૂલ તરફ ખેંચાઈ જાય છે, તેથી આકૃતિઓની જરૂર નથી.

આઠ વર્ગ એ વર્ણમાતૃકા છે.

અક્ષરમાંથી અનક્ષર - અનાહતમાં જવાનું છે,
એટલે આઠ વર્ગોને વેષ્ટન કરવું આવશ્યક છે.

ઘણા વખત ર્હંયુક્ત મંત્રમાં અક્ષરોની ગણત્રીમાં તેને ગણવામાં આવતો નથી. લબ્ધિ પદો એ સ્તુતિ પદો છે. સૂરિમંત્ર, વર્ધમાનવિદ્યાદિમાં જ તે પદોનો ઉપયોગ થાય છે.

૮ અનાહતોથી તેના ૮ ભાગ પડી જાય છે.

અનાહત નાદ એ આત્માના વિશુદ્ધસ્વરૂપનો વ્યંજક છે.
એ જાગૃત થાય એટલે આત્મા દેવ-દિવ્ય બની જાય છે,
માટે જ તેને દેવ સ્વરૂપે ઓળખાવવામાં આવે છે.
લબ્ધિઓ મળ્યાં પછી એ અનાહત નાદ કાયમ રહે છે.

ગુરૂપાદુકાઓમાં પંચ પરમેષ્ઠિ ઉપરાંત અદૃશ્ય ગુરૂઓ, ભૂતકાળના અનંત ગુરૂઓ અને ભવિષ્યના અનંતાનંત ગુરૂઓની પાદુકાઓ પણ સ્થાપેલ છે.

અહીં રુદ્રનો ભાગ અમૃત છે. તે કળશમાં રહે છે, માટે રેખાવૃત્તના વેષ્ટનપૂર્વક કળશાકૃતિ દોરવામાં આવે છે.

શાંતિકર્મ માટે વરૂણમંડળ ઉપયોગી છે.
કુંભાકૃતિ પણ મંગળનું ઉદ્બોધન કરે છે.
અક્ષરમય ન્યાસથી પદસ્થ ધ્યાન થાય છે.

દેહમાં યંત્રનું સ્થાપન તથા મુદ્રાકારથી અનુક્રમે
પીંડસ્થ અને રૂપસ્થ ધ્યાન થાય છે, પછી
રૂપાતીત ધ્યાન દ્વારા આત્મા સિદ્ધસ્વરૂપ બને છે.
આમ યંત્રમાં પ્રથમ પીંડસ્થ, પછી પદસ્થ,
પછી રૂપસ્થ ધ્યાનની સ્થિતિમાં ચક્રઉન્મીલન થાય છે,
જે લક્ષ 'સમ' અને સ્થિર ચક્રથી સમજાય છે.
કળશાકાર સ્થિર રહે અને
તે કળશમાં રહેલું અમૃતમંડલ સુવ્યવસ્થિત રહે,
તે માટે તેને બેસ બાંધવામાં આવે છે.
બંને બાજુ બેનું સુંદર ગ્રથન મહાકળશની અભિવ્યક્તિ કરે છે.

પરમ કલ્યાણની પ્રાપ્તિ શેનાથી ?

શબ્દથી પદની સિદ્ધિ તથા તેનાથી અર્થનો નિર્ણય થાય છે.
અર્થનિર્ણયથી તત્ત્વજ્ઞાન - હેયોપાદેયનો વિવેક થાય છે
અને તત્ત્વજ્ઞાનથી પરમ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

નિક્ષેપ એટલે...

અનિર્ણીત વસ્તુનો નામાદિ દ્વારા નિર્ણય કરાવે તે.

બાહ્યદ્રવ્યમલ - શરીરની અશુદ્ધિ
આંતરદ્રવ્યમલ - આઠ કર્મની પ્રકૃતિઓ
આંતર - ભાવમલ - અજ્ઞાન, અદર્શન વગેરે.

સુખને - પુણ્યને લાવે તે મંગલ.

મંગલના પર્યાય શબ્દો છે: મંગલ, પુણ્ય, પવિત્ર, પૂત, પ્રશસ્ત, શુભ, શિવ, ભદ્ર, કલ્યાણ, સૌખ્ય વગેરે.

પાપમલનું ગાલન કરે, વિનાશ - વિધ્વંસ કરે તે મંગલ.

વિઘ્નનો વિનાશ કરે અને કાર્યની સિદ્ધિ કરે તે મંગલ.

જીવ, જીવગુણ અને જીવનો જ્ઞાન - દર્શન ઉપયોગરૂપ પરિણામ તે મંગલ છે. અભેદમાં પણ વિભક્તિ છે, દ્રવ્યાર્થિકનયથી તે અનાદિ - અનંત છે.

અનુ અર્થાત્ અણુ - જે સૂત્ર,

તેનો અનન્ત અર્થો સાથે યોગ કરાવે, તે અનુયોગ.

મિથ્યાત્વ - અવિરતિ - પ્રમાદમાં જીવત્વ નથી, મંગલ તો જીવ છે અને તે કેવલજ્ઞાનાદિ અનંત ધર્માત્મક છે. આવૃત્ત અવસ્થામાં પણ કેવલજ્ઞાનાદિ ગુણો છે, તેમાં તેનો અભાવ માનવામાં આવે તો જીવનો પણ અભાવ થશે. વાદળથી ઢંકાયેલા અગ્નિમાં પણ તેના ગુણધર્મ - તાપ અને પ્રકાશની ઉપલબ્ધિ, અનુમાન આદિ પ્રમાણોથી સિદ્ધ છે. કદાપિ ન તૂટનારી જ્ઞાનસંતાનની અપેક્ષાએ કેવલજ્ઞાનનો સદ્ભાવ મિથ્યાદૃષ્ટિમાં પણ છે. કેવલજ્ઞાન અને કેવલ-દર્શનથી ભિન્ન જ્ઞાન - દર્શનનો સદ્ભાવ છે જ નહિ.

જ્ઞાન - દર્શનગુણની અવસ્થાવિશેષનું નામ
મતિ આદિ અને ચક્ષુદર્શન આદિ છે.
બધી અવસ્થામાં રહેનારા જ્ઞાન - દર્શન તો એક જ છે.
આત્માના સ્વરૂપને જાણનારી, છદ્મસ્થના જ્ઞાનદર્શનને
કેવળજ્ઞાન - કેવળદર્શનના અવયવરૂપે નિશ્ચય કરનાર
અને આવરણરહિત અનંતજ્ઞાન - દર્શનથી યુક્ત આત્માનું
સ્મરણ કરનાર સમ્યગ્દૃષ્ટિઓના જ્ઞાનદર્શનમાં જેમ પાપનું
ક્ષયકારીપણું છે, તેમ મિથ્યાદૃષ્ટિઓના જ્ઞાનદર્શનગુણમાં
પાપનું ક્ષયકારીપણું પણ છે જ અથવા નોઆગમભાવ
દ્રવ્યમંગળની - શક્તિની અપેક્ષાએ મંગળપણું અનાદિ-
અનંત છે, સિદ્ધ ભગવંતનું મંગળ સાદિ - અનંત છે.
મંગળ આદિ, મધ્ય અને અંત - એમ ત્રણ પ્રકારનું છે.
આદિ મંગળ વિઘ્ન હરે, મધ્ય મંગળ સ્થિર કરે, અંત્ય
મંગળ ફળની પ્રાપ્તિ કરાવે છે. દરેક કાર્યની સિદ્ધિ માટે
સત્પુરુષોએ આદિ, મધ્ય, અંત્યમંગળનું વિધાન કરેલું છે.
જિનેન્દ્ર ભગવાનના ગુણોનું કીર્તન કરવું એ જ મંગળ છે.
શાસ્ત્રજ્ઞાન એ શુક્લધ્યાનનું સાક્ષાત્ કારણ છે,
દેવતા નમસ્કાર એ પરંપરા કારણ છે, કારણકે
ધર્મધ્યાન દ્વારા શુક્લધ્યાનનું કારણ છે.

## <u>અરિહંત અને સિદ્ધ</u>

અરિહંત પરમેષ્ઠિ એજ આપ્ત મહાદેવ છે.
તેઓ મહાદેવ એટલે કે કામનો નાશ કરનાર,
ત્રિપુર = રાગ, દ્વેષ, મોહનો ધ્વંસ કરનાર,
ત્રિનેત્ર = ત્રણ કાળને વિષય કરવારૂપ ત્રણ નેત્રોથી
સકળ પદાર્થોનો સાર જાણનાર,
ત્રિશૂલ = રત્નત્રયરૂપી ત્રિશૂલથી મોહાંધકાસુરને હણનાર છે.

### સિદ્ધ પરમેષ્ઠિ કેવા છે?

જે મુનિઓના પતિ છે, જેમણે દુર્નયોનો અંત કર્યો છે,
જેમને અવ્યાબાધ સુખ તથા અંતિમ સાધ્ય સિદ્ધ થયું છે,
જેઓ નિષ્ઠિતાર્થ છે, સ્વરૂપપ્રતિષ્ઠ છે, કૃતકૃત્ય છે
અને અષ્ટકર્મ નિર્મુક્ત છે, તેઓ સિદ્ધ પરમેષ્ઠિ છે.
અરિહંતોને પાંચ કલ્યાણકોમાં
સર્વથી અધિક દેવેન્દ્રાદિકથી કૃત પૂજા પ્રાપ્ત થાય છે,
તે અઘાતી કર્મનો ઉદય છે, જે સિદ્ધોને નથી.
<u>કર્મરૂપી અંજન અને દોષરૂપી કલાઓથી રહિત છે,</u>
<u>માટે સિદ્ધ પરમેષ્ઠિઓ નિરંજન અને નિષ્કલ છે.</u>
જેમણે જ્ઞાન દ્વારા સંપૂર્ણ વિશ્વને વ્યાપ્ત કર્યું છે,
તેઓ જ્ઞાનમાં જ સંપૂર્ણ લોક રહેવાના કારણે
વિશ્વરૂપતાને ધારણ કરે છે.

સિદ્ધ પરમેષ્ઠીઓએ મોહ, જ્ઞાનદર્શન આવરણ અને અંતરાયનો સમૂલ નાશ કર્યો છે, તેથી અનંતજ્ઞાન, દર્શન, અનંતસુખવીર્ય અને અનંતદાન વગેરે પ્રાપ્ત કર્યા છે.

તેઓ અહીં લોકના મસ્તક ઉપર આરૂઢ છે,

સુખસાગરમાં નિમગ્ન છે, દુઃખોથી રહિત છે.

પુરુષાકાર હોવા છતાં ગુણોથી પુરુષ સમાન નથી, કેમકે પુરુષ ઇંદ્રિયોના વિષયોને ભિન્નભિન્ન દેશમાં જાણે છે, સિદ્ધો પ્રત્યેક પ્રદેશમાં બધા વિષયોને જાણે છે. સિદ્ધો તોષરહિત છતાં સેવકજનને કલ્પવૃક્ષતુલ્ય છે, રોષરહિત છતાં સ્વપરાક્રમ જીવોને કલ્પાંતકાળના કૃતાંત જેવા છે.

## આચાર્ય - ઉપાધ્યાય - સાધુ

મેરુ સમાન નિશ્ચલ,[1] પૃથ્વી સમ સહનશીલ,[2] સાગર સમ ગંભીર,[3] સિંહ સમ નિર્ભય[4]-નિર્ભીક, બાહ્યાંતર પરિગ્રહથી[5] રહિત, અનુગ્રહ-નિગ્રહ[6]-સંગ્રહમાં તત્પર, ચૌદ વિદ્યાના[7] પારગામી, ધર્મદેશનામાં અપ્રમત્ત, સ્વપર શાસ્ત્રવેત્તા,[8] દેશ-કુળ-જાતિથી શુદ્ધ,[10] શંખની જેમ નિરંજન,[11] આકાશની જેમ નિર્લેપ,[12] દ્વાદશાંગના પારગામી,[13] આચાર્યના સમગ્ર[14] ગુણથી યુક્ત, મોક્ષમાર્ગમાં[15] સ્થિત, જ્ઞાનાદિરૂપ શુદ્ધ આત્માના સ્વરૂપનું સાધન[16] કરનારા,

પાંચ મહાવ્રતો, ત્રણ ગુપ્તિ, ૧૮૦૦૦ શીલાંગને[૧૭] ધરનારા,
સિંહ સમાન પરાક્રમી[૧૮], ગજ સમ ઉન્નત[૧૯], વૃષભ સમાન ભદ્ર[૨૦],
મૃગ સમાન ઋજુ[૨૧], ભ્રમર સમાન માધુકરી[૨૨] કરનારા,
પવન સમાન[૨૩] નિઃસંગ, સૂર્ય સમાન[૨૪] તેજસ્વી,
ચંદ્ર સમાન[૨૫] સૌમ્ય, સાગર સમાન નિરાલંબ[૨૬],
સદાકાળ મોક્ષરૂપી પરમપદનું અન્વેષણ[૨૭] કરનારા તે સાધુ છે.
નવકારમાં 'સર્વ' અને 'લોક' શબ્દ છે, તે અંતદીપક છે.
આદિ સંપૂર્ણ ક્ષેત્રમાં રહેનારા ત્રિકાળવર્તી પરમેષ્ઠિઓને
નમસ્કાર છે. અનંત ભેદરૂપ રત્નત્રય એક દેવ છે.

રત્નત્રયયુક્ત જીવ એક દેવ છે.

અહીં રત્નની અપેક્ષાએ પાંચે સમાન છે.

અવયવી એ અવયવાદિ સર્વથા ભિન્ન નથી. એક દેશમાં
આનંદ માનવાથી સમગ્રતામાં પણ આનંદ પ્રાપ્ત થશે.

જે કાર્ય જેના એક દેશમાં ન જોવાય,
તે તેના સમગ્રતામાં કેવી રીતે આવી શકે?

અગ્નિની દાહકતા તેના એક કણમાં પણ રહે જ છે.

ઉપકારની અપેક્ષાએ આદિમાં અરિહંત છે.

પરમેષ્ઠિના પ્રભાવે જ અધિક ગુણવાળા સિદ્ધોમાં
સૌથી વધારે શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

દેહ તો ઘાસની જેમ મફતમાં મળે તેમ છે,
જ્યારે આત્મા એ તો ઘીની જેમ મૂલ્યવાન તત્ત્વ છે.

અવળી સમજણના યોગે

મનુષ્યો દેહનું જતન અને આત્માની ઉપેક્ષા કરે છે.
શુભાશુભ કર્મના કારણે કર્મનાં ફળને ભોગવવા માટે
દેહ વગર પ્રયાસે મળે છે, જ્યારે આત્મા કષ્ટપ્રાપ્ય છે,
માટે દેહની ઉપેક્ષા કરી આત્માનું જ જતન કરવું ઘટે છે.
ઘાસ ઢોળાઈ જાય તો મફતમાં મળે પણ ઘી કોઈ મફતમાં
દે નહિ, તેથી ઘીની જગ્યા સાચવવા વધારે કાળજી લેવી.
દેહ એ ઘાસની જગ્યા છે, આત્મા એ ઘીની જગ્યા છે.
જેમ સાબુનું કામ મેલને દૂર કરવાનું છે, તેમ ધર્મનું
કામ મનનો મેલ દૂર કરી જીવનને નિર્મળ કરવાનું છે.

ધર્મનું મુખ્ય ફળ પણ આ જ છે.
મોક્ષરૂપી ફળ પણ મનની શુદ્ધિ અને
તે દ્વારા જીવનની શુદ્ધિનું પરિણામ છે.

મોક્ષનું અનંતર કારણ સમત્વ છે, એનો પ્રથમ પાયો
ન્યાયોપાર્જિત વિત્ત છે, જે સમત્વનું પ્રથમ સોપાન છે.
સમત્વનું સાધન અહિંસા, અહિંસાનું સાધન સંયમ-તપ.
તપ - સંયમ દ્વારા હિંસાનું મૂળ જ દૂર થઈ જાય છે.

સંયમ દ્વારા ઇંદ્રિયોનો અને તપ દ્વારા ચિત્તવૃત્તિઓનો નિરોધ સધાય છે. અંતરમાં ચિત્તશુદ્ધિરૂપે અને બાહ્યમાં આચારની શુદ્ધિરૂપે ધર્મની પરિણતિ પ્રકટ થાય છે.

મનનાં જેવાં વલણો, એવો કર્મનો બંધ છે.

અજ્ઞાન-અંધશ્રદ્ધા-અહંકાર ધર્મપ્રાપ્તિમાં અંતરાયરૂપ છે.

ધર્મપ્રાપ્તિમાં આવતાં અંતરાયોને તોડનાર છે...

જીવાદિતત્ત્વોનું જ્ઞાન, શ્રદ્ધા તથા તે મુજબનું આચરણ.

અહિંસા વગેરે ધર્મકરણી ચિત્તની પ્રસન્નતા માટે છે.

જે કરણી ચિત્તને ક્લેશ, દ્વેષ અને ઈર્ષા-અસૂયામય કરી મૂકે, તે ધર્મકરણી ધર્મનો માત્ર આભાસ છે.

સંયમ દ્વારા વિષયાભિલાષ ઉપર વિજય પ્રાપ્ત થાય છે, તપ દ્વારા કષાયોનો અગ્નિ શાંત થાય છે. સંયમ દ્વારા આવતાં કર્મ રોકાય છે, તપ દ્વારા પૂર્વકર્મ ખપે છે.

કર્મના બે પ્રકાર છે: દ્રવ્યકર્મ અને ભાવકર્મ.

ભાવકર્મ એટલે રાગદ્વેષ.

સંયમ, તપ દ્વારા રાગદ્વેષનો નિરોધ અને સમત્વભાવનો વિકાસ થાય છે, તેથી દ્રવ્યકર્મનો પણ ક્ષય સધાય છે.

અનાદિના કર્મ-ક્લેશ-કષાયોનો ક્ષય સાધી આપે, તે પરમાર્થધર્મ. મૌન તથા ધ્યાન સંવર-નિર્જરાનાં સાધનો છે.

# મનોનિગ્રહનું માહાત્મ્ય

મનોનિગ્રહના અભાવે ત્રિલોકીનો વિજય પણ તણખલાં સમાન છે. આપણા મનનો આત્મામાં વિલય કરવાથી સર્વ દુ:ખની શાંતિ અને મનને સંકલ્પ-વિકલ્પવાળું કરવાથી જ મોટા દુ:ખની પ્રાપ્તિ થાય છે.

વિવેકના દૃઢ અનુસંધાનથી ચિત્તના અંશરૂપ મન વર્તમાન શરીરમાં જ ચિત્તની સાથે એકરૂપતાને પામે છે. ચિત્તનો ચિત્ત વડે નિગ્રહ કરી ભિન્નારહિત સ્વરૂપનું આલંબન લઈ આશંકારહિત સ્થિર થાઓ.

પ્રથમ ભોગના સમૂહની વાસનાનો ત્યાગ કરી (સંયમ), પછી ભેદની વાસનાનો ય ત્યાગ કરી (તપ), પછી ચિત્ત-અન્ય દૃશ્યનો પણ ત્યાગ કરી કલ્પનારહિત સુખ અનુભવો.

o કર્મ = શુભાશુભાદિ, વિપાક = સુખ - દુ:ખાદિ, ક્લેશ = અવિદ્યાદિ, આશય = કર્મવિપાકાનુસાર વાસના.

એ ચારેનો ત્રણે કાળ જેને અત્યંત અભાવ છે અને સંપૂર્ણ ધર્મ, ઐશ્વર્ય, જ્ઞાન, વૈરાગ્યથી જેઓ અલંકૃત છે, એવા અંતર્યામી પરમાત્માને શ્રદ્ધા-ભક્તિસહિત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ, જેમના ચરણકમળનું ધ્યાન યોગારૂઢો પણ સંસારસમુદ્રનો પાર પામવા હૃદયકમળમાં નિરંતર કરે છે.

મોક્ષના અધિકારી એવા સાત્ત્વિક જીવોનાં હિતને માટે જ
જેમનાં પવિત્ર શરીરો આ ભૂમંડળમાં દૃશ્યમાન થાય છે,
તે જીવન્મુક્ત પુરુષોને પ્રેમપૂર્વક પ્રણામ.

વિરક્તસ્ય તત્સિદ્ધિઃ । તીવ્રસંવેગાનામાસન્નઃ ।

વિરક્ત મનવાળા પુરુષો જ યોગમાર્ગમાં અધિકારી છે.
આ લોક-પરલોકના વિષયોમાં વિરક્ત, જન્મમરણરૂપી
સંસારથી ઉદ્વેગ અને આત્મતત્ત્વને જાણવાની ઇચ્છાવાળો
જે કોઈ હોય, તેને આ યોગમાર્ગમાં અધિકાર છે.

સર્વ મનુષ્યો વિષયસુખને ઇચ્છે છે.
કષ્ટસાધ્ય ચિત્તનિરોધને કોઈ ઇચ્છતું નથી,
વિષયસુખો ક્ષણભંગુર અને સાતિશય છે,
તેથી ચિત્તને તૃપ્તિ આપી શકતાં નથી.

નિરતિશય અને પરિપૂર્ણ સુખ બ્રહ્મસ્વરૂપ જ છે
અને બ્રહ્મનો સાક્ષાત્કાર ચિત્તનિરોધથી જ થાય છે.
બ્રહ્મનાં ઉચ્ચ અને ઉદાત્ત સુખોની ઇચ્છા ઉચ્ચ દૃષ્ટિ
અને ઉદાર બુદ્ધિવાળા વિરલ મનુષ્યોને જ થાય છે.

બ્રહ્મસુખનો અનુભવ દરેકને નથી,
કિન્તુ સત્પુરુષો અને સત્શાસ્ત્રોના વચનથી
તેનું અસ્તિત્વ જાણીને તેની ઇચ્છા ઉત્પન્ન થઈ શકે છે.

નિર્વિતર્ક સમાધિની પ્રાપ્તિ દ્વારા જ્ઞાનતત્ત્વની એકતાનો અનુભવ થાય અને તે દ્વારા મોક્ષસુખ મેળવી શકાય છે.

મનનો સ્વભાવ ચપળ હોવાથી
સમાધિની પ્રાપ્તિ પ્રયત્નસાધ્ય છે પણ અસંભવિત નથી.

પરવૈરાગ્ય એટલે...

સુખ-દુઃખ-મોહરૂપે પરિણામ પામનારા અંતઃકરણના સત્ત્વ, રજસ્ અને તમોગુણમાં તૃષ્ણારહિતપણું હોવું.

અપરવૈરાગ્ય એટલે...

આ લોક-પરલોકના દિવ્યાદિવ્ય વિષયોમાં તૃષ્ણારહિતપણું.

અપરવૈરાગ્યના ૪ પ્રકાર

યતમાન, વ્યતિરેક, એકેન્દ્રિય અને વશીકાર.

વિષયાકાર ચિત્તને રોકવા માટે વૈરાગ્ય અને
તેને આત્માકાર કરવા માટે અભ્યાસ એ સાધન છે.

સવિતર્ક સમાધિમાં ચિત્તનું 'ધ્યેયાકાર' અને
નિર્વિતર્ક સમાધિમાં 'આત્માકાર' પરિણમન થાય છે.

અંતઃકરણરહિત જીવનું ચૈતન્યસ્વરૂપ બ્રહ્મથી અભિન્ન છે.
જીવનું પરિચ્છિન્નપણું અંતઃકરણરૂપી ઉપાધિને લીધે છે.

અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ -
એ પાંચ ક્લેશો અંતઃકરણના ધર્મ છે.

ઉપાધિરૂપ અંતઃકરણનો બાધ કરતાં તેનો વિશેષ ભાગ જે સાક્ષીરૂપ છે, તેનો બ્રહ્મથી અભેદ સંભવિત છે. સાધનો દ્વારા પહેલાં ધ્યેયાકાર પરિણામ અને પછી આત્માકાર પરિણામ થાય છે. સુષુપ્તિમાં ન જાણી શકાય તેવા રીતે જેમ ચિત્તનું અજ્ઞાનાકાર - સુખાકાર પરિણામ થયા કરે છે, તેમ નિર્વિકલ્પ સમાધિમાં આપણા ચિત્તનું આત્માકાર પરિણામ પામવાનું અનુમાન પણ થઈ શકે છે. બધા દુઃખોનું મૂળ આત્માનું અજ્ઞાન છે, તે આત્મજ્ઞાનથી ટળે છે. આત્મજ્ઞાનનાં સાધન શ્રવણ - મનનાદિ દ્વારા સિદ્ધ કરેલાં પરોક્ષ બ્રહ્મતત્ત્વમાં નિદિધ્યાસ કરવારૂપ છે.

## આત્માના આનંદસ્વભાવનું પ્રતિબિંબ

ચોખામાંથી તેલ, પાણીમાંથી નવનીત, સસલાના શીંગડામાંથી ધનુષ્ય, કાચબાના રૂવાંડામાંથી કંબળ, આકાશ પુષ્પમાંથી પુષ્પમાળા અને હળાહળ વિષ વડે અમરતા અસંભવિત છે, તેમ અનાત્મ અને દુઃખસ્વરૂપ વિષયોમાંથી સુખપ્રાપ્તિ અસંભવ છે. ઈચ્છિત વિષયોની પ્રાપ્તિકાળે તૃષ્ણા નિવૃત્ત થવાથી બુદ્ધિ ક્ષણવાર સ્થિર થાય છે, તેમાં આત્માના આનંદ સ્વભાવનું પ્રતિબિંબ પડે, તેનો આનંદ છે. તે આનંદ વિષયમાંથી નહિ પણ આત્મામાંથી આવે છે.

શાસ્ત્રો તથા સત્પુરુષો પોકારી પોકારીને કહે છે કે:

સોપાધિક વિષયના આનંદ કરતાં

નિરૂપાધિક વિષયશૂન્ય આનંદ શ્રેષ્ઠ છે.

બહિરાત્મા - અંતરાત્મા

દેહને હું માનનાર બહિરાત્મા તે બિચારા મિથ્યાદૃષ્ટિ છે.

દેહમાં રહેનાર વસ્તુ દેહથી જુદી છે,

એમ સમજનાર અંતરાત્મા એ સમ્યગ્દૃષ્ટિ છે. તત્ત્વમ્ ।

યાને 'તે તું છે' એવું ભાન ધરાવનાર તે તત્ત્વજ્ઞાની છે.

તે પરમ ચૈતન્યમય આત્મા.

રોહીગુર = તેજનો પર્વત, કૌસ્તુભમણિ. આત્મા રૂપી રત્ન

દેહ ગેહથી ભિન્ન છે અને તેની કીમત અપરંપાર છે.

એમ દ્રવ્ય કે ભાવ કોઈ વસ્તુથી

તેનું મૂલ્ય આંકી શકાય તેમ નથી, તેમ

અગ્નિ કે કાળથી પણ તેના તોલે કોઈ આવી શકે તેમ નથી.

પત્થર અને લોખંડ બાહ્ય દેખાવમાં કઠિન - મજબૂત છે,

તે ય બહારથી કોમળ, પ્રવાહી પાણી પાસે નિર્બળ બને,

એમ અંતર્દૃષ્ટિથી - વિચારશક્તિથી જાણી શકાય છે.

બાહ્યદૃષ્ટિએ કર્મ કઠણ છે,

અંતર્દૃષ્ટિએ આત્મા બળવાન છે.

શરીર વ્યંજન છે, આત્મા સ્વર છે.
સ્વરનું ઉચ્ચારણ શાશ્વત, નિત્ય અને સ્વયંભૂ છે.
વ્યંજન સંખ્યામાં અધિક છે છતાં સ્વરને આધીન છે,
વિનાશી, અનિત્ય અને અશાશ્વત છે.
કાળથી ૭૦ કોટાકોટિનો અંત છે, આત્મા અનંત છે.
સર્વ કર્મનો દૃશ્ય શક્તિ - આદિ અને અંત છે.
આત્મા અદૃશ્ય - અનાદિ - અનંત છે.

બાહ્ય જગતની વસ્તુ પણ સૂક્ષ્મ પ્રકાશમાં આંખ માંચી રાખવામાં આવે તો દેખાતી નથી, તેમ અંતરજગત કે જેમાં આત્મા મુખ્ય છે, તે વિચાર અને વિવેકના ચક્ષુ ખોલ્યા વિના ન દેખાય. જગત જડ - આત્મા ચૈતન્ય છે. બાહ્યજગતને પણ ચૈતન્ય વિચારચક્ષુથી જુએ છે. આત્માને જોવા માટે બાહ્ય જ્ઞાનપ્રકાશની જરૂર નથી. અંતરસ્થ જ્ઞાનપ્રકાશ તે આત્માને સ્વયમેવ જોઈ શકે છે.

જેમ દીવાનો પ્રકાશ એ દીવાનો ગુણ છે, તેમ આત્મામાંથી નીકળતો જ્ઞાનપ્રકાશ એ આત્માનો ગુણ છે. સામાયિકની સાધના દ્વારા આત્માનું અવિનાશીપણું, દેશ અને કાળથી અપરિમિતપણું, બધાથી અધિક બળવાનપણું, સર્વ પ્રકાશમાં શિરોમણિભૂત પ્રકાશકપણું

અને સર્વોચિત સ્વરૂપનું અનુભવન શક્ય છે.
સામાયિક એ ભાવ તથા ક્રિયા - બંને ઉભયાત્મક છે.
ભક્ત લોક પ્રાર્થના, નમાજ, સંધ્યા, નિત્ય નૈમિત્તિક
કર્મો વડે પ્રભુને પામવા પ્રયત્ન કરે છે, તેમ જૈનો સામાયિકની
ક્રિયા વડે પરમાત્મપદને મેળવવા પ્રયત્નશીલ રહે છે.
સામાયિકની ક્રિયા વડે સર્વ તીર્થંકરો
તીર્થંકરપદ અને મોક્ષપદને મેળવે છે, તેથી તે જીવનમાં
અવશ્ય કરવાની ક્રિયા રૂપે - આવશ્યક રૂપે મનાય છે.
જે સ્થિતિએ પ્રભુ પહોંચ્યા, તે સ્થિતિએ પહોંચવાનું
સાધન આપણને સામાયિકની ક્રિયા વડે પ્રાપ્ત થયું છે.

°

સામાયિક એક scientific process છે અને
તેના પાછળ Philosophical Truth છે.
પ્રણિધિ = સાધ્ય, લક્ષ્ય, goal, end.
પ્રવૃત્તિ = સાધન, means to an end.
વિઘ્નજય = સર્વ દોષો ઉપર વિજય, overcoming the obstacles. સિદ્ધિ = સાધ્યની પૂર્ણ પ્રાપ્તિ.
વિનિયોગ = આત્મનિવેદન,
પોતાને પ્રાપ્ત થયેલ વસ્તુનું ભાવનાઓને પૂર્ણ પ્રદાન.
selfdedication to service of humanity.

જે ધર્મમાં ઉપયોગ મુખ્ય છે, તેનું નામ જૈનધર્મ છે.
જેણે હૃદયમાં રહેલ અદ્ભુત એવું આત્મસૌંદર્ય જોયું છે,
તેને સ્ત્રીશરીરાદિના બાહ્યસૌંદર્યનાં આકર્ષણ શમી જાય.

ત્રણે લોકમાં સુંદરમાં સુંદર કોઈ વસ્તુ હોય,
તો તે એક આત્મા જ છે. ખરું સૌંદર્ય આત્મામાં વસે છે.
એ વિચારણા જેઓ આત્મામાં સ્થિર થાય છે, તેઓને
તત્કાળ ઘાતીકર્મક્ષય અને કૈવલ્યલક્ષ્મી પ્રાપ્ત થાય છે.
આત્મામાં અનંતગુણ છે, તેમાં એક ગુણ પરમ સુંદરતા છે.
રાગ, લય, વર્ણ અને સૌંદર્ય આત્મામાં ભરેલું છે અને
તેના સૌંદર્યથી જ બાહ્ય વસ્તુઓમાં સુંદરતાનો આભાસ થાય છે.

શરીર સેવામાં ઘસાય તો દેદીપ્યમાન અનોખું થાય છે,
ધન સદુપયોગમાં વપરાય તો મમતા મરે છે,
મન પ્રભુના ચરણોમાં ચોંટી જાય તો શાંતિ મળે છે.

અદિતિને આંગણે પ્રભુ પુત્રરૂપે પધાર્યા હતા.
અદિતિ એટલે કલ્યાણકાર વૃત્તિ.
વૃત્તિ જ્યારે કલ્યાણકાર થાય, ત્યારે જ જીવનને આંગણે
પ્રભુ પધારે. સતત નામસ્મરણ વડે વૃત્તિ કલ્યાણકાર બને.
જેનાં દર્શન કર્યા પછી સત્કર્મ કરવાની પ્રેરણા મળે,
તેનું નામ પ્રભુતેજ.

પૈસો કમાવવો કઠિન નથી, પરન્તુ
હાથમાં આવેલા પૈસાનો સદુપયોગ કઠિન છે.
સંપત્તિનો સન્માર્ગે ઉપયોગ થયા પછી
વિપત્તિ આવે તો પણ શાંતિ રહે છે.
ધનથી ભૌતિક સુખ - ધર્મથી આત્મિક સુખ મળે છે.
ધર્મની મર્યાદા પાળે છે, તેનું મન શાંત રહે છે.
કોઈપણ જીવને સંતોષ આપવો, તે પણ પ્રભુપૂજા છે.
જીવ-ઈશ્વરમાં ઝાઝુ ભેદ નથી. સૌને યથાશક્તિ સંતોષ
આપીએ, તે સૌમાં બિરાજેલા પ્રભુની પૂજા છે.
જીવાત્મા - પરમાત્માનું મિલન સૌથી મોટી ઘટના છે.
ભક્તિ વડે જ મન શુદ્ધ થાય છે.
દાનથી ધનની શુદ્ધિ થાય પણ મનની નહિ.
દાન સાથે જાપ કરાય, તો જ મનની શુદ્ધિ થાય છે.
મનની શુદ્ધિ થાય તો પ્રભુદર્શન થાય છે.
જાપ વિના જીવન સુધરતું નથી.
જીવને પાપ કરવાની ટેવ અનેક જન્મોની છે, એથી
છૂટવું હોય તો શાંતિથી બેસીને પ્રભુનામનો જાપ કરો.
પ્રભુના કોઈપણ નામ સાથે
ખૂબ પ્રેમપૂર્વક જાપ કરવાનું રાખશો, તો જ પાપ છૂટશે.

## ઈશ્વર કહે છે:

ધરતી ખેડવાનું કામ તારું, તેમાં વરસાદ પાડવાનું કામ મારું.
બીજ વાવવાનું કામ તારું, અંકુર જન્માવવાનું કામ મારું.
ખાવાનું કામ તારું, તારું ખાધેલું પચાવવાનું કામ મારું.
સુવાનું કામ તારું, પાસે બેસી રક્ષણ કરવાનું કામ મારું.

આમ જીવ ઉપર ઈશ્વરના અનંત ઉપકાર છે.
જીવ જો તે ઉપકારોને યાદ ન કરે, તો કૃતઘ્ની બને.
જીવ મુસાફર છે, ઈશ્વર ડ્રાઈવર છે.
મુસાફર ઊંઘે તો ચાલે, ડ્રાઈવર ઊંઘે તો ન ચાલે.
પ્રભુનું સ્મરણ કરતાં કરતાં સૂઈ જાઓ,
ઈશ્વર જાગતો રહીને તમારું રક્ષણ કરશે.
દિવસના ત્રણ - ચાર કલાક પ્રભુ માટે કાઢો અને
પ્રેમથી પ્રભુનું ભજન - ધ્યાન કરો.
પરમાત્મા તમારી પાસે સંપત્તિ નહિ, સમય માંગે છે.
એ તમારા માટે ચોવીસે કલાક
પ્રાણવાયુ આપવાની કામગીરી બજાવે છે,
તો તમે એના માટે ત્રણ - ચાર કલાક કાઢી ન શકો?
ઈશ્વર જીવને સતત મદદ કરતો રહે છે
અને તે પણ પોતાની જાતને છૂપાવીને.

જેમ ભૂખ્યાનું શરણ અન્ન - તરસ્યાનું શરણ જલ છે,
રોગીનું શરણ ઔષધ - થાકેલાનું શરણ વિશ્રામ છે,
તેમ ચારે બાજુ ભયથી ભરેલા સંસારમાં
શરણ એક ભાગવતી પ્રવ્રજ્યા છે.
પ્રવ્રજિત થયેલા શ્રમણ, દાન્ત,
જિતેન્દ્રિયને મુનિને ક્યાંઈ ય ભય રહેતો નથી.

ચિત્તશુદ્ધિનું પરમ સાધન તપ, સંયમ તથા અહિંસા છે.
અહિંસાથી શુભાશ્રવ, સંયમથી સંવર, તપથી નિર્જરા છે.

અહિંસા - સંયમ - તપના મૂળમાં આત્મૌપમ્યભાવ અને પરમાત્મતુલ્ય આત્મભાવ કામ કરે છે, એટલે ચિત્તશુદ્ધિનું ફળ વ્યવહારથી પરતુલ્ય આત્મભાવ અને નિશ્ચયથી પરમાત્મતુલ્ય આત્મભાવ છે, તેને સક્રિય રીતે જીવનમાં ઉતારવાનાં સાધન અહિંસા, સંયમ અને તપ છે. ચારે બાજુ ભયથી ઘેરાયેલા મનુષ્યો આસક્તિ છોડીને ભાગ્યે જ ધર્માભિમુખ થવાનો પ્રયત્ન કરે છે, તેને માટે આપત્તિ પણ એક શરણ છે, કેમકે આપત્તિ જ તેને આસક્તિમાંથી છોડાવી ધર્માભિમુખ કરે છે. ધ્યાનમગ્ન મુનિને ઈચ્છિત વસ્તુ અને સ્વર્ગાપવર્ગ પણ દૂર નથી. દ્રવ્યથી દીક્ષિત પણ ભાવથી અશુભ ધ્યાન ધરે, તો તેને

શુક્લધ્યાનમાં ચઢાવવાનું સામર્થ્ય દ્રવ્યદીક્ષામાં પણ છે.
આર્ત - રૌદ્રધ્યાનમાં રહેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિને
ધર્મધ્યાન - શુક્લધ્યાનમાં ચઢવાનું આલંબન આપનાર
તેમની પ્રવ્રજ્યાનો વેષ હતો.

સામાયિકની દ્રવ્યક્રિયા પણ જીવને અશુભમાંથી શુભમાં
અને શુભમાંથી શુદ્ધ પ્રવેશ કરાવે

ઉપવાસાદિ આત્માના મહાન ગુણોનો લાભ કરાવે છે.

પરપીડાનો અધ્યવસાય દુષ્ટ એવા રૌદ્રધ્યાનનું કારણ છે,
સ્વપીડાને નિવારવાનો અધ્યવસાય આર્તધ્યાનનું કારણ છે,
પરપીડા નિવારવાનો અધ્યવસાય ધર્મધ્યાનનું કારણ છે
અને આત્માને જન્મ - જરા - મરણની પીડાથી
સર્વથા મુક્ત કરવાનો અધ્યવસાય શુક્લ એ માટે
આત્મસ્થ રહેવાનો પરિણામ સર્વ પ્રકારના કર્મોને નિર્જરી
જ્ઞાનાદિ અનંત ચતુષ્ટયને પ્રાપ્ત કરાવનાર થાય છે.

નિશ્ચયથી શિવ, વ્યવહારે જપ - ધ્યાને એક જ થાય;
કોઈ લહે પણ ધ્યાન વિના જપ લહતાં શિવ નહિ થાય.
માટે ઓળખ, ઓળખનારને ધ્યાને ક્ષણમાં જપ શિવ થાય.

'નહિ થાતું નહિ જાતું, હું માં હું સમાયો છું, અખંડ આ
સ્થિર જ્યોતિમાં નહિ થાતું - નહિ જાતું.' - પંડિત લાલન

'અહં' અને 'મમ' એ મોહરાજના મંત્ર છે.
તેના પ્રતિપક્ષી મંત્ર 'સોऽહં' અને 'ન મમ।' છે.

પુદ્ગલ માત્ર પ્રત્યે
'અહં' અને 'મમ'ની બુદ્ધિ તે અવિદ્યા વિલસિત છે.
પુદ્ગલથી ભિન્ન આત્મામાં 'અહં' બુદ્ધિ અને આત્માના
જ્ઞાનાદિ ગુણોમાં 'મમ' બુદ્ધિ એ વિદ્યા છે, વિવેક છે,
મોહનો પ્રતિપક્ષી મંત્ર છે.

મોહરાજનું શસ્ત્ર 'મમ' બુદ્ધિ છે, જ્યારે
ધર્મરાજનું શસ્ત્ર 'શમ' પરિણામ છે.

'મમ'માંથી 'શમ'માં જવાનું સાધન 'નમ' છે, તે રૂપથી
'નમો' એ મહામંત્ર છે, એ ધર્મરાજનો મંત્ર છે.

'નમો'નો તાત્પર્યાર્થ
'નાऽહં' 'ન મમ।' તથા 'સોऽહં' 'સ મમ।' છે.

પુદ્ગલ પ્રત્યે વિરાગ અને આત્મા પ્રત્યે
અનુરાગનું પ્રતીક 'નમો' મંત્ર છે.
જેના ચિત્તમાં નમસ્કાર વસે છે,
તેનું ભવભ્રમણ પરિમિત બને છે.

'નમો'માં વિવેક છે, વૈરાગ્ય છે. વિવેકથી તૃષ્ણાક્ષય,
વૈરાગ્યથી તપ, ત્યાગ, તિતિક્ષા, ઇંદ્રિયનિગ્રહ સુલભ બને.

'નમો' વડે તત્ત્વરુચિ જાગૃત થાય છે તથા સદ્ગુરુનો યોગ થાય છે. તેમના મુખે શ્રવણ કરવાથી આત્મા અને તેની મુક્તિ પ્રત્યે અનુરાગ જાગે છે. મોક્ષ અને તેના ઉપાયોનું શ્રવણ - મનન કરવાનો ઉત્સાહ જાગે છે, તેથી આત્મતત્ત્વમાં 'અહં' બુદ્ધિ સ્થિર થાય છે અને આત્માના ધ્યાનમાં પ્રગતિ થવા વડે આત્મસાક્ષાત્કારની ભૂમિકા સર્જાય છે.

આ બધો નમસ્કાર મંત્રનો પ્રભાવ છે, તેથી તેને સર્વશિરોમણિભૂત મંત્ર માનેલો છે. નમો વડે મમતા જાય અને સમતા આવે છે. બુદ્ધિરૂપી ત્રાજવાને આત્મા રૂપી પલ્લામાં નમાવવાની ક્રિયા તે 'નમો' છે. 'નમસ્કાર મંત્ર વડે સર્વ પાપનો નાશ થાય' તેનો અર્થ અનર્થકારી એવા પુદ્ગલની મમતાનો નાશ થાય છે.

મમતા એજ સર્વ પાપોની માતા છે અને સમતા એ સર્વ સુકૃત રૂપી મંગલની જનેતા છે. કહ્યું છે:

જીયાત્પુણ્યાંગજનની પાલની શોધની ચ મે ।
હંસ - વિશ્રામ - કમલશ્રી : સદેષ્ટ - નમસ્કૃતિઃ ॥૧॥

સુકૃતશરીરને ઉત્પન્ન કરી તેનું પાલન, શોધન, વર્ધન કરી આત્મહંસમાં વિશ્રાંતિ કરાવનાર સરલ સાધન તે ઇષ્ટની નમસ્કૃતિ જ છે.

most Important

## શ્રી નમસ્કાર મહામંત્ર - પરમ આલંબન

'ઇષ્ટ' એટલે ઇચ્છાનો વિષય અને
તેની પૂર્તિ કરાવનાર પંચ પરમેષ્ઠિ છે.

મુમુક્ષુઆત્માની ઇચ્છાનો વિષય આત્મમુક્તિ હોય છે, તેની પૂર્તિ કરાવવાનું સામર્થ્ય સ્વયં મોક્ષે મુક્તિ મેળવીને એ મુક્તિ મેળવવાનો માર્ગ દર્શાવ્યો છે, તેમને તથા તે માર્ગે ચાલનાર સર્વ મુમુક્ષુ પુરુષોનું આલંબન છે. એ આલંબન શ્રી નમસ્કાર મહામંત્ર પૂરું પાડે છે, તેથી તેને ત્રિકરણ યોગે સમર્પણ કરવું - સમર્પિત થઈ જવું, એ જ એક વિવેકી એવા માનવજન્મનું પરમ ફળ છે.

જેને નમસ્કાર મંત્ર મળ્યો છે, તેને
મોક્ષ, મોક્ષમાર્ગ, બોધિ, સમાધિ અને સિદ્ધિ હથેળીમાં છે.
સંસારમાં પણ તે જીવ સદ્‌ગતિની પરંપરા વડે
ઉત્તરોત્તર પરમ ઉન્નતિ સાધે છે.

## સાચું સાધુ જીવન

કંચન = સંગ્રહશીલતા, કામિની = વિલાસપ્રિયતા અને કીર્તિ = નામનાની આસક્તિ - એ ત્રણ ઉપર જે પ્રભુત્વ મેળવે, તે જ સાચું સાધુ જીવન જીવી શકે તથા પોતાનો અને બીજાનો ઉદ્ધાર કે વિકાસ સાધી શકે.

'ગૃહસ્થ પાસે કોડી ન હોય, તો ગૃહસ્થ કોડીનો અને
સાધુ પાસે કોડી હોય, તો સાધુ કોડીનો.'
એ લોકોક્તિ આ વાતની સાક્ષી પૂરે છે.

જેમ પવન - પાણી - પ્રકાશ ઉપર કોઈનો ઈજારો નથી,
તેમ વિચાર, વચન અને વર્તન ઉપર પણ
કોઈનો ઈજારો હોઈ શકે નહિ.

જેમ પીળું એટલું સોનું - ઉજળું એટલું દૂધ ન હોઈ શકે, તેમ સદ્વિચાર, સદ્વચન અને સદ્વર્તન વિનાનું જીવન એ જીવન ન હોઈ શકે. ઘર અને શરીરને રોજ સાફ કરવાની જરૂર હોય છે, તેમ આત્મા અને મનને ય રોજરોજ શુદ્ધ કરવાનો પ્રયત્ન આવશ્યક છે.

શ્રી શાંતિજિન સ્તવન, ઢાળ - ૫, ગાથા ૧-૨

પન્નર ભેદ જે સિદ્ધના રે, ભાવલિંગ તિહાં એક;
દ્રવ્યલિંગ ભજના કહી, શિવસાધન સમતા છેક રે...
તેહમાં છે સબળ વિવેક રે, તિહાં લાગી મુજ મન ટેક રે
ભાખ્યા છે અવર અનેક રે, જિનવાણી ગુણની ગોઠડી રે મેરે લાલ.

ષટ્દર્શનમાં સાર એક સમતા છે તથા મોક્ષનું એકનું એક સાધન પણ તે છે. સમતાને 'યોગનાલિકા' કે 'મધ્યમાર્ગ' પણ કહે છે. એને ઉદાસીનતા શેરી તરીકે વખાણી છે.

## સમતા સાથે ગોઠડી

દેખિયે માર્ગ શિવનગરનો, જેહ ઉદાસીન પરિણામ રે,
તેહ અણછોડતાં ચાલીયે, પામીયે જેમ પરમધામ રે...
- પંડિત રાજ સજ્જનસાળીએ.

નિશ્ચય-વ્યવહાર ઉભયનય સમતાને મોક્ષમાર્ગ માને છે.
વ્યવહારનયની સર્વ ક્રિયા એક સમતાને સાધવા જ છે.
માર્ગાનુસારિણી ક્રિયા વડે જ સમતા સધાય છે.
ક્રિયાના ઘણા પ્રકાર કર્મરોગના પ્રતિકાર છે.
રોગ ઘણાં છે, માટે ઔષધ પણ ઘણાં જ જોઈએ.
જિનેશ્વરરૂપી વૈદે કર્મરોગના ઔષધ તરીકે
અનેક પ્રકારની સામાચારી રૂપી ઔષધ બતાવ્યાં છે.
ચારિત્રધર્મ રૂપી રાજાની કન્યા તરીકે સમતાને કહી છે.
સમતાથી મમતા નાશ પામે છે.

## પ્રભુ શેનાથી મળે ?

પ્રભુને પામવા હોય, મનની શાંતિને મેળવવી હોય,
તો ધર્મ આચરો, સારી કરણી કરો, શીલ-સંયમનું વ્રત લો.
પ્રભુનામના સતત સ્મરણથી જ પ્રભુ મળે.
તે માટે ધીરતા અને ધીરજ કેળવો.
પ્રેમ અને સાચી કરણીથી જ સુરતા ઘરે આવે છે.

જ્યારે જીવન પરહિત માટે જીવાય છે,
ત્યારે જ મનને અને હૃદયને શાંતિ મળે છે તથા
મનની શાંતિ જ સાચો રસ્તો બતાવે છે.
મનને કાબુમાં લેવું કઠિન છે, માટે જ
સત્સંગનો સાથ અને માનવધર્મને આવકારો.

માગસર વદી ૮, શુક્રવાર

ઉપવાસ = આત્મસમીપે વાસ કરવો, વસવું.
ઉપાસના = આત્મસમીપે બેસવું, સ્થિર થવું.

ઉપવાસ વિનાની ઉપાસના શુષ્ક છે અને ઉપાસના વિનાનો ઉપવાસ નીરસ છે, બંને પરસ્પર પૂરક છે. આહારનો ત્યાગ એ જેમ ઉપવાસ છે, તેમ કાયાની ચેષ્ટાઓ, વચનના વ્યાપારો અને મનના વિકલ્પોનો ત્યાગ પણ ઉત્તરોત્તર ચઢીયાતા ઉપવાસ છે. મન, વચન, કાયાના યોગોની પુદ્ગલને વિષે અપ્રવૃત્તિ તે ઉપવાસનું તત્ત્વ છે, રહસ્ય છે. આત્માની નજીક જઈને તેમાં સ્થિર થવા માટે જ અનાત્મ પદાર્થોનો સંબંધ છૂટવો જોઈએ. અનાત્મ પદાર્થોનો એ સંબંધ જેટલે અંશે છૂટે છે, તેટલે અંશે બાહ્ય - અંતર તપ થાય છે. તપ અને ઉપવાસ અહીં પર્યાય શબ્દો બની જાય છે.

'ઉપવાસ' શબ્દથી કેવળ આહારત્યાગ જ લેવાનો નથી,
કિન્તુ પૌદ્ગલિક ભાવ માત્રનો ત્યાગ સમજવાનો છે.
ઉપવાસ અને ઉપાસનાના સંબંધનો જેને ખ્યાલ છે,
તે જ તે કાર્ય કરી શકે છે.

એકલી ઉપાસના કે એકલો ઉપવાસ - એ
સ્વધ્યેયને સિદ્ધ કરવાને માટે અસમર્થ છે.
ઉપવાસ અને ઉપાસના બંને જ્યારે મળે છે, ત્યારે
આત્મપ્રાપ્તિ, પ્રભુપ્રાપ્તિ, મોક્ષપ્રાપ્તિ અને
સંસારના સર્વ પાપ - તાપથી નિવૃત્તિ શક્ય બને છે.

આત્માના સાચા માતા - પિતા કોણ ?

નમસ્કાર એ માતા છે, માટે
તેના ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ જોઈએ.
પરમેષ્ઠિ ભગવંતો એ પિતા છે, માટે
તેમના ઉપર ભક્તિ અને બહુમાન જોઈએ.
શ્રદ્ધા અને વિશ્વાસ એ માતાના સ્થાને છે,
ભક્તિ અને બહુમાન એ પિતાના સ્થાને છે.
માતા સાક્ષાત્ ઉપકારક છે, પિતા પરંપરાએ ઉપકારક છે.
અર્થાત્ માતાને ઉપકાર કરવા દ્વારા પિતા પોતાના
પુત્રને ઉપકાર કરવામાં નિમિત્ત થાય છે.

## ન માંગો છતાં આવે...

જ્ઞાનની પાસે માંગવાથી મળે, એ પ્રથમ પગથિયું છે.
શોધવાથી મળે, એ બીજું પગથિયું છે અને
ખખડાવાથી મળે, એ ત્રીજું પગથિયું છે.
નવકારમાં માંગવાનું નથી,
શોધવાનું પણ નથી, માટે તેમાં માત્ર ખખડાવાનું છે.
માંગો અને મળે, તેમાં માંગનારની માંગણીમાં અધુરાપણું,
અજ્ઞાન, અહંકાર અને ગેરસમજ પણ રહેલા છે.
Ask and recieve. Seek and find.
Knock and be opened (give and gain).
શોધનારને મળે, તેમાં જે જેટલું શોધે છે, તેટલું જ મળે
છે અથવા ન મેળવવા જેવું માંગીને - ન શોધવા જેવું
શોધીને મેળવવા જેવાને પણ ગુમાવતાં હોઈએ છીએ.
નમનાર માંગતો નથી, નમનાર શોધતો પણ નથી,
નમનાર તો માત્ર ખખડાવે છે અને તેને
ન ચિન્તવેલું, ન ઈચ્છેલું પણ સહેજે આવીને મળે છે.
ક્યારેય કાંઈ ન માંગો અને સર્વસ્વ મળશે.
સર્વસ્વ આપવાથી સર્વસ્વ મળે છે.
નમસ્કારમાં મન - વચન - કાયા, એમ ત્રણેનું દાન છે.

મન-વચન-કાયા વડે થતું સર્વશ્રેષ્ઠ સન્માનનું દાન છે.
તે ત્રણે ઉપર પોતાની માલિકીનું વિસર્જન છે.
નમસ્કારની ક્રિયા વડે પોતાના 'અહં'ની ઉપર
મન-વચન-કાયા, તે ત્રણેની માલિકી મટી જાય તથા
જેને નમન કરવામાં આવે છે, તે 'અર્હં'ની બને છે.
વળી 'આનો માલિક હું નહિ, પરન્તુ તે છે,
અહં સહિત જીવાત્મા નહિ પણ
'અર્હં' સહિત પરમાત્મા છે' તેનો સ્વીકાર થાય છે.
હું = દેહભાવ તથા તે = આત્મભાવ.
નમસ્કારમાં અહંભાવ - દેહભાવ - અનાત્મભાવને
છોડવાના છે અને ઉપાસવાના છે...
નમોભાવને, અંતરાત્મભાવને અને પરમાત્મભાવને.
દેહાત્મભાવ હેય છે અને પરમાત્મભાવ ઉપાદેય છે
અને તે માટે અંતરાત્મભાવમાં આવવાનું છે,
તેનું સાધન 'નમો' ભાવ છે.
નમસ્કાર એ સર્વશ્રેષ્ઠ પ્રાર્થના છે, સર્વશ્રેષ્ઠ પ્રત્યે
પ્રાર્થના છે તથા સર્વશ્રેષ્ઠ થવા માટેની પ્રાર્થના છે.
'નમો' એ ગુણરાગનું પ્રતીક છે અને
ગુણનો રાગ એ અંતરાત્મભાવને લાવનાર છે તથા

ગુણનો દ્વેષ એ અંતરાત્મભાવમાં અંતરાય છે અને
બહિરાત્મભાવનું પ્રતીક છે.

કૃતજ્ઞતા એ બહિરાત્મભાવથી છોડાવનાર છે,
પરોપકાર એ અંતરાત્મભાવને લાવનાર છે.
પ્રભુ પ્રત્યે પ્રેમ જગાડવાનું સાધન કૃતજ્ઞતા ગુણ છે
અને વિશ્વ પ્રત્યે પ્રેમ જગાડવાનું સાધન એ
પરોપકાર ગુણ છે - પરોપકાર સ્વભાવ છે.

## સર્વ જીવને મૃત્યુનો ભય

મોટા દેવોને પણ કાળની ભીતિ છે.
જેને કાળની ભીતિ છે, તેને શાંતિ ક્યાંથી હોય ?
પરમાત્મા સાથે પ્રીતિ કરે, તેને કાળની ભીતિ મટે.
કાળ તો પરમાત્માનો સેવક છે.
મરવું તો પડવાનું જ છે, માટે
રોજ થોડી થોડી મરવાની તૈયારી કરવી.
એવા ભાવના કરો કે : જે પ્રભુએ જન્મ સુધાર્યો છે,
તે પરમાત્મા મારું મરણ પણ સુધારશે.
કાળની ભીતિ વડે જ પ્રભુના ચરણોમાં પ્રીતિ થાય છે.
વાસના મરણને બગાડે છે. મોટે ભાગે જીવ વાસનામાં
રહીને જ શરીર છોડે છે, તેથી તેનો ઉદ્ધાર થતો નથી.

आकोली, जील्ला - जालोर (राजस्थान)

सं. २०२८, फाल्गुन कृष्णा द्वितीया, ता: १६-३-१९६८

## વિભાવમાંથી સ્વભાવમાં આવવા શું કરવું?

વિભાવમાંથી સ્વભાવમાં આવવા માટેનો ઉપાય
અભ્યાસ અને વૈરાગ્ય છે.

અભ્યાસ મૈત્ર્યાદિનો - વૈરાગ્ય પરપૌદ્ગલિક પદાર્થોનો.
વિભાવમાંથી સ્વભાવમાં આવ્યા પછી અભેદ તથા ભેદ
- બંને પ્રકારની ઉપાસના એ ભાવથી કરવામાં આવે,
તો પરમાત્મતત્ત્વ હાજરાહજુર છે.

મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ એ ક્રોધાદિ કષાયો પ્રત્યેના વૈરાગ્યને પુષ્ટ કરે છે અને પૌદ્ગલિક પદાર્થો પ્રત્યેનો વૈરાગ્ય એ બાહ્ય વિષયોની તૃષ્ણાનો છેદ કરે છે. વિષયોની વિરસતાના ચિન્તનમાંથી ત્યાગ જન્મે છે અને કષાયોની કટુતાના ચિન્તનમાંથી વૈરાગ્ય જન્મે છે. ત્યાગ વડે વૈરાગ્યની પુષ્ટિ થાય છે અને વૈરાગ્ય વડે મૈત્ર્યાદિ ભાવોની પુષ્ટિ થાય છે. મૈત્ર્યાદિ ભાવો વડે પરભાવ રમણતા ટળે છે અને સ્વભાવરમણતા પ્રકટે છે, જે અંતે અભેદ ઉપાસનામાં પરિણામ પામે છે. અભ્યાસ અને વૈરાગ્ય એ ભેદોપાસના સ્વરૂપ છે અને સ્વભાવરમણતા એ અભેદોપાસના સ્વરૂપ છે.

ફાગણ વદ-૧૧, ગુરુ, તા : ૨૯-૩-૧૯૯૮, ગઢસીવાણા

## થોડી વિચારકણિકાઓ

(૧) પ્રથમ ગુણસ્થાનકથી માંડી ચતુર્દશ ગુણસ્થાનક સુધી એક ગુણ અનુસ્યૂત છે, તે છે ન્યાયબુદ્ધિ.

પ્રથમ ગુણસ્થાનકે તે 'માતૃવત્પરદારેષુ'થી શરૂ થાય છે. ચતુર્થ ગુણસ્થાનકે 'ખંતો દંતો સંતો' શબ્દથી તે સંબોધાય છે. છઠ્ઠે ગુણસ્થાનકે તે અહિંસા, સંયમ, તપ ઇત્યાદિ છે અને તેની ઉપરના ગુણસ્થાનકે સમતારૂપ ગણાય છે. શત્રુ - મિત્ર, માન - અપમાન, પૂજક - નિંદક, ભવ - મોક્ષ ઉપર સમાન ભાવરૂપે ન્યાયબુદ્ધિ અભિવ્યક્ત થાય છે.

સર્વ દર્શનના માર્ગાનુસારી બુદ્ધિવાળા સર્વ મહાપુરુષો તે બાબતમાં એકમત જ છે, જેમ કે:

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरेऽपि
न्याय्यात् पथः प्रविचलन्ति पदं न धीराः ॥

આ ન્યાયબુદ્ધિમાંથી જ સ્યાદ્વાદની ઉત્પત્તિ છે અને સ્યાદ્વાદના આધારે જ અહિંસા, સંયમ, તપધર્મ તથા તે ગુણોને ધારણ કરનારા મહાપુરુષોની પૂજાની ઉત્પત્તિ છે.

આ નમસ્કાર મહામંત્ર અને આ સિદ્ધચક્ર યંત્રની
ઉત્પત્તિ પણ સ્યાદ્વાદ ન્યાયનું પરિણામ છે.
આત્મૌપમ્ય બુદ્ધિ આ બધાનું મૂળ છે.

(૨) 'સમાપત્તિ' એટલે ધ્યાનની સ્પર્શના,
ધ્યાન સમયે થતી ધ્યાતા-ધ્યેય અને ધ્યાનની એકતા.
આજ્ઞાપાલન રૂપ શરણાગતિથી ભવ-શિવ સૌખ્ય સધાય.
સમાપત્તિ આત્મસમર્પણરૂપ છે.
અંતરાત્મભાવમાં રહી પરમાત્મભાવનું પુનઃપુનઃ ભાવન,
તેને 'સમાપત્તિ' કહી છે.

(3) કર્મનો નિયમ કાર્ય-કારણભાવને સૂચવે છે.
જેમ કે પાપથી દુઃખ અને ધર્મથી સુખ.
ધર્મનો નિયમ પાપની ગર્હા અને ધર્મની અનુમોદનાપૂર્વક
પાપનો ત્યાગ તથા ધર્મનું સેવન શીખવે છે અને
અધ્યાત્મનો નિયમ સમાપત્તિ શીખવે છે. તે નિયમને
અનુસરવાથી શુક્લધ્યાનનું ભાજન બને છે.
આજ્ઞાપાલનના અધ્યવસાયપૂર્વક થતી ધર્મકરણી એ
પરમાત્મ સમાપત્તિનું કારણ બને છે.
કર્મના નિયમનું જ્ઞાન આર્ત-રૌદ્રધ્યાનનો ત્યાગ કરાવે છે,
ધર્મના નિયમનું પાલન શુક્લ-ધર્મધ્યાનનું કારણ બને છે.

દમિનો, રમિનો, શમિનો, ક્ષમિનો
ભવન્તુ ઇત્યપિ વક્તવ્યમ્ ।

આગમશૈલી આજ્ઞાપાલનના અધ્યવસાયને આગળ કરે છે,
યોગશૈલી પ્રણિધાનાદિ પાંચ આશયોનું મહત્ત્વ બતાવે છે.

## (૪) 'ૐ નમઃ સિદ્ધં ।' મંત્રનું માહાત્મ્ય

સમગ્ર વિશ્વ પર અષ્ટકર્મ જીતનારાઓનું શાસન ચાલે છે,
તે સત્ય સૂચવનાર મંત્ર 'ૐ નમઃ સિદ્ધં ।' છે.
સિદ્ધોને નમીને તીર્થંકરો દીક્ષા લે છે અને
તેઓ તીર્થને નમીને દેશના આપે છે.
સિદ્ધ એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે અને
તીર્થ એ શુદ્ધ (સિદ્ધ) સ્વરૂપને પામવાનો માર્ગ છે.
વ્યવહારનય તીર્થનું બહુમાન કરે છે અને
નિશ્ચયનય તત્ત્વને ઉપદેશે છે.

તીર્થને નમસ્કાર કરવાથી માર્ગની રક્ષા તથા સિદ્ધને નમસ્કારથી તત્ત્વનું પ્રણિધાન થાય છે. એ તત્ત્વના પ્રણિધાનપૂર્વક થતું તીર્થનું આરાધન મોક્ષમાર્ગ બને છે.

તીર્થને નમસ્કાર એ માર્ગનું બહુમાન છે,
સિદ્ધને નમસ્કાર એ તત્ત્વનું બહુમાન છે.
તીર્થંકરો તીર્થને અને સિદ્ધને - ઉભયને નમે છે.

(૫) દુષ્કૃતગર્હાથી અસત્ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ કેળવાય છે,
સુકૃતાનુમોદનાથી ગુણ પ્રત્યે દર્શનવૃત્તિ કેળવાય છે
અને શરણાગમન વડે નમ્રતા કેળવવાથી
શૂન્યતા - પૂર્ણતા તરફ જવાની વૃત્તિ કેળવાય છે.
શૂન્યતા - પૂર્ણતા તે નિર્વિકલ્પતાનું બીજું નામ છે.

(૬) મંત્રાક્ષરોના આંદોલનો

વિચાર કરતાં શબ્દ તથા શબ્દ કરતાં વસ્તુ સ્થૂલ છે.
તે ત્રણેયનું ઉપાદાન ભૌતિક - જડ વસ્તુ છે.
નિમિત્તકારણ રૂપ જ્ઞાનથી ચૈતન્યમય હોવાથી સર્વથી
સૂક્ષ્મ છે, તેથી જ્ઞાન કોઈ બાહ્યપ્રમાણથી ગમ્ય નથી,
માત્ર સ્વસંવેદન પ્રમાણથી અનુભવગમ્ય છે.
શ્રૌં એ શક્તિજ્ઞાન છે.
તેનું ઉચ્ચારણ - ધ્યાન નાભિચક્રમાં સતત કરતાં રહેવાથી
પ્રતિમંડળના આંદોલનો ઉપર સ્વામિત્વ પ્રાપ્ત થાય છે.
વિચારો અને મંત્રાક્ષરોના આંદોલનો
મણિપુર ચક્રમાં સ્થિર થવાથી ઈચ્છેલાં બધા પદાર્થો
પ્રતિમંડળમાંથી ખેંચાઈ આવે છે, કેમકે
વિચાર એ શબ્દ કે વસ્તુમાત્રનું સૂક્ષ્મરૂપ છે અને
તેનાથી પણ સૂક્ષ્મ ચૈતન્યશક્તિનું જ્ઞાન શ્રૌં મંત્ર છે.

(૭) મન લોભી મન લાલચી, મન ચંચલ મન ચોર;
મન કે મત નહિ ચાલીએ, પલ પલ મેં મન ચોર... (૨)

મનને વ્રત - પચ્ચક્ખાણાદિ દ્વારા

નિયમમાં રાખવામાં જ મનુષ્યનું હિત રહેલું છે. મનને નિયમમાં રાખવાથી સમતા - સંતોષનું સુખ મળે છે અને તે ઉપરાંત યોગસાધનામાં પણ સફળતા મળે છે.

(૮) 'જ્ઞાનની સ્થિતિમાં આપણે હોઈએ તો તેમ જ કરીએ' એ વિચાર ઘણો મહત્ત્વનો છે, તે psychological approach કહેવાય છે. સહજ આત્મોપલંભ એ સમાધિ મેળવવાનો તથા ટકાવવાનો સર્વોત્તમ માર્ગ છે.

(૯) 'વિશ્વમાં બધું વ્યવસ્થિત ચાલે છે.'

એ ભાન આપણી બધી જ ફરિયાદો લૂંસી નાંખે છે. વિશ્વયોજનામાં વ્યક્તિની ઈચ્છાઓનું કશું જ મહત્ત્વ નથી. મહત્ત્વ છે તેની પાછળ રહેલ મંગલ હેતુનું અને જે હેતુ છે પ્રત્યેકને શુદ્ધ અને પૂર્ણ બનાવવાનો. તેથી જીવન તેના નૈસર્ગિક વહેણમાં જે કાંઈ લાવે, તેનો શાંત સ્વીકાર કરી સર્વવ્યાપક મંગલમયતાનું બહુમાન કરવું એ કર્તવ્ય છે. પરિસ્થિતિનો સામનો ન કરતાં તેનો સ્વીકાર કરતાં શીખવું, એ કલ્યાણનો માર્ગ છે.

જે અતિચાર છે, તેને સત્કાર આપવો કે પડકાર કરવો, એ આપણા હાથની વાત છે, પરંતુ સત્કારને બદલે પડકાર કરીને બ્રહ્મધારાને વ્યર્થ વહી જવા દેવા, તે નિસર્ગના મહાશાસનનો એક પ્રકારનો અપરાધ - દ્રોહ છે.

## કુદરતનું ગણિત કેવું છે?

કુદરતના ગણિતનું અનુમાન કરવાથી સંવાદિતાનું સંગીત પ્રકટે છે. કુદરત કે પ્રકૃતિનું ગણિત નીચે મુજબ છે: આપણે બાદબાકીમાંથી સરવાળામાં જવું જોઈએ અને

સરવાળામાંથી ગુણાકારમાં જવું જોઈએ.

વિરોધ તે બાદબાકી છે અને સત્કાર તે સરવાળો છે. પરોપકાર એ કરુણા અને પ્રમોદ તે ગુણાકાર છે.

અને માધ્યસ્થ્ય તે વર્ગીકરણ છે.

(૨૦)ધર્મ પોતાના સુખ-દુઃખને ગૌણ અને બીજાનાં સુખ-દુઃખને મુખ્ય ગણવાનું કહે છે. આપણું દુઃખ બીજું કશું જ નહિ પણ કોઈકના ક્યારેક લીધેલા નિસાસા છે. આપણું સુખ બીજું કશું જ નહિ પણ કોઈકના ક્યારેક લીધેલા આશીર્વાદ છે. કોઈકના આશીર્વાદ મળે, તેવું રોજ કરીએ તો ધર્મની સૂક્ષ્મ ભક્તિના રહસ્યો પ્રગટ થાય અને જીવનના મહાસામ્રાજ્યમાં જવાનો પરવાનો મળે.

(૧૧) ચાર ભાવના થકી સમન્વયભાવ

સર્વ જીવો પ્રત્યે ઉત્કૃષ્ટ મૈત્રીથી અપાયાપગમાતિશય પ્રગટે છે. સર્વ પ્રત્યે હિતચિંતાનો ભાવ પ્રકૃષ્ટ બનવાથી બીજા તરફથી કોઈ અપાયો આવતા નથી. પ્રમોદભાવથી પૂજાતિશય પ્રગટે છે. પૂજકતા જ પૂજ્યતાનું કારણ છે. કરુણાભાવથી વચનાતિશય અને માધ્યસ્થ્યભાવથી જ્ઞાનાતિશય પ્રગટે છે. માધ્યસ્થ્યભાવમાં મુખ્ય કામ જ્ઞાનદશા કરે છે, તેનાથી જ સમન્વયભાવ આવે છે.

(૧૨) ગુરુભક્તિમાં જેમ પાપ નથી તેમ દેવભક્તિ માટે મંદિરાદિ બંધાવવામાં અને પૂજાદિ કરવામાં પાપ નથી, ભક્તિ છે, તે લોકમાં સૌથી વધુ કિંમતી ઝવેરાત છે. સૂક્ષ્મ દૃષ્ટિએ ઝવેરાત કરતાં પણ અન્ન-જળ-વાયુ વધુ કિંમતી છે, કેમકે તે વિના જીવન અશક્ય છે. લોકોત્તર દૃષ્ટિએ પવન કરતાં પણ મન કિંમતી છે અને તેની રક્ષા મંત્રથી થાય છે, તેથી મંત્ર એ સૌથી અધિક મૂલ્યવાન હોવાથી સૌથી અધિક આદરપાત્ર છે. મંત્રસ્મરણ વખતે હીરાના હાર અથવા મોતીની માળાને પરોવવા કરતાં પણ વધુ આદરવાળા બનવું જોઈએ, તેથી પુણ્યના થોક બંધાય અને પાપના ઢગલા નાશ પામે છે.

અશુભ મનને શુભમાં પલટાવવાનું અને
શુભ મનને શુદ્ધમાં પહોંચાડવાનું
કાર્ય સરળપણે એક મંત્ર વડે જ થઈ શકે છે.

(૯૩) જ્ઞાનીને સારી ક્રિયા કરવા પૂર્વે પણ લાભ હોય,
અજ્ઞાનીને તે ક્રિયા કર્યા પછીથી શુભભાવ આવે છે,
માટે સત્ક્રિયા જ્ઞાની - અજ્ઞાની ઉભયને ઉપકારક છે.

'આચારઃ પ્રથમો ધર્મઃ ।'

પ્રથમ આચાર અને પછી ભાવ - એ ક્રમ છે.
ક્રિયાથી ભાવ ન હોય તો નવો આવે છે,
હોય તો વધે છે, આવેલો ભાવ પડતો નથી અને
ક્રિયાના બળથી તે સદા ચઢતો રહે છે.

ક્રિયા એ દૂધ છે અને ભાવ એ સાકર છે. ક્રિયારૂપ
દૂધમાં ભાવરૂપી સાકર ભળવાથી ક્રિયાની મધુરતા વધે છે.

(૯૪) પ્રભુતા કી સબ કોઉ ચહે, પ્રભુ કો ચહે ન કોય,
જો પ્રભુ કી પ્રીતે ચહે, આપ હી પ્રભુતા હોય. ...(૧)

લઘુતા - નમ્રતા - સરળતામાં સાચી પ્રભુતા રહેલી છે.
પ્રભુભક્તિથી જ તે નમ્રતા આવે, તેમાં જ પ્રભુતા
છૂપાયેલી છે. પૂજકતામાં પૂજ્યતા છુપાયેલી છે, જેટલા
પૂજ્ય છે તે સાચા પૂજક બનીને જ પૂજ્ય થયેલા છે.

(૯૫)પોતાના દોષોનું જ્ઞાન કરાવે, તે જ સાચું જ્ઞાન,
તેથી રાગદોષ નાશ પામે છે.
બીજાના ગુણોનું જે દર્શન કરાવે, તે સાચું દર્શન છે,
તેથી દ્વેષદોષનો નાશ થાય છે.
સ્વરૂપમાં જે રમણતા કરાવે, તે સાચું ચારિત્ર છે,
તેથી મોહદોષનો નાશ થાય છે.
જ્ઞાનનું ફળ સ્વદોષદર્શન - દર્શનનું ફળ પરગુણદર્શન
તથા ચારિત્રનું ફળ એ સ્વસ્વરૂપરમણ છે.
દુષ્કૃતની ગર્હા કરાવે તે જ્ઞાન છે, સુકૃતની અનુમોદના
કરાવે તે દર્શન છે, સ્વરૂપરમણતા કરાવે તે ચારિત્ર છે.
રાગ, દ્વેષ અને મોહનો નિગ્રહ કરવા માટે
જ્ઞાન, દર્શન, ચારિત્રની જરૂર છે અને
જ્ઞાન, દર્શન, ચારિત્ર માટે દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના
અને અરિહંતાદિના શરણાગમનની આવશ્યકતા છે.

God power is in all,
whether we call upon it or not.

(૯૬)ચૈતન્યપ્રેમ = મંગળનું મૂળ. જડરાગ = પાપનું મૂળ.
પરમેષ્ઠિ નમસ્કારથી જડનો રાગ જવાથી પાપનાશ થઈ
ચૈતન્યનો પ્રેમ પ્રકટે છે, તેથી મંગળ વધતું જાય છે.

જીવની મૈત્રીથી હિંસાદિ પાપ જાય છે અને
જિનની ભક્તિથી ચૈતન્યનો પ્રેમ વધે છે.
જિનભક્તિનું ફળ પંચમંગલ છે,
જીવમૈત્રીનું ફળ સાવદ્યયોગનાં પચ્ચક્ખાણ છે.
એકને નવકાર - બીજાને સામાયિક નામથી સંબોધાય છે.
નવકાર એ અધ્યાત્મ છે, સામાયિક એ યોગ છે.
એકથી ચિત્તવિશુદ્ધિ સધાય, બીજાથી ચિત્તસ્થિરતા સધાય.
પંચ પરમેષ્ઠિમાં આત્માનું સ્વરૂપ અને આત્મામાં પંચ
પરમેષ્ઠિનું સ્વરૂપ જોવાનો અભ્યાસ નવકારથી સધાય છે.
સામાયિક વડે જીવરાશિમાં પોતાનું સ્વરૂપ અને
પોતામાં જીવરાશિનું સ્વરૂપ જોવાનો અભ્યાસ સધાય છે.
(૯૭) ધર્મની અસંખ્ય આજ્ઞાઓ છે, તેમાં સૌથી મોટી કઈ?
અહિંસા, કરુણા કે પ્રેમની આજ્ઞા.
જીવ પ્રત્યે પ્રેમ ધારણ કરવો, એ હજુ સહેલ છે,
પરંતુ આપણા પ્રત્યે જેઓ
પ્રેમ - કરુણા - અહિંસા ધારણ કરે છે, તેમના પ્રત્યે
ભક્તિ - બહુમાન - આદર ધારણ કરવા એ કઠિન છે.
એકમાં અહંને પોષણ છે, બીજામાં અહંનો ક્ષય છે.
જીવ જીવ વચ્ચે - માણસ માણસ વચ્ચે અનંત અંતર છે.

તે અંતરને તોડવા માટે તથા બંને વચ્ચે અંતર જોડવા પ્રભુ આ દેવ-ગુરુનો પ્રેમ પુલ આ સેતુનું કાર્ય કરે છે.

જીવમાં રહેલ વક્રતા અને જડતાના કારણે મહાવીર-મહાવીરને સીધા રીતે પ્રેમ કરી શકતો નથી, તે માટે માધ્યમની જરૂર પડે છે. ભગવાન અને દેવ-ગુરુના માધ્યમ વડે જીવ જીવ વચ્ચેનું અંતર ભાંગીને સૌને એક પ્રેમની સાંકળથી જોડી શકાય છે, તેથી ભક્તિ એ મુખ્ય છે અને મૈત્રી એ ફળ છે.

(૯૮) સામાયિકના ત્રણ પ્રકાર છે: સામ, સમ અને સમ્મ. દ્રવ્યસામાયિકને આશ્રય કરવાથી સામ-મધુરપરિણામ, પર્યાયસામાયિકને આશ્રય કરવાથી સમ-તુલાપરિણામ અને ગુણસામાયિકને આશ્રય કરવાથી સમ્મ-ખીર-ખાંડયુક્તપરિણામ પામી શકાય છે.

સામ = મૈત્રી, સમ = માધ્યસ્થ્ય,

સમ્મ = કરુણા અને પ્રમોદ.

જીવત્વરૂપ પારિણામિક ભાવના વિચારથી મૈત્રી વધે છે, મતિઆદિ ઔદયિક ભાવના વિચારથી માધ્યસ્થ્ય વિકસે છે અને જ્ઞાનાદિ ક્ષાયોપશમિક ભાવના વિચારથી કરુણા અને પ્રમોદભાવ વિકસે છે.

ગુણસ્થાનકના વિચારથી એકંતાભાસ, પર્યાયસ્થાનકના વિચારથી ઉત્કંતાભાસ અને દ્રવ્યસ્થાનકના વિચારથી સાધકતાનો ભાસ થાય છે, તે નિશ્ચય સામાયિક છે.

(૧૯) નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરી જ, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશે જ, ભવસમુદ્રનો પાર. ...(૧)

નિશ્ચયદૃષ્ટિ = દ્રવ્યાર્થિક દૃષ્ટિ, સામાન્ય ધર્મ પ્રત્યે દૃષ્ટિ.
વ્યવહારદૃષ્ટિ = પર્યાયાર્થિક દૃષ્ટિ, વિશેષ ધર્મ પ્રત્યે નજર.

સમસ્ત વિશેષ ભાવો ઉપર નજર રાખવાથી યથાયોગ્ય વ્યવહાર થાય છે તથા કર્મોપાધિ નિરપેક્ષ આત્મસ્વભાવ તરફ દૃષ્ટિ આપવાથી યથાર્થ તત્ત્વબોધ થાય છે. બંને દૃષ્ટિ મળીને મોક્ષમાર્ગ બને છે. નિશ્ચય દૃષ્ટિથી સમતાભાવરૂપ ભાવસામાયિકની પ્રાપ્તિ થાય છે. વ્યવહારદૃષ્ટિથી વિશુદ્ધ આચરણરૂપ દ્રવ્યચારિત્રનો લાભ થાય છે. નવકારથી નિશ્ચય દૃષ્ટિ પ્રાપ્ત થાય છે, સામાયિકની ક્રિયાથી વ્યવહારદૃષ્ટિનું પાલન થાય છે. નવકાર એ ચિત્તશુદ્ધિ માટેનો આધ્યાત્મિક પ્રયોગ છે, સામાયિક વચન - કાયાશુદ્ધિનો આધ્યાત્મિક યોગ છે.

નવકાર વડે યોગની વિશુદ્ધિ થાય છે,
સામાયિક વડે યોગની સ્થિરતા સધાય છે.

નમસ્કાર સહિત સમાહિત એ દ્રવ્ય-ગુણ-પર્યાયથી
જીવરાશિ સાથે એકતાનું અનુસંધાન કરાવી આપનાર
સમાપત્તિરૂપ ધ્યાન છે, તે સ્થિર થતાં જ તેમાંથી
સમાધિ અને સુગતિ રૂપ ફળો ઉત્પન્ન થાય છે.

(૨૦) નિશ્ચય દૃષ્ટિ એટલે કર્મોપાધિ નિરપેક્ષ દૃષ્ટિ.

વ્યવહાર દૃષ્ટિ એટલે કર્મોપાધિ સાપેક્ષ દૃષ્ટિ.

કર્મોપાધિ નિરપેક્ષ દૃષ્ટિ હૃદયમાં ધારણ કરવાથી જીવ
માત્ર પ્રત્યે તુલ્યતાની સમાપત્તિ થાય છે અને કર્મોપાધિ
સાપેક્ષદૃષ્ટિથી વ્યવહારપાલનમાં શુદ્ધિ જળવાઈ રહે છે.
મૈત્રી, કરુણા, મુદિતા, માધ્યસ્થ્યાદિ શુદ્ધ વ્યવહારના
પાલનથી શુભાનુબંધી પુણ્ય ઉપાર્જન થાય છે અને
કર્મોપાધિ નિરપેક્ષ શુદ્ધ દૃષ્ટિને હૃદયમાં ધારણ કરવાથી
જીવમાત્ર સાથે એકતાનું અનુસંધાન કાયમ રહે છે,
તે નિર્વિકલ્પ સમાધિનું કારણ બનીને
સકલ કર્મના ક્ષયમાં પ્રધાન નિમિત્ત બને છે.

ભવસમુદ્રનો પાર પામવા માટે
વ્યવહાર-નિશ્ચયના બે તુંબડાને સાથે રાખીને ચાલવાથી
જીવ નિર્વિઘ્નપણે ઇષ્ટ સ્થાને અર્થાત્
નિર્વૃત્તિ નગરને વિષે અલ્પકાળમાં જ પહોંચી જાય છે.

(૨૧) નયજ્ઞાન એટલે જીવન જીવવામાં ઉપયોગી જ્ઞાન. જીવન જીવવામાં હેય, જ્ઞેય અને ઉપાદેય તરીકે જે ઉપયોગમાં આવતું હોય, તેને જ નયજ્ઞાન કહી શકાય. આત્મજ્ઞાન વિના આવું નયજ્ઞાન સંભવતું નથી, જેના અંગ રૂપ વિજ્ઞાન પણ ધર્મના અંગરૂપ બની શકે. હેયનું જ્ઞાન અને ઉપાદેયના આદરને 'ધર્મ' કહે છે. માત્ર જ્ઞેયનું જ્ઞાન એ વિજ્ઞાન છે પણ ધર્મ નથી.

(૨૨) કમઠે ધરણેન્દ્રે ચ...

આ સ્તુતિમાં સમગ્ર દ્વાદશાંગી સમાઈ જાય છે. કમઠ એ શત્રુનું અને ધરણેન્દ્ર એ જાણે ભક્તિનું કાર્ય કરતાં હતાં, ત્યારે પ્રભુ તો બંને સ્વ-સ્વ-ઉચિત કાર્ય કરતાં હોવાથી 'કોઈ દોષિત નથી - કોઈ વિશિષ્ટ નથી' એ ભાવનાથી બંને તરફ જોઈ પોતાની સમાધિમાં સ્થિર રહ્યા હતા. દૂધમાં લૂણ નાખવાથી ખારું થાય, એ કાંઈ લૂણનો દોષ નથી પણ તેની પ્રકૃતિ છે. સાકરથી દૂધ મીઠું થાય, એમાં કાંઈ સાકરની વિશેષતા નથી પણ તેની પ્રકૃતિ છે, એમ વિશ્વના સર્વ પદાર્થો અને જીવરાશિ ઉદિત કર્મને અનુસાર ઘડાયેલા પ્રકૃતિને અનુસરે છે, તેમાં કોઈને ગુણ કે દોષ આપવા જેવું નથી.

સૂર્ય તાપ વરસાવે છે અને
ચંદ્ર શીત વરસાવે છે, તેથી આપણે અકળાઈ જતા નથી.
જડ વસ્તુઓ સ્વ-સ્વપ્રકૃતિ અનુસાર કાર્ય કરે છે,
તેથી તેના ઉપર આપણે રતિ-અરતિ કરતા નથી, માત્ર
જીવ પ્રત્યે રાગ-દ્વેષ કરીએ છીએ, તે જીવતત્ત્વ
પ્રત્યે અરુચિ સૂચવે છે - સન્માનની ખામી બતાવે છે.
જીવતત્ત્વને આત્મસમ જોવાથી આસ્રવનો રોધ અને
પાપકર્મના બંધને રોકી શકાય, એમ જૈનશાસન કહે છે.
કહ્યું છે કે: सव्वभूअप्पभूअस्स सम्मं भूयाइं पासओ।
पिहिआसवस्स दंतस्स पावं कम्मं न बंधइ ॥१॥

સમાધિ મેળવવા, ઉપશમ પ્રકટાવવા, શુભાશુભ
ભાવોને પચાવવા માટે જીવતત્ત્વ પ્રત્યે સન્માનનો ભાવ
- આત્મૌપમ્યભાવ એજ એક પરમ સાધન છે.

(23) 'નમો' એ શેનો શેનો મંત્ર છે?

'નમો' એ જ્ઞાન - દર્શન - ચારિત્રનો મંત્ર છે.
દેવ - ગુરુ - ધર્મની ભક્તિનો મંત્ર છે.
મન, વચન અને ઇંદ્રિયને વશ રાખવાનો મંત્ર છે.
રાગ - દ્વેષ અને મોહને જીતવાનો મંત્ર છે.
તે દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદના - શરણાગમનનો મંત્ર છે.

સત્ - ચિત્ - આનંદનો મંત્ર છે.

વૃત્ત ઉદધિ બિંદુ તરફ જવાનો મંત્ર છે. સંસારનો ઉચ્છેદક, કર્મનો ઘાતક અને પાપનો પ્રતિપક્ષી મંત્ર છે. સિદ્ધિનો સાધક, મોક્ષનો જનક, કુવિકલ્પનો ઉત્પાટક છે.

શાસ્ત્રોનો સાર, ચૌદ પૂર્વોનો ઉદ્ધાર અને
સકલ આગમોનો રહસ્યભૂત મંત્ર છે.

રાગ - દ્વેષનો વિરોધી અને સમતાનો પોષક મંત્ર છે.

(૨૪) 'નમામિ સવ્વ જિણાણં, ખમામિ સવ્વ જીવાણં ।' આજ પર્યંત થએલ સર્વ તીર્થંકરોને હું નમન કરું છું તથા ચૌદ રાજલોકમાં સ્થિત સર્વ જીવોને ખમાવું છું.

(૨૫) નવકાર વડે ત્રણ પ્રકારની ચેતના અર્થાત્ કર્મ, કર્મફળ અને જ્ઞાનચેતનાની વિશુદ્ધિ થાય છે. સુખ - દુઃખને ખમવાની, રાગ-દ્વેષને દમવાની અને જ્ઞાન - દર્શનને નમવાની પ્રક્રિયા નવકારથી સધાય છે. કર્મવિપાકચિંતનથી સુખ-દુઃખ ખમવાની શક્તિ આવે, શત્રુ - મિત્ર ઉભય ઉપર સમાન સદ્ભાવ રાખવાથી
રાગ-દ્વેષને દમવાની શક્તિ આવે છે.
'જ્ઞાન - દર્શન એ આત્માનો સ્વભાવ છે'
એમ વિચારવાથી તેને નમવાનો ભાવ પ્રગટે છે.

## તુલસીદાસના દોહા

રાત કી ભૂષણ ઇંદુ, દિન કી ભૂષણ ભાણ,
દાસ કી ભૂષણ ભક્તિ હૈ, ભક્તિ કી ભૂષણ જ્ઞાન...(૧)
જ્ઞાન કી ભૂષણ ધ્યાન હૈ, ધ્યાન કી ભૂષણ ત્યાગ,
ત્યાગ કો ભૂષણ શાંતિપદ, તુલસી અમલ અદાગ...(૨)
તુલસી યા સંસાર મેં, પંચ રત્ન હૈ સાર,
હરિભજન અરૂ સંતમિલન, દયા - દાન - ઉપકાર ...(૩)
સત્ય વચન ઔર દીનતા, પરસ્ત્રી માત સમાન,
ઇન કું વૈકુંઠ ન મલે, તો તુલસીદાસ જમાન. ...(૪)
કામ - ક્રોધ - મદ - લોભ કી, જબ લગ મન મેં ખાન,
કહા પંડિત, કહા મુરખ, સબ હી એક સમાન. ...(૫)
અનીતિ સેં ધન હોત હૈ, વર્ષ પાંચ કે સાત,
તુલસી દ્વાદશ વર્ષ મેં, જડા મૂલ સેં જાત. ...(૬)
ઓ ભાગ્ય કે અભાગ્ય રે, લેજો પ્રભુજીનું નામ જો.
મન વિનાના ચાલીએ રે, તો ય આવે છે કામ જો.
ભૂલથી સાકર ચાખીએ રે, તો ય મોં મીઠું થાય જો.
અંધારે અમૃત પીજીએ રે, તો ય અમર થવાય જો.
રામ રામ કરતાં ગુણકા રે, પહોંચ્યા પ્રભુજીને ધામ જો.
પુનિત કહે સૌ ચેતજો રે, આવ્યો મફતનો દાવ જો.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૫૦)**
જ્ઞાની પુરૂષોએ સર્વ શાસ્ત્રો સમતા માટે બનાવ્યા છે. તે જ સર્વ શાસ્ત્રોને જાણનાર છે, જેનું મન સદા શાન્ત છે.


**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૫૮)**
શાન્તાત્મા, અત્યંત રહસ્યમય, અચિન્ત્ય, અપ્રમેય, અનાદિ, અનંત એવા તમને નમસ્કાર થાઓ.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૯૭)**
'પચી જાય પછી ભોજન કરવું' એમ આત્રેય કહે છે. 'પ્રાણીઓની દયા કરવી' એમ કપિલ કહે છે. 'કોઈનો વિશ્વાસ કરવો નહીં' એમ બૃહસ્પતિ કહે છે. 'સ્ત્રી સાથે કોમળ વ્યવહાર રાખવો' એમ પાંચાલ કહે છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૨૩)**
પુરૂષાર્થ કરનારા ઉત્તમ પુરૂષને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. 'લક્ષ્મી ભાગ્યથી મળે' એમ અધમ પુરૂષો કહે છે. ભાગ્યને ગૌણ કરીને શક્તિ પ્રમાણે પુરૂષાર્થ કરવો. પ્રયત્ન કરવા છતાં જો કાર્યસિદ્ધિ ન થાય, તો શું દોષ? અર્થાત્ તો પુરૂષાર્થનો દોષ નથી.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૪૦)**
ચેતનામય, શાશ્વત, શાન્ત, વ્યોમાતીત, નિરંજન, નાદ-બિન્દુ-કલાતીત એવા શ્રી સદ્ગુરૂને નમસ્કાર થાઓ.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૫૬)**
ભૂમિ ઉપર શબની જેમ ચત્તાપાટ સૂઈ જવું, તે 'શવાસન' છે. તે થાકને હરનાર અને ચિત્તને સ્થિર કરવાનું કારણ છે. - ઘેરંડ સંહિતા



ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૮ - ૧૯૭૨ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# પંચ પરમેષ્ઠિ ધ્યાનના પાંચ કેન્દ્રો




ધ્યાન માટે દિશા, સ્થાન, આસન અને સમય
હંમેશા માટે નિશ્ચિત અને અખંડ રહે,
તો લાભ વધુ થાય છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in